॥ નમો નમઃ શ્રી પ્રેમસૂરયે ॥

# ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા

## (દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ)

## ઉપા. યશોવિજય કૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫

## ભાગ-૫૬

:: પ્રવચનકાર ::
ન્યાય વિશારદ,
સેંકડો ભવ્યાત્માઓના રાહબર
પ.પૂ. આચાર્ય શ્રી વિજય
ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા

::પ્રકાશક::
કુમારપાળભાઈ વી. શાહ
દિવ્યદર્શન ટ્રસ્ટ
૩૯, કલિકુંડ સોસાયટી,
કલિકુંડ-ધોળકા,
(અમદાવાદ)

સકલાગમરહસ્યવેદી પૂ.સ્વ. આચાર્યદેવ શ્રી વિજય દાનસૂરીશ્વરજી મહારાજના પટ્ટાલંકાર સિદ્ધાન્તમહોદધિ પૂ. આચાર્યદેવ શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજના વિદ્વાન શિષ્યરત્ન પૂ. મુનિરાજ શ્રી ભાનુવિજયજી મહારાજના મનનીય આર્હત્ પ્રવચનોનું પ્રકાશન એટલે...

**ભુવનભાનુ એન્સાઈક્લોપીડિયા (ભાગ-૫૬)**

**દિવ્ય-દર્શન પ્રવચન મહોદધિ**

**ઉપા. યશોવિજયકૃત ચોવિશી રહસ્યાર્થ ૮ થી ૧૫**

**:: શુભાશિષ ::**

તપાગચ્છ ભૂષણ સુવિશાલ ગચ્છાધિપતિ આચાર્ય
શ્રી વિજય જયઘોષસૂરીશ્વરજી મહારાજા

**:: પ્રેરક-માર્ગદર્શક ::**

સંઘ શાસન કૌશલ્યાધાર પ.પૂ. આચાર્ય શ્રી વિજય જયસુંદરસૂરીશ્વરજી મહારાજા

**:: સહાયક ::**

સરળ સ્વભાવી પ.પૂ.પં.શ્રી પદ્મસેનવિજયજી મ.સા.


**પ્રથમ આવૃત્તિ : ૨૫૦** **કિંમત : ૧૫૦/-**

**વિમોચન :** પોષ સુદ-૧૨, વિ.સં.૨૦૬૮, તા.૬-૧-૨૦૧૨, શુક્રવાર
ગુરુદેવ પૂ.આ.શ્રી ભુવનભાનુસૂરિ દીક્ષા દિન

**:: પ્રાપ્તિસ્થાન ::**

| દિવ્યદર્શન ટ્રસ્ટ | દિવ્યદર્શન ટ્રસ્ટ | શ્રી ભુવનભાનુસૂરિ જૈન જ્ઞાન શાળા |
|---|---|---|
| ૩૯, કલિકુંડ સોસાયટી, ધોળકા | ૨૯/૩૦, વાસૂપૂજ્ય બંગલો, સેટેલાઈટ, અમદાવાદ | ૩૬, જ્ઞાનમંદિર સોસાયટી, નવકાર જૈન દેરાસર સામે, વાસણા, અમદાવાદ-૩૮૦૦૦૭ |
| ડૉ. હેમંતભાઈ-અમદાવાદ (૦૭૯)-૨૬૬૩૦૦૦૬ | ડૉ. સંજયભાઈ-સુરત ૯૮૨૫૧ ૨૧૪૫૫ | મો. ૯૪૨૭૦ ૩૭૪૯૧ (રાહુલભાઈ) |

શ્રેયસ્કર અંધેરી ગુજરાતી જૈન સંઘ
૧૦૬, એસ.વી.રોડ, ઈર્લા-પાર્લા (વેસ્ટ)
ફોન : ૨૬૭૧૯૩૫૭

ટાઈપ સેટીંગ - મુદ્રક
જય જિનેન્દ્ર ગ્રાફીક્સ (નીતિન શાહ - જય જિનેન્દ્ર)
૩૦, સ્વાતિ સોસાયટી, સેન્ટ ઝેવીયર્સ હાઈસ્કુલ રોડ,
નવરંગપુરા, અમદાવાદ-૧૪. મો. ૯૮૨૫૦ ૨૪૨૦૪
ફોન : (ઓ) ૨૫૬૨ ૧૬૨૩ (ઘર) ૨૬૫૬ ૨૭૯૫
E-mail : jayjinendra90@yahoo.com

# શ્રી ચંદ્રપ્રભસ્વામિજિન સ્તવન-૮

ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ મનના માન્યા;
સેવા જાણો દાસની રે, દેજો પદ નિર્વાણ, મન માન્યા,
આવો આવો રે ચતુર સુખ ભોગી; કીજે વાત એકાંત અભોગી,
ગુણગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા...૧

ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ મનના માન્યા;
આપે ફળ જે અણ કહે રે, ગિરૂઓ સાહેબ તેહ; મનના ...૨
દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વધે મામ;
જલ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ...૩
પીયુ પીયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ રે;
એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ...આવો...૪
મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?
વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય, ...આવો...૫

## શ્રી ચંદ્રપ્રભસ્વામિજિન સ્તવન-વિવેચના-૮

**ચંદ્રપ્રભ જિન સાહિબા રે, તુમે છો ચતુર સુજાણ મનના માન્યા;**
**સેવા જાણો દાસની રે, દેજો પદ નિર્વાણ, મન માન્યા,**
**આવો આવો રે ચતુર સુખ ભોગી; કીજે વાત એકાંત અભોગી,**
**ગુણગોઠે પ્રગટે પ્રેમ, મનના માન્યા...૧**

**ભાવાર્થ :** હે મારા સાહેબ ચન્દ્રપ્રભજિન ! આપ ચતુર છો, સુજાણ છો અને મને મનમાન્યા (મનગમતા) પ્રિય છો. આપ દાસે કરેલી સેવા જાણો છો, તેથી નિર્વાણપદ-મોક્ષપદ આપશો. હે ચતુર ! હે સુખભોગી ! હે અભોગી ! આવો આવો, આપણે એકાંતે વાત કરીએ; કારણ કે આપના ગુણની ગોષ્ટિ કરવાથી પ્રેમ પ્રગટે છે.

**વિવેચન :** કવિ કહે છે, 'હે જિનેન્દ્રદેવ ચંદ્રપ્રભસ્વામિ સાહેબા ! આપ ગુણસંપન્ન નામવાળા છો, કેમકે આપ ચંદ્રના જેવી શીતળ અને ઉજ્જવળ પ્રભાવાળા

છો.' અહીં પ્રભુના બે ગુણ લીધા-

**(૧) પ્રભુની પ્રભા શીતળ છે,** એટલે ઠંડક આપે છે. જેમ ચંદ્ર પોતાના કિરણથી શીતળતા આપે છે, તે ચંદ્રપ્રભસ્વામિ પોતાના નામ, દર્શન, સ્મરણ અને વાણીથી શીતળતા આપે છે. સામાન્યથી જિનનામ, જિનનું દર્શન, જિનનું સ્મરણ અને જિનની વાણી એ કષાયોના તાપ મિટાવી શીતળતા આપે છે. માટે આ જ કવિએ અન્ય સ્તવનમાં ગાયું છે કે,

**"શીતળતા ગુણે હોડ કરત તુમ ચંદન કહાં બિચારા;**
**નામે હિ તુમ તાપ હરત હો, વાંકું ઘસત ઘસારા."**

આપના શીતલતાના ગુણની સાથે બિચારું ચંદન ક્યાં હરિફાઈ કરી શકે ? ચંદનને શીતળતા આપવા ઘસાવું પડે છે, ત્યારે આપ નામમાત્રથી તાપ હરનારા છો.

ચંદ્રની પ્રભા શીતળ, તે સંતપ્ત હૃદયને ઠારનારી છે, તેમ ભગવાનની અરિહંતપણાની જ્યોતિ પણ અરિહંત પ્રેમીને ઠારનારી છે; કેમકે અરિહંતનું નામમાત્ર લેતાં એને વિશ્વાસ છે કે પાપોના ગંજનો નાશ થાય છે. ભગવાન જેમ નામનિક્ષેપાથી શીતળતા આપે છે, તેમ સ્થાપના નિક્ષેપે અર્થાત્ આકૃતિ યાને વીતરાગપણાની મૂર્તિ પણ શીતળતા આપે છે; એમ દ્રવ્યનિક્ષેપે યાને વિચરતા પ્રભુ અને ભાવનિક્ષેપે યાને દેશના દેતા પ્રભુ જગતને ઠારે છે. ચારેય નિક્ષેપે પ્રભુ શીતળ છે, એટલે કષાયથી પીડિત જીવોને ઉપશમ ભાવ આપીને શાતા આપનારા બને છે. હવે બીજી વાત-જેમ ચંદ્રપ્રભસ્વામિ ભગવાન ચંદ્રપ્રભા જેવા શીતળ છે, તેમ

**(૨) પ્રભુ ચંદ્ર જેવા ઉજ્જવળ પણ છે.** ઉજ્જવળ પ્રભાથી પ્રભુ સેવકના મોહ-અજ્ઞાનભરી અંધારી રાત જેવા દિલમાં જ્ઞાન પ્રકાશ રેલાવે છે. મોહના અંધકારમાં અથડાતા જીવને વસ્તુના ગુણદોષની ખબર નથી હોતી, અને તેથી જ દુઃખી થાય છે. 'પ્રશમરતિ' શાસ્ત્રમાં લખ્યું છે કે,

'दुःखद्विट् सुखलिप्सुः' मोहान्धत्वात् अदृष्टगुणदोषः ।
यां यां करोति चेष्टां, तया तया दुःखमादत्ते ॥'

જીવ દુઃખનો દ્વેષી ને સુખનો ઇચ્છુક છતાં વસ્તુના ગુણદોષનો જાણ નહિ હોવાથી જે જે ચેષ્ટા જીવ સુખ માટે કરે છે, એમાંથી જ એ દુઃખ જ મેળવે છે ! દા.ત. સુખ માટે ધનાર્જનની પ્રવૃત્તિ કરે છે, પરંતુ ધન અને વેપારના ગુણદોષની ખબર નહિ હોવાથી પોતાની પ્રવૃત્તિથી પોતે જ દુઃખ પામે છે. એમ જીવ મોહથી આંધળો હોવાથી ઇન્દ્રિયોના વિષયો પાછળ સુખ મળવાની આશાએ દોડે છે, પરંતુ અંતે સુખના બદલે ભારે દુઃખ પામે છે. ધન અને વિષયોમાં અંતે દુઃખ છે, પરંતુ મોહના અંધાપાથી એ દુઃખ દેખી શકતો નથી, તેથી ધન અને વિષયોમાં સુખ

મળવાનું માની દોડે એમાં અંતે દુઃખ જ પામે ને ? જુઓ,

**મમ્મણે** સાવ સોનાનો બળદ તે પણ રત્ને જડેલો ! એવો બળદ ઊભો કરેલો, પરંતુ એનું સુખ કેટલું ભોગવી શક્યો ? કશું જ નહિ; માત્ર એનાં દર્શનનું સુખ; બાકી તો ધન વધુ ન ખર્ચાઈ જાય માટે એ તેલ ને ચોળા ખાતો, બાકી તો એ બળદ પૂરો બે શિંગડાવાળો બનાવવા, 'લાકડું ક્યાં સસ્તુ મળે છે, ક્યાં મફતિયું મળે છે, તે લાવીને વેચી નાણાં ઊભા કરું' એ લાલસામાં દોડાદોડ કરતો, જાણો છો ને, નદીના ઘોડાપૂરમાં લાકડાં તણાઈ જતા લેવા માટે પોતડી પહેરીને નદીમાં પડ્યો હતો ! તરતાં આવડતું હતું તે એક લાકડું આમ તણાય, તો બીજું બીજી બાજુ તણાતું હોય, તે લેવા તરતો તરતો ઘડીમાં આમ દોડે, ઘડીમાં તેમ દોડે ! શું આ સુખ ભોગવી રહ્યો છે ? ના, મહાદુઃખ, એટલે તો રાજા શ્રેણિકે એનું દુઃખ ટાળવા બોલાવી પૂછે છે,

'તું બહુ દુઃખી લાગે છે. એટલે તો આવા તોફાની ઘોડાપૂરમાં જાનના જોખમે પડ્યો છે. બોલ તારે શું જોઈએ છે ?'

ત્યાં મમ્મણે શું માગ્યું ? રતનના બળદનું એક બાકી રહેલ શિંગડું પૂરું કરવાનું માંગ્યું ! આમાં એટલા બધા અઢળક ધનથી શું સુખ ભોગવવાની વાત છે ? ના, જ્ઞાનીઓ કહે છે, ધનમાં ક્યાંય સુખ નથી.

**'અર્થાનામ્ અર્જને દુઃખમ્, અર્જિતાનાં ચ રક્ષણે,**
**આયે દુઃખં વ્યયે દુઃખં, ધિગર્થમનર્થભાજનમ્.'**

પૈસા મેળવવામાં કષ્ટ, મેળવેલાને સાચવવામાં કષ્ટ-દુઃખ, પૈસાની આવક કરવામાં ય કષ્ટ-દુઃખ અને પૈસા ખરચાઈ જાય નષ્ટ થઈ જાય એમાં ય દુઃખ ! છેલ્લે છેલ્લે પૈસા મરતાં મૂકવા પડે, એનું ભારે દુઃખ ! ધિક્કાર હો અનેક અનર્થોના ભાજનરૂપ અર્થને !

મમ્મણનો દાખલો કોક ગણો તો ય આજે સૌને જાત-અનુભવની વાત છે કે પૈસા કમાવવામાં ને સાચવવામાં કેટલી વીશીએ સો થાય છે, દુઃખના ને કષ્ટનાં પોટલાં છે. ત્યારે વિષયોમાં સુખ ક્યાં છે ? પુણ્યના ઉદયે બહુ રૂપાળી પત્ની મળી હોય, તો ય એને રાજી રાખવા કેટકેટલી ગુલામી ! અને કેટલાંય કષ્ટ ઉઠાવવા પડે છે ને ? એમ, મેડી-મહેલાતનાં ને મોટરના સુખ નિશ્ચિતપણે ભોગવવાનું ક્યાં છે ? એમાં સત્તર જાતની દુઃખની રામાયણ ઊભી થાય છે. એવું ખાન-પાનાદિના સુખ પણ અલ્પકાળ અને આગળ પાછળ દુઃખ-કષ્ટનાં પોટલાં ભારે દેખાય છે ! ને કેટકેટલી જાતનાં રોગો ય થાય છે ! હાલતાં ને ચાલતાં ગેસ ને શરદી ! પિત્ત ને બાદી... ! આ બધામાં વિષયોમાં સુખ ક્યાં રહ્યું ? અનંત અનંત કાળ જીવ

ખાનપાન પાછળ ઘેલો રહ્યો છતાં તૃપ્તિ નથી ! એમાં જ સુખ માની એ માટે પ્રવૃત્તિ કરી દુઃખોને નોતરે છે.

ત્યારે ત્યાં ચંદ્રના જેવી ઉજ્જવળ પ્રભાવાળા ચંદ્રપ્રભસ્વામિ સાચા સુખની પ્રાપ્તિના અને દુઃખના નાશના એવા ઉપાય પ્રકાશે છે કે એનો આદર કરતાં જીવ પરમાર્થિક સાચું સુખ પામી શકે છે. એટલે એમ કહેવાય કે જીવ જો આ પ્રભુનો પ્રકાશ નથી ગ્રહણ કરતો, તો એવો અભાગીયો જીવ મોહની અંધારી રાત્રિમાં અથડાય છે ત્યારે પ્રકાશ આપનારા આતમનું અજવાળું કરનારા ભગવાન અહીં આવી મળ્યા છે તો પછી શા સારુ આત્માનું અજવાળું (જ્ઞાન) મૂકી જડના અંધારામાં અથડાવું ?

**એ ભગવાન ત્રણ રીતે અજવાળું કરનારા છે,**

(૧) સ્વરૂપથી, (૨) વાણીથી અને (૩) દર્શનથી.

**(૧) સ્વરૂપથી :** ભગવાનના સ્વરૂપની વિચારણા કરવાથી અજવાળું થાય છે. **શય્યંભવસૂરિ** આ રીતે બુઝ્યા હતા. ગુરુ પ્રભવસ્વામીએ એમને બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા- એ ત્રણેનું સ્વરૂપ સમજાવેલું. એમાં પરમાત્માનું સ્વરૂપ જાણી એમને એની લાલચ લાગી. દિલમાં અજવાળું થયું, તો હવે પોતાનું પરમાત્મસ્વરૂપ પ્રગટ કરવા એમણે ત્યાં જ ચારિત્રમાર્ગ ગ્રહણ કરેલ ! એમ બ્રાહ્મણ પુરોહિત હરિભદ્રને જૈન સાધ્વીઓની પ્રશાંત ચર્યા-સાધના તથા એમના ગુરુણીનો આચાર્ય પ્રત્યેનો વિનયભાવ જોઈ, પોતાના મિથ્યાત્વનો કેફ મોળો પડ્યો; તો હવે જે જિનમૂર્તિની પહેલાં હાંસી કરી હતી એ જ મૂર્તિમાં એમને વીતરાગ પરમાત્માસ્વરૂપ દેખાયું અને એ પ્રભુએ એમનામાં અજવાળું કર્યું, એ પ્રભુના વીતરાગ સ્વરૂપે અજવાળું કર્યું.

**(૨) ભગવાનની વાણીનું** આલંબન કરે, તો પણ અજવાળું થાય છે. ભગવાનની વાણી જીવ અજીવ આદિ નવતત્ત્વને કહેનારી અને સ્યાદ્વાદાદિ સિદ્ધાંતને કહેનારી છે. એમાં ભગવાનની વાણી જીવોની ઓળખ કરાવનારી છે, કે જીવો કયા કયાં ? તેમજ જીવોને કયા કયા શસ્ત્રો લાગે ? અને કેવી રીતે એ શસ્ત્રોને રોકી જીવરક્ષા થાય ? વળી જીવને પોતાને શસ્ત્રરૂપ બનનારા છે ઈન્દ્રિયોના વિષયો; ને એની રાગ-આસક્તિ, તેમજ કષાયો બને છે શસ્ત્રરૂપ. આ બધું શસ્ત્રરૂપ છે. એ રોકવા ત્યાગમાર્ગ, વિરતિમાર્ગ ઉપાય છે. ભગવાન થકી જીવોને પ્રકાશ દ્વારા કર્મબંધના કારણભૂત આશ્રવ, ને કર્મ અટકાયતનાં સાધનભૂત સંવરનું જ્ઞાન થાય છે. એથી દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ મોક્ષમાર્ગમાં પ્રવૃત્તિ થાય છે. આ ઉપકાર ભગવાનની વાણીનો છે. ભગવાનની વાણીએ રોહિણિયા ચોરના જીવનમાં અજવાળું પાથર્યું જીવનનો

અંધકાર નાશ પામ્યો. આમ જિનવાણીથી મોહાંધકાર નાશ પામે છે. વળી

**(૩) ભગવાનનાં દર્શનથી** પણ મોહાંધકાર નાશ પામે અને કલ્યાણ થાય. **આર્દ્રકુમારને** અભયકુમારે મોકલેલી અરિહંત પ્રતિમાનાં દર્શનથી મોહાંધકાર નષ્ટ થયેલો. **શય્યંભવને** પણ પહેલાં યજ્ઞસ્તંભની નીચે દાટેલી જિનમૂર્તિનાં દર્શનથી મોહ-મિથ્યાજ્ઞાન નષ્ટ થયેલ. ચંદ્રપ્રભજિનની ચંદ્ર જેવી પ્રભા, પણ આ લોકોત્તર પ્રભા મળવાનું આપણું સૌભાગ્ય છે.

**'હે પ્રભુ ! આપ ચતુર સુજાણ છો'** આપ સુજાણ એટલે કે ભણેલાની સાથે ગણેલા પણ છો. ભણેલાનો ઉપયોગ કરનારા છો. એમ સુજાણ સાથે ચતુર પણ છો. એટલે કે લોકાલોકની જાણકારીનો યોગ્ય વિનિયોગ કરવામાં ચતુર છો. સમસ્ત લોકાલોકના સમસ્ત જીવો અને પુદ્ગલોના ભાવોના સારી રીતે જાણનારા છો, એટલે મારા પણ સુખ-દુ:ખને જાણનારા છો. વળી આપ ચતુર સુજાણ છો; એટલે આપ જેમ જીવોના હિતના જાણકાર છો, તેમ મારા હિતના પણ જાણકાર છો. આમ પ્રભુ ! જ્યારે આપ ચતુર સુજાણ છો, મારા પણ હિતને જાણો છો, તો મને વિશ્વાસ છે કે આપ મારા પણ હિતને કરશો. વળી હે પ્રભુ ! આપની જાણકારીનો આ પ્રભાવ છે કે આવા જાણકાર આપનું ક્ષણવાર પણ એ સ્વરૂપે ધ્યાન કરનારને મહોદય થવામાં આપ નિમિત્ત બનો છો. કહ્યું છે- **'ધ્યાતસ્ત્વં યૈઃ ક્ષણં વાપિ, સિદ્ધિસ્તેષાં મહોદયા.'**

અરિહંતને ક્ષણવાર ધ્યાતાં મોટી સિદ્ધિ થાય છે, તે વિષયમાં **મરુદેવામાતાનું** દૃષ્ટાંત છે. મરુદેવામાતા પહેલાં તો દીક્ષા લઈને ઘરમાંથી નીકળી ગયેલા દીકરા ઋષભની પાછળ ઝૂરતા હતા, રોતા હતા. કેટલું રોયા ? એક હજાર વર્ષ રોતા બેઠા ! આંસુ લુંછવા સમય નથી, લુંછે તો બીજા આંસુ ચાલુ છે. રાતના સૂવે તો આંસુ આંખ પર સુકાઈ જાય છે. એમ ને એમ આંખે પડલ આવી ગયા ! દેખવાનું બંધ છે. કઈ માતા દીકરા પાછળ આવું રોનારી મળે ? એ તો એક મરુદેવા માતા કે જે હજાર વર્ષ રોયા... ! એ તો વળી ઋષભદેવનાં સમવસરણ પાસે આવતાં કાને દેવદુંદુભિ સાંભળી એમને હર્ષના આંસુ રેલાયા, એથી આંખનાં પડલ ધોવાયા અને ઋષભની સમૃદ્ધિ જોઈને હરખાયા. પણ ઋષભ મને બોલાવતો નથી ? એમ એમના મનને બહુ દુ:ખ થયું. કવિ કહે છે,

**માતાને નવિ બોલાયા રે, માડી મન બહુ દુ:ખ પાયા રે,**
**એ તો વીતરાગ નિ:સ્નેહી રે, ગયા બંધન પ્રેમ વિછોહી રે...**

આમ બહુ દુ:ખ થયું પરંતુ ત્યાં ગાંઠ ન વાળી કે જે ઋષભની પાછળ એક હજાર વરસ રોઈ રોઈને મેં આંખો ગુમાવેલી ! તે હવે હું એની સામે આવી છું

છતાં મને હેં મને બોલાવતો નથી ? તો ચાલો ઘેર પાછા, ના, એમ ગાંઠ ન વાળી. માતા સરળ દિલના હતા, તેથી ગાંઠ ન વાળતાં આ વિચાર કર્યો કે 'મને જો એણે બોલાવવી હોત, તો ૧ હજાર વર્ષ મને છોડીને વનમાં રખડવા શું કામ જાત ? મારી પાસે જ ન બેસી રહેત ? કિન્તુ એ વીતરાગ છે, રાગ સ્નેહ વિનાના છે, તેથી શું કામ બોલાવે ? એટલે મારો પણ સ્નેહ-પ્રેમ ખોટો છે...' આ વિચારે મરુદેવામાતા નિઃસંગ અનાસક્ત ભાવમાં ચડ્યા ને ત્યાં કેવલી થયા ! વીતરાગ પ્રભુના ક્ષણવાર ધ્યાને મરુદેવામાતા વીતરાગ બન્યા પછીથી મોક્ષમાં ગયા. આ ક્ષણવારના ધ્યાને મહાસિદ્ધિ મહાઉદય પામ્યા.

હે ચંદ્રપ્રભજિન સાહેબા ! તમે ચતુર સુજાણ છો, એટલું જ નહિ પણ મારા મનના માન્યા છો, મનના માનિતા છો, મને મનગમતા છો; કેમકે મારે મારા આત્મામાં શીતલતા અને પ્રકાશ જોઈએ છે અને તે આપની પાસેથી મળે એમ છે; કારણ કે આપ એના ભંડાર છો. ઈતર દેવી-દેવતાથી આ કાંઈ સીઝે નહિ, તેથી મારા મનને એ શાના રુચે ? ઈતર દેવ તો વિમાનમાં ય આવે જાય, પણ પ્રભુ આપ ! વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા બન્યા પછી દેવતાની પાલખીમાં ન બેઠા, પરંતુ પરોપકાર અને સ્વ-સંયમ ખાતર પૃથ્વીતલ ઉપર વિચર્યા ! આવા પ્રભુ કેમ મનમાન્યા પ્રભુ ન બને ?

ઋષભદેવ ભગવાનને લાખ પૂર્વ જેટલા વર્ષો કેવલીપણાનો કાળ ! છતાં એવો જંગી કાળ પણ પ્રભુ પૃથ્વી પર પગે ચાલીને વિચર્યા ! પણ ભરતને ઘેર જઈ બેઠા નહિ કે 'લે ભરત ! હવે મારે સાધનાકાળ પૂરો થયો તો હવે આયુષ્ય પૂર્ણાહૂતિ અને મોક્ષ પ્રાપ્તિ સુધી અહીં બેઠો.' ના, એક લાખ પૂર્વવર્ષ સુધી પ્રભુ વિચરતા જ રહ્યા, વિચરતા જ રહ્યા. જગત પર દર્શન-વંદન-ઉપદેશ-રત્નત્રયી માર્ગ આપવાનો ઉપકાર કરતા જ રહ્યા, કરતા જ રહ્યા ! આવા કેઈ ગુણોને કારણે હે પ્રભુ ! **આપ અમારા મનનાં માન્યા છો.** અમારા મનને મનગમતા છો, મનના માનિતા છો.

**'મનના માન્યા કેમ ?' એની બીજી રીતે વિચારણા :**

અથવા, હે ચંદ્રપ્રભજિન સાહિબા ! મારા 'મનના માન્યા' મનના માનીતા તમે એટલા માટે છો કે તમે ચતુર સુજાણ છો, એટલે 'મારા આત્માના કેવા કેવા દરદ છે, ને એના નિવારણના કયા કયા ઉપાય છે' એને સારી રીતે જાણો છો, વળી પાછા ચતુર છો એટલે આવા સારા જાણકાર છતાં તમે મારા એ દરદ, મારી એ નબળાઈઓ બીજાની આગળ કહેતા નથી, કહીને મને હલકો પાડતા નથી. એટલા બધા તમે સુજાણ છતાં ચતુર છો; મને અને એમ બીજાને સારી રીતે

ઓળખતા છતાં સામાનો સદ્ભાવ કેમ બન્યો રહે એવું કરવામાં હોશિયાર છો. મને અને બીજાને તમારા પ્રત્યેનો સદ્ભાવ બન્યો રહે, એવી ગંભીરતા દાખવનારા છો. તેથી મારા મનના માન્યા માનીતા છો, મારા મનને તમે અતિપ્રિય છો. વાત પણ સાચી છે, કેમકે ભગવાન અનંતજ્ઞાની છે, જગતના અણુ-અણુના અને એકેએક જીવના અનંત અનંત કાળના સર્વ ભાવોના સમસ્ત પર્યાયોના જ્ઞાતા છે, પ્રત્યક્ષદ્રષ્ટા છે. એ મારા એકના દિલના ગુપ્ત દરદ, ગુપ્ત નબળાઈઓ કેમ ન જાણતા હોય ? અવશ્ય જાણનારા છે, છતાં પ્રભુની દેશનાભૂમિ યાને સમવસરણમાં બેઠેલા એકેએકના ગુપ્ત દોષોને બહાર પ્રકાશતા નથી કે 'આ ફલાણો જીવ આવા આવા ગુપ્ત દોષોવાળો છે, ને ઉપરથી હું નિર્દોષ છું એવો દેખાવ રાખ્યા કરે છે.' પ્રભુ સ્પષ્ટ જાણે છે કે 'આ અમુક શ્રોતાઓ અમુકના ધનની ચોરી કરીને અમુક સ્થાને તે ધન દબાવ્યું છૂપાવ્યું છે. એમ આ અમુક જીવ એના અમુક સગા-સ્નેહીની સ્ત્રી-પરસ્ત્રી સાથે કામના સંબંધ જોડેલા છે; ને પાછો દેખાવ સદાચારીનો રાખે છે,... આવું આવું સ્પષ્ટ જાણવા છતાં પ્રભુ કોઈનો એવો દોષ બહાર પ્રકાશતા નથી; અગર ખુદ એને પણ જાણ થવા દેતા નથી કે 'હું તારો એ દોષ જાણું છું.' આવી પ્રભુ આપની ગંભીરતા છે, એ આપની ચતુરાઈ છે, શાણપણ છે.

**ક્યાં પ્રભુની પારાવાર ગંભીરતા ? ક્યાં આપણી ક્ષુદ્રતા ? :**

જોવાની ખૂબી છે કે પ્રભુ ! કેઈના કેટલાય પ્રકારના સર્વ ગુપ્ત દોષોના જાણકાર છતાં ચતુર ગંભીર રહી પોતાની જાણકારીની બીજાને ખબર નથી પડવા દેતા ! ત્યારે આપણને કોઈનો એક દોષ જાણવા મળ્યો. તો એની નિંદા દ્વારા જગતને એની જાણ કરવા જોઈએ છે ! કેવીક આપણી ક્ષુદ્રતા ? આમ નિંદા કરવામાં આપણી ચતુરાઈ ગણાય કે મૂર્ખાઈ ગણાય ? શું પરદોષને જગતની આગળ ગાવામાં હોશિયારી છે ? કે મૂર્ખતા છે ? દુનિયાની એક સુશીલ પત્નીમાં આટલી હોશિયારી હોય છે કે પતિના ગુપ્ત દોષને જાણવા છતાં બીજાની આગળ એ ગાતી નથી, પ્રગટ નથી કરતી દા.ત. મળવા આવેલી રૂપાળી સખીની સામે પતિ વાતની વચમાં વચમાં આંખ મટકાં મારી લેતો હોય, દૃષ્ટિ નાખી દેતો હોય, એવી પતિની પરસ્ત્રી લંપટતા પોતે જાણવા છતાં બહાર ગાશે નહિ કે 'મારો પતિ આવો પરરૂપલંપટ છે.' એટલી એની ગંભીરતા હોય છે. છતાં આ આશ્ચર્ય છે કે પાછી એ જ સ્ત્રી બીજા પુરુષોની નિંદા કરવામાં શૂરવીર હોય છે !

**નિંદાનું કારણ પ્રિયતાની ખામી :**

**પ્રશ્ન :** કેમ આવો તફાવત કે પોતાના પતિના દોષોની બીજા આગળ નિંદા નહિ કરે ? અને બીજાના દોષોની નિંદા કરતી હોય છે ?

**ઉત્તર :** કહો, એણે પતિને પોતાના સર્વેસર્વા પ્રિય માન્યા છે, સર્વેસર્વા જીવનસાથી માન્યા છે, અનુપમ અમેય સંસારસુખના દાતા માન્યા છે, એટલે એના દોષો બહાર ગાવાનું એને મનમાં સ્ફુરતું જ નથી એટલે હવે સમજાશે કે બીજાના દોષ ગાવાનું કેમ સ્ફુરે છે ? આ જ કારણ છે કે આપણે બીજાને સર્વેસર્વા પ્રિય માન્યા નથી; પછી ભલેને પોતાનો સગો બાપ હોય કે સગો ભાઈ હોય, એ સર્વેસર્વા પ્રિય માન્યા નથી, તેથી મોકો આવ્યે એનાય દોષ બીજા આગળ ગાવાનું કરાય છે. માટે જ પત્ની પોતાના અતિપ્રિય પતિને પોતાની ક્ષુદ્રતાને લીધે પોતાના બાપના દોષ કહેતી હોય છે ! ને વર્ષો ગયા પછી પોતાની માનેલી અતિપ્રિય સખી આગળ ભલું હોય તો પતિના ય દોષ કહ્યા વિના નહિ રહે, બાકી તો જુઓ કે માતાએ પોતાના અતિ પ્રિય માનેલા પુત્રના દોષ ક્યાં બહાર ગાય છે ?

એટલે જ સમજાશે કે આપણે બીજાનો દોષ બહાર ગાવામાં બીજાની હલકાઈ પ્રગટ કરવામાં કેમ દોઢડાહ્યા બનીએ છીએ ? કહો, એ આપણને ભલે પ્રિય હોય, પરંતુ સર્વેસર્વા પ્રિય નથી. નહિતર સુશીલ પત્નીને પતિની અને માતાને અતિપ્રિય પુત્રની હલકાઈ ગાવાનું જેમ નથી આવડતું, એમ આપણને, બીજાઓ જો અતિપ્રિય હોય તો, કેમ જ એની હલકાઈ ગાવાનું મન થાય ? આ ઉપરથી સમજાશે કે,

**પ્રશ્ન :** પ્રભુ જીવોનું ઘણું ઘણું ગુપ્ત જાણનારા છતાં કેમ બહાર એની હલકાઈ નથી ગાતા ?

**ઉત્તર :** કહો, પ્રભુને જીવો સર્વેસર્વા પ્રિય છે અતિશય પ્રિય છે એમાંથી અભવી પણ બાદ નહિ, તેથી તો પ્રભુ પૂર્વના ત્રીજા ભવે જગતના જીવમાત્ર માટે આ ચિંતવે છે કે 'કેમ આ બિચારા જીવોને કર્મ પિશાચની વિટંબણામાંથી ઉગારું !' આ જોતાં આપણને પ્રભુને કહેવાનું મન થાય કે,

'પ્રભુ ! તમારી કેટલી બધી ચતુર સુજાણતા ! કેટલી બધી વિવેકભરી જ્ઞાનદશા ! કેટલી બધી વડાઈ ! કે આપ મને નખશીખ ઓળખવા છતાં, આપ મારા સર્વેસર્વા દોષોના જાણકાર છતાં, આપ એને બહાર બીજા આગળ પ્રકાશતા નથી ! એ સૂચવે છે કે 'હે નાથ ! હું આપને સર્વેસર્વા પ્રિય છું, અતિશય પ્રિય છું. અહોહો ! કઈ મારી લાયકાત પર પ્રભુ ! આપ મારા પર પ્રેમ રાખો ? મને પ્રિય અતિપ્રિય કરો ?

**બસ, બસ, આ આપ મને અતિપ્રિય કરી રાખો છો, તેથી જ મારા મનના માન્યા છો,** મારા મનના માનીતા છો એટલે જ હું વિનંતિ કરું છું કે-

**" સેવા જાણો દાસની રે, દેશો પદ નિરવાણ."**

હે મારા નાથ ! આપ આ દાસની સેવાને જાણો છો અર્થાત્ આપ જાણો

છો કે આ તમારો સેવક તમારી સેવા કરી રહ્યો છે, તેથી સેવાના ફળમાં દાસને કૃપા કરીને નિર્વાણપદ-મોક્ષપદ આપશો.

કવિ અહીં મોક્ષપદ સેવા કર્યા વિના અર્થાત્ હક વિના નથી માગતા કિન્તુ સેવા કરીને હકથી માગે છે. નોકર શેઠની મહિનો સેવા કરીને પછી જેમ પગાર હકથી માગે, એમ અહીં કવિ પ્રભુની સેવા કરીને પછી નિર્વાણ હકથી માગે છે.

**પ્રશ્ન :** વ્યવહારમાં તો શાણો શેઠ મહિનો થાય એટલે વગર માગ્યે પગાર આપી દે છે, નોકરે માગવો પડતો નથી. તો અહીં કેમ પ્રભુ પાસે ફળ માગવું પડે છે ?

**ઉત્તર :** વ્યવહારમાં પણ નોકરને બહુ મોટી રકમ જોઈતી હોય તો માગવી જ પડે છે, એમ અહીં 'નિર્વાણ' એ બહુ મોટું ફળ હોવાથી સેવકે પ્રભુ પાસે માગવું જ પડે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૬,તા.૧૪-૩-૧૯૮૭

ત્યારે એક પ્રશ્ન એવો થાય કે,

**પ્રશ્ન :** ખેર, મોટું ફળ ભલે માગવું પડે, પરંતુ એમ જો વીતરાગ પ્રભુ પાસે માગ્યાથી પ્રભુ ફળ દેતા હોય, તો તો એનો અર્થ એ, કે 'પ્રભુ પાસે માગો તો પ્રભુ રીઝે છે ને ફળ દે છે, ન માગો તો પ્રભુ રીઝતા નથી ને દેતા નથી,' આમ પ્રભુમાં વીતરાગતા નહિ રહે, તેનું કેમ ?

**ઉત્તર :** અહીં સમજવાનું છે કે વીતરાગ પ્રભુ પાસે માગણી-પ્રાર્થના, એ ખરેખર તો પ્રાર્થના નથી, પરંતુ પ્રાર્થના કરનારના પોતાના દિલની તીવ્ર આશંસા છે, તીવ્ર ઇચ્છા છે, કે 'મારે આ ફળ જોઈએ છે.' એટલા માટે ચૈત્યવંદન સૂત્રોની વિવેચનારૂપ શ્રી **'લલિતવિસ્તરા'** શાસ્ત્રમાં 'ચઉવીસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ' 'ધમ્મો વડ્ઢઉ...ધમ્મુત્તરં વડ્ઢઉ'ની વિવેચના લખતાં શ્રી હરિભદ્રસૂરિજી મહારાજે આ પ્રશ્ન ઉઠાવ્યો છે કે 'જો તીર્થંકરો પ્રસન્ન થતા હોય તો એ પ્રભુ પ્રસન્નતાવાળા રાગવાળા ઠર્યા ! પછી એમનામાં વીતરાગતા શી રીતે ?' આમ પ્રશ્ન થાય, એના સમાધાનમાં લખ્યું કે 'વીતરાગ રીઝતા નથી કે રોષાયમાન થતા નથી; પરંતુ એમની આગળ **પ્રાર્થના કરનારની પ્રાર્થના એના પોતાના દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર ઇચ્છા-આશંસા સૂચવે છે.** તો પૂછો:

**પ્રશ્ન :** શું વસ્તુની ઇચ્છા-આશંસા કરવાથી વસ્તુ મળે ?

**ઉત્તર :** હા, વસ્તુની તીવ્ર ઇચ્છા-આશંસા એ બીજ-અંકુર છે, લખ્યું છે કે,

**'बीजं सत्प्रशंसादि, चिन्तादिस्यात् तदांकुरम्'**

કોઈપણ ગુણ કે ધર્મ પાકરૂપે નીપજાવવા માટે એની સમ્યક્ પ્રશંસા-આકર્ષણ-અહોભાવ એ બીજ છે; અને એ બીજ હૈયામાં વવાય એના પર અંકુરરૂપે એની ચિંતા આશંસા-અભિલાષા થાય. પછી ક્રમશઃ એનું શાસ્ત્ર-શ્રવણ, પ્રવૃત્તિ... વગેરેથી આગળ વધતાં એના પર અંતે પાકરૂપે ફળરૂપે તે તે ગુણ કે ધર્મ નીપજે.

આમ આ ફળ-પાકના મૂળમાં પ્રશંસા-આશંસા વગેરે પડેલા છે; માટે કહેવાય કે તીવ્ર આશંસાથી અંતે વસ્તુની સિદ્ધિ થાય. વીતરાગની આગળ પ્રાર્થના-વચન એ ખરેખર તો આશંસા-વચન છે, એટલે આશંસાથી જ યાને પ્રાર્થનાથી જ ઈષ્ટસિદ્ધિ થાય. માટે લખ્યું **'પ્રાર્થનાતઃ એવ ઈષ્ટસિદ્ધિઃ'**

બસ, આ હિસાબે અહીં ચંદ્રપ્રભજિન સાહેબા આગળ સેવાના ફળની માગણી-પ્રાર્થના એ ખરેખર તો સેવકના દિલની એ વસ્તુ માટેની તીવ્ર ઈચ્છા આશંસા વ્યક્ત કરાય છે. પછી સવાલ નથી રહેતો કે 'વીતરાગ પાસે માગવામાં વીતરાગની વીતરાગતા નહિ હણાય ? ના, અહીં પ્રભુ પાસે ખરેખર માગતા નથી, કિન્તુ પોતાના દિલની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરે છે કે 'મારે આ જોઈએ છે' એટલે જ.

'જયવીયરાય' સૂત્ર બોલતાં આ જોવાનું છે કે માગણીમાં આપણે બોલી તો નાખ્યું કે- ''હે પ્રભુ તમારા પ્રભાવથી મારે ભવનિર્વેદ હો,' પરંતુ હૈયાને ખરેખર પૂછો, કે- 'શું ભવનિર્વેદની તને તીવ્ર ઈચ્છા છે ?

'શું ખરેખર તારે ભવનિર્વેદ જોઈએ છે ને તું પ્રભુ પાસે એ માગે છે ? કે તારા અંતરમાં ભવનિર્વેદની એવી કશી તીવ્ર તમન્નાં જ નથી, ને માત્ર રટી જાય છે કે પ્રભુ મને ભવનિર્વેદ આપો ?'

**પ્રાર્થના કરીએ ને પ્રાર્થિત વસ્તુની તીવ્ર તમન્ના જ ન હોય, તો એ સાચી પ્રાર્થના નથી, પણ માત્ર પોપટપાઠ છે, અર્થાત્ ગણધર-વચન પોપટની જેમ સમજ્યા વિના માત્ર રટી કાઢવાનું રાખ્યું છે !**

સારાંશ, પ્રાર્થના કરવાની, તે દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર ઈચ્છા-આશંસા-તમન્ના રાખીને કરવાની. આ હિસાબે કવિ અહીં દિલમાં નિર્વાણની તીવ્ર આશંસા રાખીને પ્રભુને પ્રાર્થના કરે છે કે,

**''સેવા જાણો દાસની રે, દેશો પદ નિર્વાણ.''**

સેવા શી ? સીધું નિર્વાણ કેમ માગ્યું ?

પ્રભુ ! હું આપની સેવામાં લાગ્યો છું માટે આપ મારી સેવાની કદર કરો. ઉદાર શ્રીમંત માણસ ગરીબ નોકરની સેવાની કદર કરે છે, તે હે પ્રભુ ! તમે મારી સેવાની કદર કરો. મારી ગરીબી ટાળો. મારે નિર્વાણની શ્રીમંતાઈ જોઈએ છે, માટે દાસની સેવા આપ મન પર લો, કદાચ આપ મને પૂછો :

**પ્રશ્ન :** તેં સેવા શી કરવાની રાખી છે ?

**ઉત્તર :** (૧) આપનો જ મેં આશરો રાખ્યો છે. આપ અરિહંત સિવાય બીજા કોઈ દેવ મને ગમતા નથી, ખપતા નથી. આપ સિવાય મેં બીજાનો આશરો રાખ્યો નથી, મારે કોઈ પણ આફત હોય, તો મારે આધાર તમારો, પરભવે મારી સદ્ગતિ તમારા જ આશરે. (૨) બીજી સેવા મારે એ, કે "હું દર્શન કરું તો આપનું, સ્મરણ-રટણ કરું તો આપનું, આજ્ઞા માનું તો આપની જ... અરિહંતનું જ શરણ મેં લીધું છે. કેમકે આપ અરિહંતના પ્રભાવ પર મને અથાગ શ્રદ્ધા છે. બધી જ વાતમાં મને આપના અચિંત્ય પ્રભાવ પર શ્રદ્ધા છે."

સેવા એટલે ઉપાસના. 'ઉપ = (પ્રભુની નિકટ) નિકટ,'આસના' = રહેવું. એમના માર્ગે, એમણે ચિંધ્યા માર્ગે ચાલ્યા કરવું એ પ્રભુની સેવા ઉપાસના કહેવાય. અરિહંતની સાચી ઉપાસના અર્હત્-વચનને અનુસાર જીવન જીવવું તે.

"પ્રભુ ! હું આપની સેવા કરું છું, ઉપાસના કરું છું, માટે જ સેવાના બદલામાં સેવાના ફળમાં આપ મને દેશો પદ નિર્વાણ. કૃપા કરીને નિર્વાણ પદ આપજો.

**સીધું નિર્વાણ જે કેમ માગ્યું ? કારણ :**

**પ્રશ્ન :** અહીં પ્રશ્ન એ થાય છે કે સેવાના બદલામાં સેવકે એકદમ સીધું છેલ્લું નિર્વાણ પદ જ કેમ માગ્યું ?

**ઉત્તર :** વાત એ છે કે, (૧) નિર્વાણની માગણીમાં બધું જ માગી લીધું છે. આ પેલા આંધળાની માગણી જેવું છે. એક અંધ ભિખારીએ દેવના એક જ માગણીના વરદાનમાં એક માગણીમાં અવાંતર બધી જરૂરિયાત માગી લીધી. વળી (૨) સેવકે અન્ય દેવોને અશરણ માની એમને ઉવેખીને વીતરાગ અરિહંતને જ સર્વેસર્વા માન્યા છે, તેમ વિષયોને અશરણ માની અરિહંતને જ શરણભૂત માન્યા છે, તે પણ અરિહંત બનવા માટે, ભગવાનને ભજીએ ને ભગવાન ન બનાય તો શું કામનું ? (૩) બાકી ભગવાનના અદ્ભુત ગુણોથી આકર્ષાઈને સેવક તેમની સેવામાં જોડાયેલો છે, તેથી હવે તેને અરિહંતના ગુણો પામવા ઘેલું લાગ્યું છે, અને સંસાર વિષયોથી ઊભગ્યો છે. એના પરનો મોહ ઉતારવાની તાલાવેલી લાગી છે. માટે જ ભક્તને અરિહંતના સચ્ચિદાનંદમય અરૂપીપણાના ગુણની અને નિરપેક્ષ સુખની મમતા જોઈએ છે; એટલે સીધું નિર્વાણપદ માગ્યું.

નિર્વાણ એટલા માટે માગ્યું કે,

(૪) (૧)ભવભ્રમણાની કાયમી આપદાનો અંત આવે; (૨) સ્વયં પાપજીવનનો અને બીજાને દુઃખ દેવાના જીવનનો અંત આવે.

(૫) વળી સીધું નિર્વાણ એટલા માટે માગ્યું કે જો નિર્વાણ નજર સામે ને

નજર સામે રહે, તો નિર્વાણના ગુણો દા.ત. વીતરાગતા, અનાહારિતા, વિષય-અસંગ, ઉપશમ, ઉદાસીનતા... વગેરે માટે પ્રયત્ન ચાલુ રહે. મનને એમ થાય કે 'અંતે મારે વીતરાગ થવું છે, તો શા માટે હાલ રાગાદિને પોષું ? અંતે અનાહારી થવું છે તો શા સારુ અત્યારે આહારનો લંપટ થાઉં ?' તાત્પર્ય, નિર્વાણ પદમાં બધા ગુણની પરાકાષ્ઠા છે, તેથી એ માગવામાં બધું મંગાઈ જાય છે.

(૬) 'નિર્વાણ' દીવો ઓલવાય એને કહે છે. નિર્વાણપદ એટલે સમસ્ત રાગાદિની આગની શાંતિનું સ્થાન. રાગાદિની આગ બુઝાઈ જાય તો નિર્વાણ કહેવાય. **જેને મન એક અરિહંત જ આધાર, તેનામાં બધી રાગની આગ બુઝાઈ વીતરાગ બનવાની લાયકાત ઊભી થાય છે.**

(૭) નિર્વાણ માગ્યું તે અરિહંતમાં જ ખોવાઈ જવા ધ્યાન કરું પ્રાર્થના, સેવા, સ્તુતિ જે કાંઈ કરું તે... યાવત્ આજ્ઞા પણ અરિહંતની જ માન્ય કરું. એ જ આજ્ઞા ઉઠાવું; એટલે કે મારી બધી જ દૃષ્ટિ વીતરાગ અરિહંતમાં જ કેન્દ્રિત થઈ જાય આ લાયકાત પર, આ સેવા પર, નિર્વાણપદ સેવકને જોઈએ છે.

(૮) વળી નિર્વાણપદ એટલા માટે માગ્યું કે મોક્ષપદની આગળ અહીં કવિએ બીજા બધા પદને મામૂલી ગણી કાઢ્યા, કેમકે મોટું ઈન્દ્રપદ મળે તો પણ તે ખોવાઈ જવાનું છે, એટલે એ બેકાર છે, માટે જ અંતિમ નિર્વાણપદ ભગવાન પાસે માગ્યું.

(૯) વળી સેવાનું ફળ સીધું નિર્વાણ એટલા માટે માગ્યું કે સારી **સેવા અને સાધના પોતાના આત્મા માટે કરવાની છે,** તે ત્યારે જ સારી થાય કે જો આત્માનું મૂળ સ્વરૂપ આપણી નજર સામે હોય, આત્માનું મૂળ સ્વરૂપ અનંતજ્ઞાનમય છે અને અરૂપી છે, 'મારે જ્ઞાનમય અરૂપીપદમાં જવાનું છે; આ ઉદ્દેશ લક્ષમાં રાખીને આપણે ભગવાનની સેવા કરવાની છે, ને સેવાના બદલામાં અરૂપીપદ માગવાનું છે, નહિ કે સેવાના બદલામાં પૈસાદિ માગવાના. કેમકે આ બધા ક્ષણવારના ચટકા છે ક્ષણિક ચાળા છે; માટે મારે તો અરૂપી સ્વરૂપને પ્રગટ કરવા માટે જ સેવા-સાધના બધું કરવાનું છે.' માટે જ કવિ આ માગ્યું 'મને દેજો પદ નિર્વાણ' મને નિર્વાણપદ આપજો.

કવિએ નિર્વાણપદ માગ્યા પછી જોયું કે 'વિષયોનો રસિયો અને તેથી જ બહારમાં ભટકતો મારો જીવ પ્રભુ સાથે એકાકાર ક્યાંથી થવાનો ? એ તો મનમાંથી વિષયો કાઢી નાખે અને એ માટે પ્રભુને મનમાં વસાવે, તો જ પ્રભુનાં આલંબને દુન્યવી વિષયો ભૂલે અને પછી પ્રભુ સાથે અંતરમાં ગડમથલ કરી શકે. તેથી હવે પ્રભુને વિનંતિ.

**"આવો આવો ચતુર સુખભોગી"**

હે ચતુર સુખભોગી પ્રભુ ! મારા મનમાં આવો, પધારો, મારા મનમાં આપના આવવાથી બીજા ત્રીજા લફરાં ને કચરા મારા મનમાંથી નીકળી જશે. એમ મારા મનમાંથી કચરા સાફ થઈ જાય, કચરાનો નિકાલ થઈ જાય, તો મારે ઘણી ઘણી શાંતિ થઈ જાય. પ્રભુ ! હું આપને જ મારા મનમાં પધારવા આગ્રહ એટલા માટે કરું છું કે આપ સુખભોગી છો, ને તે પણ ચતુર સુખભોગી છો. સુખભોગી ચતુર યાને શાણો એનું નામ કે જે પોતાના અતિપ્રિયને પણ સુખભોગી બનાવે. એટલે જ મને વિશ્વાસ છે કે આપ મને પણ સુખભોગી બનાવશો. પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** મોક્ષમાં સુખનાં કશાં સાધન તો છે નહિ, તો પછી મોક્ષે પધારેલા પ્રભુ સુખભોગી શી રીતે ?

**ઉત્તર :** સુખનાં સાધનોથી સુખ અનુભવાય એ સાધનને સાપેક્ષ સુખ કહેવાય, સાધનની ગુલામીવાળું સુખ કહેવાય.

**સંસારનાં સુખ એવાં છે,- સાધન સલામત તો સુખ સલામત. સાધન ઉડ્યું કે સુખ ઉડ્યું.**

ત્યારે મોક્ષનું સુખ તો સાધન-નિરપેક્ષ હોય છે, એ આત્માનું સ્વાભાવિક સુખ હોય છે. દા.ત., દૂધમાં મિઠાશ સાકર-સાપેક્ષ હોય છે, પરંતુ સાકરમાં મિઠાશ સ્વાભાવિક હોય છે. આત્મામાં એનું સુખ સ્વાભાવિક છે પરંતુ તે અષ્ટ કર્મના આવરણથી દબાયેલું છે; જ્યારે એ આવરણ સંપૂર્ણ નષ્ટ થઈ જાય ત્યારે એ સ્વાભાવિક અનંતસુખ પ્રગટ થાય છે. જ્યાં સુધી આવરણના લીધે એ દબાયેલું રહે છે ત્યાંસુધી બાહ્ય સાધન જે ઇંદ્રિય-વિષયો, એના દ્વારા કૃત્રિમ ક્ષણિક સુખ ઊભું થાય છે. પરંતુ આવું સાધન-સાપેક્ષ સુખ તકલાદી હોય છે, ઝાંઝવાના નીર જેવું મિથ્યા હોય છે; તેથી કેટલીકવાર સાધન ઊભું છતાંય સુખ નષ્ટ થાય છે. દા.ત. પેંડા ખાતાં સુખ થાય છે, પરંતુ તે મર્યાદિત જ પેંડા ખાતા સુખ; પછી હદથી વધારે ખાવા જાય તો સુખ લોપ ! પછી ઉબકા આવે, પેટ ચડે, ઊલટી જેવું થાય,... સુખ નષ્ટ ! માટે **સાચું અમરસુખ તો વિષયનિરપેક્ષ સહજ આત્મસુખ.** એ સુખના ભોગી પ્રભુ છે, તેથી પ્રભુ 'ચતુર સુખભોગી' છે.

એવા પ્રભુને આપણા દિલમાં આવવા માટે આમંત્રીએ છીએ કે,

**"આવો આવો રે ચતુર સુખભોગી ! કીજે વાત એકાંતે અભોગી !"**

માત્ર 'સુખભોગી' નહિ, પણ ચતુર સુખભોગી. **'ચતુર સુખભોગી' તે, કે જે નિરપેક્ષ સ્વાધીન અનંત સુખના જ ચાહક અને એ જ સુખના ભોગી હોય.** વિષયસાપેક્ષ અને ઝાંઝવાના નીર જેવા વિષયોના કૃત્રિમ ક્ષણિક સુખના ચાહક

અને એના જે ભોગી હોય તે તો મૂર્ખ છે. તેથી કવિ પ્રભુને કહે છે 'માટે હે ચતુર પ્રભુ ! તમે એવા મૂર્ખ વિષયસુખરંગી નથી કિન્તુ હે ચતુર સુખભોગી ! તમે મારા મનમાં આવો, જરૂર આવો. ભગવાન નિરપેક્ષ સુખના આપ ભોગી છો. મોક્ષમાં જે સુખ છે તે વિષયનિરપેક્ષ છે, વિષયોથી પર છે. સંસારના સુખો વિષયને સાપેક્ષ છે, જે પરિણામે ય અનંત દુઃખદાયી છે, ને અહીં પણ દુઃખદાયી છે; કારણ કે સુખનું સાધન જો સંયોગ બદલાય, તો દુઃખ આપનારું બને છે. અનંત સુખવાળા ભગવાનને દિલમાં વસાવીએ તો ભગવાનના અનંતસુખની ઝાંખી આપણને જોવા મળે. મનને લાગે કે 'સુખ માટે જ બધી અપેક્ષા ખોટી છે. ભગવાન જે અપેક્ષા વગરનું સુખ ભોગવે છે, એ જ સાચું સુખ છે.

ભગવાને સુખ માટે સાધનની અપેક્ષા ખોટી કરેલી, એટલા માટે તો ચારિત્ર લઈને પ્રભુએ, કાયિક સુખ માટે જે અપેક્ષાઓ રહે છે, તે બધી પડતી મૂકેલી. દા.ત., (૧) ધ્યાન બેઠા રહીને કરીએ તો આરામથી થાય. એ બેઠા રહેવાની અપેક્ષા પડતી મૂકીને, પ્રભુ ખડા ને ખડા જ કાઉસ્સગ્ગ ધ્યાને રહેતા ! વળી દા.ત., (૨) પાત્રામાં ગોચરી લેવાની હોય તો જુદા જુદા અનેક ઘરોમાં ફરવાથી પાત્રામાં અનેક જાતની વસ્તુ લઈ શકાય. પણ પ્રભુએ માત્ર કરપાત્રીપણું રાખીને પાત્રાની અને અનેક વસ્તુ વહોરવા વાપરવાની અપેક્ષા જ છોડી. એમ દા.ત., (૩) વસ્ત્ર રાખ્યા હોય તો ઠંડીમાં શરીરને ઠંડી રોકાઈ હુંફ લાગે. પરંતુ પ્રભુએ આ અપેક્ષા ય છોડી નિર્વસ્ત્ર જ રહ્યા ! અરે ! એટલું જ નહિ, પણ આગળ વધીને. (૪) નિર્વસ્ત્ર શરીરે મચ્છર ઉરાડવા ન હાથ હલાવવાનો ! કે ન ત્યાંથી ખસી જવાનું ! એમ ડાંસ-મચ્છરના પરીસહ સહ્યા પણ વસ્ત્રાદિની અપેક્ષા રાખી નહિ : કેમકે પ્રભુએ ચારિત્ર લેતાં સમજી રાખ્યું છે કે કાયાના ઝાંઝવાના નીર જેવા કૃત્રિમ ક્ષણિક સુખ ખાતર સાધનોની અપેક્ષા રાખવી ખોટી. એટલે જ પ્રભુને નિરપેક્ષ સુખનો રંગ લાગેલો. પછી ક્ષણિક કાયિક સુખની શું કામ પરવા કરે ? શું કામ પરીસહોથી પાછા હટે ? આવો જ કોઈક રંગ સ્થૂલભદ્રજીને લાગ્યો હશે તો જ રૂપાળી કોશા અને મંત્રીમુદ્રિકાને છોડી ચારિત્ર લે છે ! આ જ વિચાર કે, "જો મત્રીમુદ્રિકા લઉં તો કોશાના ૨૪ કલાકના સુખ જાય તો પછી જો આ સંસારમાં બેઠો રહું તો મોક્ષના અનંત સુખ ન મળે. મારે મોક્ષના સુખ જોઈએ છે માટે આ સંસારના સુખ છોડું."

સ્થૂલભદ્રજીએ કેવી સુંદર વિચારણા કરી કે મોક્ષનાં સ્વાધીન અનંત સુખ આગળ વેશ્યાના સુખ સનેપાતના ચાળા છે, એમાં આત્માની વિટંબણા છે. એ સુખની મથામણ એ દારૂ પીધેલા ગાંડાના ખેલ છે !'

કોણ આ સ્થૂલભદ્રજી ! એમણે એકવાર વેશ્યાના સુખ રંગવિલાસ... બધું જ માણ્યું છે, છતાં 'મોક્ષની યાદમાં' અવસર આવ્યે એક ક્ષણમાં જ ત્યાગ કર્યું ! વેશ્યા છોડી સંસાર છોડ્યો, સાધુ બન્યા કારણ કે તેમના દિલમાં મોક્ષના સુખની યાદ આવી. યાદ શી રીતે ? શું પહેલાં એનો અનુભવ કરેલો ? હા, પૂર્વ ભવે મોક્ષસુખ માટે આરાધના કરી હોય એટલે એની તમન્નારૂપે એનો અનુભવ હોય. આગળ જતાં સ્થૂલભદ્ર મુનિએ તે વેશ્યાનેજ પ્રતિબોધ કર્યો ! વેશ્યાને શ્રાવિકા બનાવી ! આગળ જતાં જ્ઞાન એવું ભણ્યા કે અલ્પ સમયમાં ૧૪ પૂર્વ ભણ્યા ! આ બધું મોક્ષના અનંતા નિરપેક્ષ સુખ પાછળ ઘેલા બનવાના હિસાબે બન્યું.

કવિ કહે છે, પ્રભુ ! આપ ચતુર છો, સ્વયં નિરપેક્ષ અનંત સુખના સ્વામી બની, એ સુખના ભોગી બન્યા છો. ઉપરાંત સેવકને પણ એ સુખના માલિક બનાવો છો, માટે આપ ચતુર છો, કદરદાન છો. નેમ-રાજુલ બન્નેમાં નેમનાથે આ ચતુરાઈ કરી. રાજુલને પરણવાના બહાને આવી પછી તોરણથી રથ પાછો વાળી રાજુલને જગાડી.

**"રાજીમતિશું પૂર્વ ભવની, પ્રીત ભલી પરે પાળી,**
**પાણી ગ્રહણ સંકેતે આવી, તોરણથી રથ વાળી;**
**અબળા સાથે નેહ ન જોડ્યો, એ પણ ધન્ય કહાણી."**

શું આ નેમનાથ પ્રભુની ચતુરાઈ નથી ?

**પ્રશ્ન :** શું આને ઠગબાજી ન કહેવાય ?

**ઉત્તર :** ના. કેમકે રાજુલે પછીથી નક્કી કર્યું છે,

**"જો વિવાહ અવસરે નવિ દીયો રે, હાથ ઉપર નવિ હાથ મેરે લાલ;**
**દીક્ષા અવસરે દિજીએરે લાલ, શિર ઉપર જગનાથ મેરે લાલ."**

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૮,તા.૨૮-૩-૧૯૮૭

આમ નક્કી કરી એણે પ્રભુ પાસે જઈ આનંદથી દીક્ષા લીધી છે. અને અંતે મોક્ષમાં ગયા, તો એક બીજાને અનંત સુખના માલિક સુખના ભોક્તા તરીકે જુએ છે. રાજુલે નેમનાથ સાથેના સંસારસુખની લાલસા છોડી, તો મોક્ષના અનંત સુખ પામ્યા. જગતના **સુખોની બાદબાકી થઈ જાય ત્યારે મોક્ષના અનંત સુખ મળે.** ફરસાણના સુખનો સ્વાદ લેવો હોય તો મીઠાઈના કોળિયાને ગળી જવો પડે, તેમ સંસારના સુખ છોડ્યે મોક્ષ મળે.

**આવો આવો...કીજે વાત એકાંતે અભોગી.**

આવો આવો બે વાર બોલાય એ વિપ્સા પ્રયોગ છે. એનો અર્થ આપ વારંવાર અમારા દિલમાં પધારો અને એકાંતમાં વાત કરો.

**પ્રશ્ન :** શું વિનંતિ કરીએ તો ભગવાન આપણા દિલમાં આવે ?

**ઉત્તર :** હા, લાવવા હોય તો આવે. રસ્તામાં કે સભામાં રૂપાળી રમણી જોઈ હોય, પછી તમારી વગર વિનંતિએ પણ એ તમારા દિલમાં આવે છે ને ? ક્યાં સુધી ? ઘરે પહોંચો અને બીજા કામમાં ન લાગો ત્યાં સુધી ! તો પ્રભુને જોયા પછી વિનંતિથી દિલમાં પ્રભુ ન આવે ?

'હે પ્રભુ ! આપ સુખભોગી છતાં અભોગી છો, પૌદ્‌ગલિક સુખના સાધનોનો ભોગ-ઉપભોગ નહિ કરનારા, એનો આનંદ નહિ લેનારા છો. તેથી જ આપ વૈભવયુક્ત ચાંદી-સુવર્ણ-રત્નના સમવસરણમાં બેસો છે અને બેઠા પછી એ જ ચાંદી સોનાની અને રત્નની ઝાટકણી કાઢી તેને છોડવા જેવું કહો છો;

'આમ પ્રભુ ! આપ 'સુખભોગી ય છો અને 'અભોગી ય' છો. કહો અભોગી ભગવાને પૌદ્‌ગલિક ભોગ ભોગવવાના રાખ્યા નથી, તેથી જ સુખી છે, અનંત સુખના ભોગી છે.

**કીજે વાત એકાંતે :** કવિ પ્રભુને કહે છે 'પ્રભુ ! મારા દિલમાં આવો અને એકાંતમાં વાત કરો, એકાંતમાં વાત સારી રીતે થઈ શકે. તો આપ એકાંતમાં મારા દિલમાં પધારી મને મારા છૂપા દોષો બતાવી, સારી હિતશિક્ષા આપો. આપ મને કહો કે, **"આટલા ઊંચા મનુષ્ય જન્મમાં હલકા નીચ કીડા-મકોડા જેવા ધંધા તું શું કરી રહ્યો છે ?"** આવું બધું કહેવા માટે ભગવાન ! આપ હકદાર છો; કેમકે આપે સ્વયં એવું સર્વોચ્ચ જીવન જીવ્યું છે. અહીં પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** શું પ્રભુ આપણી સાથે એકાંતમાં વાત કરે ?

**ઉત્તર :** હા, પ્રભુ સાથે આપણને વાત કરતાં આવડે તો પ્રભુ આપણી સાથે વાત કરે છે એમ લાગે. જેમકે, પ્રભુદર્શન વખતે આપણે તો પ્રભુને જોઈએ છીએ, પણ પ્રભુ આપણને જુએ છે ખરા ? હા, આપણે પ્રભુની આંખ સામે જોઈ આપણે પ્રભુને વિનંતિ કરીએ, કે 'પ્રભુ ! તમે મારા સામું જુઓ, એમ કહેતાં કહેતાં આપણે એ ધ્યાન રાખીએ કે 'પ્રભુ મારા સામે જુએ છે,' તો જરૂર આપણને લાગે કે પ્રભુ આપણા સામે જુએ છે, પ્રભુની કૃપાનજર આપણા પર પડે છે. બસ, એ રીતે અંતરમાં પ્રભુને ધારી પ્રભુને આપણે વિનંતિ કરીએ કે 'પ્રભુ ! મારી સાથે વાત કરો. હું કર્મપીડિત છું, મારામાં અનંત દોષો છે, અનંત રાગાદિના રોગો છે. આપ જેવા અનંતગુણી અને રાગાદિ રોગરહિત મને મળ્યા પછી પણ મારામાં એ પાર વિનાના રાગાદિ રોગો પડ્યા રહે ? મારું પ્રભુ ! વૈદું કરો.' આમ વિનંતિ

કરતાં પછી લાગે કે પ્રભુ આપણી સાથે વાત કરે છે, આપણને કંઈક કહે છે. માત્ર અંતરમાં પ્રભુને આમ બોલતાં ધારતાં આવડવું જોઈએ.

**પ્રશ્ન :** આમાં એકાંતમાં વાત કેવી રીતે ?

**ઉત્તર :** 'એકાંતમાં' એટલે અંતર્ગત રીતે. આપણા અંતરમાં પ્રભુ બોલે એ કાંઈ બીજાને ખબર ન પડે; માટે એ એકાંતમાં વાત ગણાય.

આમ પ્રભુ સાથે એકાંતમાં વાત કરતાં કરતાં પ્રભુના **ગુણ ગોઠે પ્રગટે પ્રેમ** : પ્રભુને કહીએ કે આપની સાથેની વાતચીતમાં અમને આપના મહાન ગુણો જણાય અને એ ગુણો અમને ગોઠી જાય, ફાવી જાય. તો આપના પર અમને પ્રેમ પ્રગટે. ગુણવાન માણસ સાથે વાતચીત કરતાં આમ બને છે કે પહેલા આપણને ક્ષમા, દયા આદિ ગુણમાં ગોઠતું નહોતું તે હવે ગોઠવા માંડે છે. ને ગુણ-ગુણી પર પ્રેમ પ્રગટે છે. મહાવીર સ્વામીના સ્તવનમાં કહ્યું ને ? **'એમ અમે તુમ ગુણે ગોઠશું, રંગે રાચ્યા ને વળી માચ્યા રે'** પ્રભુ ! અમે તમારા ગુણોમાં ગોઠશું, એનો એવો અમને રંગ ચડશે, કે એ રંગે તમારા ગુણોમાં અને તમારામાં પ્રેમથી રાચ્યા-માચ્યા રહીશું. એટલે પહેલાં ગુણોમાં ગોઠી જાય ફાવી જાય, પછી એ ગુણગુણવાન પર પ્રેમ પ્રગટે છે અથવા **ગુણ ગોઠે પ્રગટે પ્રેમ એટલે** ભગવાનની સાથે ગુણની ગોષ્ઠી કરવાથી ગુણોની વાતચીત કરવાથી આપણામાં 'પ્રગટે પ્રેમ' અર્થાત્ ગુણોનો આપણામાં પ્રેમ પ્રગટે છે. વ્યવહારમાં આવું બને છે. ગુણિયલના ગુણની વાતચીત કરતાં ગુણ પર પ્રેમ ઊભો થાય છે. એકવાર પ્રવચનમાં **ગુણસેન** અને **અગ્નિશર્મા**ની વાત કહી, ગુણસેનની ક્ષમા વર્ણવી એનો ઉદય બતાવ્યો. અગ્નિશર્માનો ગુસ્સો અને ફળમાં અનંતસંસાર વ્યાખ્યાન પૂરું થયા બાદ એક સ્થાનકવાસી ભાઈ આવીને કહે-સાહેબ ! મને તો ગુસ્સો બહુ આવે, હું ઘરનો વડેરો છું શેરબજારમાં મારું કાર્ડ ચાલે છે, છોકરો હોશિયાર છે તે પાકિસ્તાન કરાંચી જઈ વેપાર કરી આવે છે, કોલાબા પર મારો બંગલો છે, ઘરના બધા મારી અદબ બહુ જાળવે છે. એટલે જરાક કોઈની કાંક ભૂલ થતાં મારો પિત્તો ખસી જાય છે. મારે ક્રોધ બહુ કરવા જોઈએ છે, તો ગુરુજી જો ક્રોધથી અગ્નિશર્માને અનંત સંસાર તો ક્રોધથી મારું શું થશે ? કૃપા કરીને મારો ક્રોધ છોડાવો, મને ક્રોધ ન કરવાની બાધા જ આપી દો. 'મેં કહ્યું, ક્રોધ તો મનની વસ્તુ છે એ કાંઈક અનિષ્ટ બનતાં મનમાં એકાએક સ્ફુરી આવે ત્યાં બાધા શી રીતે પળશે ?

એ ભાઈ કહે તો સાહેબ ! મારે શું ક્રોધમાં ને ક્રોધમાં જ મરવું ?

મેં કહ્યું, 'ના. તમે એમ કરો, ક્રોધ બહાર પ્રગટ થઈ જાય તો અમુક દંડ ભરવો એવું રાખો' એમણે સીધો ઉપવાસનો જ દંડ રાખ્યો. મેં કહ્યું તમારે ગુસ્સાનો

સ્વભાવ છે તો કેટલા ઉપવાસ ભરશો ?

મને કહે ગુરુજી એમાં શું છે ? બે-ચાર ઉપવાસ ભરવા પડશે તો ક્રોધ ભુલાઈ જશે ! એમણે નિયમ લીધો અને પછી એકવાર ક્રોધ થઈ ગયો તો ઉપવાસ ભર્યો પણ પછી એની સુરકી એવી ચાલી; વાતે વાતે મનને થતું કે 'જીવડા ! ધ્યાન રાખજે, જો ક્રોધ કર્યો છે તો ઉપવાસ પડશે. એમાં વળી એકાદવાર ક્રોધ થઈ ગયો તો ઉપવાસ ભર્યો એવા ત્રણ-ચાર ઉપવાસ ભર્યા અને પછી તો લાઈન ક્લીયર, ક્રોધ બંધ થઈ ગયો.

ક્રોધ પર કાબુ આવી ગયો. આ કોને થાય ? જેણે ગુણિયલના ગુણની ગોષ્ઠી કરી એને. એમ ભગવાનનો ક્ષમાગુણ જાણ્યો ને ક્રોધ ખોટો લાગ્યો એને ગુણ ગોઠે પ્રગટે પ્રેમ. ભગવાન પર અને ભગવાનનાં ક્ષમાગુણ પર પ્રેમ જાગ્રત થાય, તેવાને એમ થાય કે 'શું મારે ક્રોધ કરી કરી મરવું ? હવે ક્ષમા જ કેળવવા દે. આ વિચારે ક્રોધ દૂર કરી શકાય.

પ્રભુગુણની ગોષ્ઠી કરવાથી-વાત કરવાથી હૈયામાં પ્રેમ આવે છે તે આ કે... 'હે પ્રભુ ! આપ અનંત સુખના ભોગી છો પણ ચતુર સુખભોગી છો. 'ચતુર' એટલે (૧) સેવકના દુ:ખ સમજવામાં, (૨) સેવકની તીવ્ર ઈચ્છા સમજવામાં, (૩) સેવકની શક્તિ સમજવામાં, (૪) સેવકના સંયોગ સમજવામાં આપ ચતુર છો તેમજ હે પ્રભુ ! (૫) આપને બીજાના પણ સુખનો વિચાર છે, સ્વયં પોતાના જ સુખનો વિચાર કરે તે સ્વાર્થી એટલે 'મૂર્ખ' કહેવાય, 'ચતુર' ન કહેવાય. જેમકે મૂર્ખ સુખભોગી બાદશાહ માત્ર પોતાના સુખને જોતો પ્રજાના સુખ તરફ દુર્લક્ષ કરતો હતો. તેથી પ્રજા એને મૂર્ખ સમજતી, પ્રજામાં એની તેવી લોકપ્રિયતા નહોતી. પ્રજાને સુખી કરવાની શક્તિ અને સામગ્રી છતાં પ્રજાના સુખનો વિચાર ન કરે એ શું ચતુરાઈ છે ?

### બેગમમુખો બાદશાહ :

એક બાદશાહ મહેલમાં જ રાતદિવસ બેગમનું મોઢું જોતો પડ્યો રહેતો. દિવાન ડાહ્યો હતો, એ બાદશાહને પ્રજા તરફથી વિનંતિ ઘણી કરે કે 'બાદશાહ નામદાર ! આપ સવારીએ નીકળો અને રાજ્યસભામાં પધારો અમને આપના દર્શન થાય અને આપ અમારા સુખ-દુ:ખની વાત સાંભળો, ને આપના દિલમાં લો;' ત્યારે રાજાને બેગમના પ્યારમાં બહાર નીકળવું નથી, તેથી દિવાનને કહે 'તમે હોશિયાર છો. તમે જ બધું કામકાજ સંભાળો.' દિવાન ઘણું ઘણું સમજાવે છતાં રાજા બહાર જ નીકળતો નથી. એમાં એક પંડિતે બદાશાહને ઠેકાણે લાવવા માટે પ્રધાનને પોતે એક કિમિયો કરવાની વાત કરી. દિવાને સગવડ કરી, એટલે એણે

રાજાને મળવાનું ગોઠવ્યું...

રાજાના મહેલ પાસે જઈ રાજાને કહેવડાવ્યું કે, 'તમારા સાઢુભાઈ આવ્યા છે, તે તમને મળવા ઈચ્છે છે'. રાજા વિચારે છે, 'અરે ? મારો સાઢુભાઈ' ? બેગમને પૂછે, તારે કોઈ બેન તો નથી, તો પછી મારે સાઢુભાઈ શી રીતે' ? પંડિતને મહેલની અંદર રાજાએ બોલાવ્યો, મુલાકાત આપી. રાજા પૂછે, 'તમે મારા સાઢુભાઈ શી રીતે ?

**પંડિતનો કિમિયો :**

પંડિત કહે, ''ખુદાની બે દીકરી છે, એક શ્રીમંતાઈ, બીજી ગરીબી. શ્રીમંતાઈ તમને પરણાવી; ગરીબી મને પરણાવી. તેથી આપણે બંને સાઢુભાઈ. આ સાઢુભાઈના નાતે તમને બહાર શું ચાલે છે તે કહેવા આવ્યો છું. બહારમાં આખી પ્રજા તમને ઝંખી રહી છે, તમારા માટે કેટલા લારા કરે છે, તમારા દર્શનને તલસે છે. તમે બહાર આવો ને પ્રજાને દર્શન આપો; તેમજ એના સુખ-દુઃખને સાંભળો, એના પર વિચાર કરો. બેગમ સાહેબના પ્રેમમાં પ્રજાને ન ભુલાય.

**બેગમસાહેબ કાંઈ સર્વેસર્વા નથી, પ્રજા સર્વેસર્વા છે.**

**બેગમ છે તેથી કાંઈ તમે રાજા નથી, પણ પ્રજા છે તો તમે રાજા છો.**

પ્રજા બિચારી તમારા દર્શન વિના દુઃખી છે, પીડાય છે; ત્યારે તમે મહેલમાં આરામ કરો છો ! આમ તમારું સારું નથી દેખાતું. મારા બાદશાહનું શું બહારમાં હલકું દેખાય ?''

- એમ બોલતાં બોલતાં એ રડી પડ્યો. રાજા પીગળી ગયો. પ્રજાને દર્શન આપવા અને પ્રજાના સુખ-દુઃખ સાંભળવા તૈયાર થઈ ગયો. એણે કહ્યું 'તમારી વાત બરાબર છે. જાઓ દિવાનને કહો, હું રાજસભામાં આવું છું'. બસ, પાસો પોબાર. એ પંડિત ઉપડ્યો દિવાન પાસે, જઈને દિવાનને કહે છે, ''દિવાન સાહેબ ! ખુશ ખબર !''

દિવાન આશ્ચર્ય પામી કહે, ''શું વાત કરે છે ?''

પંડિત કહે, ''હાજી, મહેનત સફળ ! બાદશાહ સમજી ગયા છે અને પોતે રાજસભામાં આવે છે', - એમ તમને જણાવવા મને કહ્યું છે.'' દિવાને એને મોટું ઈનામ આપ્યું અને રાજાને લેવા જવા મોટું સામૈયું ચડાવ્યું. સામૈયા સાથે જ્યારે બાદશાહ નગરના રસ્તાઓ પરથી આવે છે, ત્યારે પ્રજા જોવા ઊમટી છે, અને 'જય હો ! જય હો ! નામદાર જહાંપનાહનો !... 'ધન્ય ધન્ય બાદશાહ પરવરદિગારને !' વગેરેના ગગનભેદી નાદ ગુંજી રહ્યા છે. પછી રાજસભામાં પહોંચી બાદશાહ જ્યાં કહે છે, 'આજે મારે સોનેરી દિવસ છે કે તમો સૌનાં મને

દર્શન મળ્યાં' ! બસ પછી તો બાદશાહ બેગમને ગૌણ કરી પ્રજાને મુખ્ય કરનારો બન્યો, પરદુઃખ ભંજન બન્યો. હવે એ ચતુર સુખભોગી કહેવાય. પહેલાં હતો એ મૂર્ખ સુખભોગી, જે માત્ર પોતાનું જ સુખ જોતો હતો.

પ્રભુ ચતુર સુખભોગી છે. એમને આપણે વિનંતિ કરીએ છીએ કે,

**"આવો આવો ચતુર સુખભોગી ! કીજે વાત એકાંતે અભોગી !**
**ગુણ ગોઠે પ્રગટે પ્રેમ."**

પ્રભુના ગુણો ગોઠવાથી આપણા મનમાં પ્રેમ પ્રગટે છે; મનને પ્રભુના ગુણોમાં ફાવી જવાથી અને ગુણો અત્યંત ગ્રાહ્ય લાગવાથી ગુણો પર અને ગુણવાન પ્રભુ પર પારાવાર પ્રેમ ઊભો થાય છે.

અહીં 'એકાંતે' શબ્દને 'વાત' સાથે જોડી અર્થ કર્યો એકાંતમાં વાત કરો. હવે 'એકાંત' શબ્દને 'અભોગી' સાથે લગાડીએ, તો અર્થ એ થાય કે, "હે એકાંતે પરના અભોગી ! મારી સાથે વાત કરો." પરંતુ એમાં આપત્તિ એ છે કે 'પ્રભુ જો એકાંતે અભોગી એટલે કે પરના અભોગી અસંસક્ત છે, તો પ્રભુ સેવક સામે વાત કેમ કરશે ? કેમકે એમને તો સેવક પણ પર છે, અને પ્રભુ તો પરમાત્રના અભોગી છે. અર્થાત્ અસંસક્ત છે. એટલે પ્રશ્ન આ થાય,

**પ્રશ્ન :** પ્રભુ જો પરના એકાંતે અભોગી છે, તો પરની સાથે વાત કેવી રીતે કરે ?

**ઉત્તર :** 'પરના એકાંતે અભોગી' નો અર્થ એ છે કે પરની ઉપર કોઈ પણ જાતની આસક્તિ મમતા વગેરેથી સંબંધ નહિ કરનારા. એટલે જ "ભગવાન આપ સમવસરણ પર દેશના આપો છો એમાં એ શ્રોતા સાથે વાત જ કરો છો ને ? છતાં એ પરની સાથે આપ આસક્ત નથી ગણાતા. બસ, એ રીતે પ્રભુ ! મારા અંતરમાં આવીને વાત કરો. આપ અભોગી છો એટલે વાત પણ અ-ભોગના સમર્થનની જ કરશો, ને તેથી મને પણ એ અભોગીપણાના ગુણ પર પ્રેમ પ્રગટશે" ગુણની ગોષ્ઠી કરવાથી ગુણ પર પ્રેમ જાગે માટે મારી સાથે વાત કરો; કેમકે, પુદ્ગલના સુખની ગુલામીથી ત્રાસી ગયો છું. તેથી મારા મનને એમ થાય કે, 'મારા પ્રભુ પૌદ્ગલિક સુખના એકાંતે અભોગી શી રીતે બન્યા ? અને એમાં એ કેવાક મહાલતા હશે કે એમને હવે કદી અભોગી મટી ભોગી બનવાનું મન જ નહિ ! માટે લાવ, પ્રભુને મળી પૂછી લઉં તેથી પ્રભુ ! તમને વિનવું છું કે મારી સાથે વાત કરો; અને એમ વાત કરતાં મને આપના અનુપમ ગુણોમાં ગોઠી જશે, અને તેથી મને આપના ગુણો પર અને આપની ઉપર પ્રેમ પ્રગટશે. આ મારો પ્રેમ સેવક તરીકેનો હોવાથી સેવક અને સેવ્યની કેવી વિશેષતા હોય તે માટે કવિ કહે છે-

**ઓછું અધિકું પણ કહે રે, આસંગાયત જેહ મનના માન્યા;**
**આપે ફળ જે અણ કહે રે, ગિરૂઓ સાહેબ તેહ; મનના ...૨**

**ભાવાર્થ :** જે આસંગાયત છે એટલે કે આપના સંગને આધીન છે, આપના પર ઓશિયાળો છે, ગરજુ છે અને આપને વિનંતિ કરે છે, એને બોલવામાં મર્યાદા નથી રહેતી માટે એવો ભક્ત આપને ઓછું-અધિકું પણ કહે; પણ ગિરુઓ સાહેબ યાને મહાન સ્વામીની આ વડાઈ છે કે એને લક્ષમાં ન લે કિન્તુ કહ્યા વિના ફળ આપે.

**વિવેચન :** જે સેવક ગરજુ હોય અને ઓશિયાળો હોય તે સ્વામીને કહેવા બેસે ત્યારે ઓછું-વધતું બોલવા પાછળ એની બિચારાની સ્વામી પ્રત્યે આસંગાયતતા છે, એક શરણાધીનતા છે. સ્વામીને જ એક માત્ર શરણ માને છે. એટલ એ સ્વામીને ન કહે તો કોને કહે ? આવો શરણાગત પ્રેમી સેવક પ્રભુને કાંઈ ઓછું -વધતું કહી નાખે એ બનવા જોગ છે. તો પ્રભુ ! આપ એ મનમાં લેશો નહીં. બાળક મા-બાપને જ એક શરણભૂત માને છે, તેથી એ એમની આગળ ઓછું-અધિકું કહી નાખે છે પણ માબાપ તેને મન પર લેતા નથી, અને બાળકે નહિ માગેલું કેટલું ય એને દઈ દે છે. તેમ આપ પણ મારું કહ્યું મન પર નહીં લેતાં મારા વગર માગ્યે મને સેવા ફળ દઈ દેજો. મહાન પુરુષ તે છે કે જે **'આપે ફળ અણ કહ્યો રે.'** જેમકે, ગરજુ રોગી ડૉક્ટર પાસે પોતાના રોગને ભયંકર સમજી બેચાર ગણો વધારે કરીને કહે છે; પણ હાં, જો રોગીને કડક પથ્ય નહિ પણ મનમાન્યા ખાનપાનની છૂટ જોઈતી હશે તો રોગ હોય તેના કરતાં ઓછો કહેશે. છતાં સારો વૈદ્ય **'અણ કહ્યે'** અર્થાત્ રોગીના કહેવા પર ધ્યાન ન દેતાં, રોગીની કલ્પના બહારના ય સારા યોગ્ય દવા-ઉપચાર કરે છે. તેમ હું માનું છું કે મને આપ વગર કહ્યે ફળ આપશો. અહીં પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** જો સેવકને વિશ્વાસ છે કે પ્રભુ વણમાગ્યે સારું સેવાફળ આપે જ છે, તો પ્રભુને પ્રાર્થનામાં ઓછું-અધિકું કહેવાની જરૂર જ શી ? તેમજ પ્રભુના ઓશિયાળા બનવાની પણ જરૂર શી ?

**ઉત્તર :** પ્રભુને કહેવાની અર્થાત્ પ્રાર્થના કરવાની જરૂર એટલા માટે રહે છે કે જો વસ્તુની ખરેખરી તીવ્ર આશંસા અભિલાષા હોય તો જેની પાસેથી એ મળે તેમ હોય એની પ્રાર્થના કર્યા વિના રહેવાતું નથી. ઓશીયાળાપણું આ રીતે, કે વીતરાગ પ્રભુની વૈરાગ્યની દેશનાથી મન વૈરાગ્ય તરફ વળે, પછી પ્રભુને આ રીતે પ્રાર્થના કરાય કે,

"પ્રભુ ! આપની વિરાગિતાની વાતથી વિરાગિતાનો હું પ્રેમી બનેલો એવો હું જોઉં છું કે આ જગતમાં તમારા સિવાય બીજો કોઈ એવો વૈરાગ્ય અને એવી અનાસક્તિ પમાડનાર નથી. ને રાગાદિની વિટંબણાથી બચાવનાર નથી; તેથી હું તમારો ઓશિયાળો તમારો ગરજુ બનેલો છું, જેથી તમારી આગળ પ્રાર્થના કરતાં ઓછું-વધતું બોલી નાખું છું; પરંતુ તમે મોટા પુરુષ છો, ઉદાર છો. તેથી એના પર ધ્યાન ન દેતાં, મારે જે જરૂરી છે તે મારા વણમાગ્યે અવશ્ય દઈ દેશો, એવો મને વિશ્વાસ છે. સારો વૈદ્ય રોગીના ઓછા-અધિકા બોલ સામે ન જોતાં, તેમજ રોગીના વગર કહ્યે પોતાને યોગ્ય લાગે તે દવા-ઉપચાર કરે જ છે."

વાત આ છે કે આ ગાથામાં પૂર્વાર્ધ-ઉત્તરાર્ધમાં સેવ્ય અને સેવક વચ્ચે આ તફાવત બતાવ્યો છે કે સેવકની આ ખાસિયત છે કે એ સેવ્યની આગળ પ્રાર્થના કરતાં ઓછું વધતું કેટલું ય બોલી નાખે છે. ત્યારે સેવ્ય પ્રભુની આ વિશેષતા છે કે એ બોલવા કરતાં કાર્ય જ કરવા તરફ રુચિવાળા હોય છે. એમાં પછી સામાની પ્રાર્થનાની ય અપેક્ષા રાખતા નથી અને વગર માગ્યે સેવકનું ન ધાર્યું કામ કરી દે છે ! માટે જ પ્રભુ મોટા ગરીબ-નિવાજ કહેવાય છે, મહાન દુલા સ્વામી ગણાય છે. અહીં રોગી અને સારા વૈદ્ય ડૉક્ટરનું દૃષ્ટાંત બરાબર ધ્યાન પર લેવા જેવું છે.

**રોગી-વૈદ્યનું દૃષ્ટાન્ત :**

રોગી ને સારા વૈદ્ય ડૉક્ટરની કેવી સ્થિતિ હોય છે ? રોગી જો કુપથ્યનો લાલચુ હોય તો પોતાનો રોગ ઓછો બતાવશે જેથી ડૉક્ટર મનમાન્યું ખાવા પર અંકુશ ન મૂકે; ને રોગીને જો પથ્યની કઠિણાઈ વેઠીને પણ ઝટપટ રોગ સારો કરવા તરફ લક્ષ હશે તો પોતાનો રોગ વધારી વધારીને કહેશે; પણ સમજુ ડૉક્ટર તો તેને યોગ્ય જ ઔષધ ઉપચાર કરે છે. એ દરદીને ખ્યાલ ન હોય એવો રોગ પરખી ડૉક્ટર એની દવા આપે છે.

**સમજુ ઈરાની ડૉક્ટર :**

મુંબઈમાં ઈરાની ડૉક્ટર હતો. તેની પાસે આવનારા દર્દી જલદી સાજા થઈ જવા માટે, ને ડૉક્ટર ઝડપી ઉપચાર કરે તે માટે, દર્દ વધારીને બે ત્રણગણું કહે; અથવા 'દર્દ વધારે કહીશ તો ડૉક્ટર ખાવા પીવાનું બંધ કરાવશે.' એમ ખાવાની લાલસાએ દર્દ ઓછું પણ કહે; પરંતુ ઈરાની ડૉક્ટર પોતાના હિસાબે જ દવા આપે, ન ઓછી ન વધારે.

અમારા સંસારીપણે **માતાના મામા** વાત કરતા હતા કે 'એકવાર મને શરદી - ખાંસી થઈ આવી, તે એ ઈરાની ડૉક્ટર પાસે ગયો. ડૉક્ટરને શરીર બતાવી ખૂબ શરદી ને ખાંસીની વાત કરી. ડૉક્ટરે પૂછ્યું 'છોકરા ! રાત્રે ઓઢીને સૂતેલો ?'

મેં કહ્યું, 'ના, ગરમી લાગતી હતી, તેથી ઓઢ્યું નહોતું.' ડૉક્ટર સમજી ગયો કે 'આને પાછલી રાત્રે પરસેવા પર ઠંડા પવનથી શરીરમાં શરદી પેસી ગઈ છે.'

ડૉક્ટર મને કહે કે, "જા છોકરા, બજારમાંથી ચાર આનાનો ગરમ રૂમાલ લઈ લેજે. (એ વખત તે સસ્તીવારી એટલે ચાર આનામાં ગરમ રૂમાલ મળતો) અને માથે બાંધી દેજે. કાન ને ગળું ઢંકાઈ જાય એમ બાંધી દેજે.

મેં કહ્યું, "પણ ડૉક્ટર ! મને દવા તો આપો. મને કેટલી બધી શરદી ને ખાંસી છે ? દવા વિના મટશે ?"

મને ડૉક્ટર કહે, "છોકરા ! તારી પાસે પૈસા વધારે છે ? લાવ મફતિયા મૂકવા હોય તો અહીં મૂકી દે ટેબલ પર. ગરમ રૂમાલથી તારી શરદી મટી જશે, ન મટે તો આવજે મારી પાસે, મફત દવા લઈ જજે." ખરેખર બન્યું એવું; બજારમાંથી ગરમ રૂમાલ લઈ માથું કાન ગળું બાંધી દીધા. સાંજે શરદી મટી ગઈ !

દરદી પોતાનો રોગ ઓછો વધતો કહે, પરંતુ મોટા મનનો ડૉક્ટર તો એવો ન ધાર્યો ઉપચાર આપે છે કે દરદ મટી જાય.

કવિ કહે છે, 'પ્રભુ ! તમે આવા મોટા મનના માણસ મારા ઓછા વત્તા કહ્યા પર ન જોતાં, મોટું દિલ રાખી મને કલ્પનાતીત ફળ આપી દેજો.' પૂછો, -

**પ્રભુ ક્યારે આપે ? :**

**પ્રશ્ન :** તે પ્રભુ એમ આપી દે ?

**ઉત્તર :** હા, શરત એટલી કે આપણો કેસ આપણે પૂરેપૂરી શ્રદ્ધાથી પ્રભુને સોંપી દેવો જોઈએ. અવસરે તેવા હોશિયાર વૈદ્ય-ડૉક્ટરને કેસ સોંપી દો છો ને ? ને રોગ મટી જાય છે ને ? એમ પ્રભુને આપણો કેસ સોંપી દઈએ તો કામ પતી જાય, કેમકે આપણે સંસારના એવા મહા રોગવાળા છીએ કે જેમાં અવાંતર ઘણા રોગો **(Complications)** છે, અને પ્રભુ એના **M.D.F.R.C.S.** છે. કહો, ધન્વંતરી વૈદ્ય છે. પૂછો,

**પ્રશ્ન :** પરંતુ અસાધ્ય રોહ હોય તો ય મટાડે ?

**ઉત્તર :** સમજી રાખો, **પ્રભુના શરણે જવાનું જેને મન થાય એનો સંસારરોગ અસાધ્ય હોતો જ નથી.**

-એનો સંસારરોગ મટે જ છે. બસ, વાત આ છે કે પ્રભુને શ્રદ્ધાથી તમારો કેસ સોંપી દો.

વિલાયતમાં એક **વિધવા બાઈનો છોકરો** યુદ્ધમાં માર ખાઈને આવ્યો. બાઈ ભારે રોતી હતી. ગામના લોકોએ ભેગા થઈ ચર્ચ (દેવળ)માં જઈ ઘુંટણીએ પડી પ્રભુને પ્રાર્થના કરી,

"હે પ્રભુ ! આ બિચારી ગરીબ વિધવાબાઈના છોકરાને સારું કરી દેજો. તું જગત દયાળુ છે, આખા જગતનું ભલું કરનારો છે. અમને પાકો વિશ્વાસ છે કે તું સારું કરી જ દેશે."

દિલદર્દ અને શ્રદ્ધાથી આ પ્રાર્થના કરી; એમાં શું કર્યું ? છોકરાનો અને બાઈનો કેસ ભગવાનને સોંપી દીધો. તમને કદાચ આશ્ચર્ય લાગશે પરંતુ છોકરાને ત્યારથી વળતા પાણી થયા, ઘા-બા મટી જઈ યુવાન સાજો સારો થઈ ગયો.

પ્રભુની પ્રાર્થના શું કામ કરે છે ! આપણને એની ગમ નથી માટે પ્રભુને વળગવાને બદલે આડાઅવળા ઉપાયો કરીએ છીએ. શું આપણા શાસ્ત્રો નથી કહેતા,

**'દેશ વિદેશે કાંઈ ભમીજે ? પ્રહ ઊઠી ગૌતમનામ સમરીજે.'**

**ભગવાન કેમ ફળતા નથી ? :**

(૧) કાં તો આપણામાં ભગવાન યા ભગવંત-શક્તિ ન માનવાની નાસ્તિકતા છે કે 'ભગવાન વળી કોણ છે ? ભગવાન વળી શું કરી શકે ?' અથવા

(૨) 'આપણામાં અભિમાન છે કે મારા પુરુષાર્થથી જ ધાર્યું થઈ શકશે.' અથવા

(૩) આપણને ખોટો ભય છે કે 'ભગવાન પાસે સંસારનું કાંઈ માગું તો મારે નરકમાં જવું પડે !'

**"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૨૯,તા.૪-૪-૧૯૮૭**

આ ત્રણમાંનું કોઈપણ કારણ આપણને ભગવાન અચિંત્ય પ્રભાવવાળા મળ્યા છતાં આપણે અભાગિયા બની ભગવાનને વાતે વાતે આગળ કરતા નથી. નહિતર ગણધર ભગવાન જે 'જયવીયરાય' સૂત્રમાં મંગાવે છે', 'હોઉ મમં તુહપ્પભાવઓ ઈક્ક ફલ સિદ્ધિ', "હે ભગવાન ! મારે તમારા (અચિંત્ય) પ્રભાવથી ઈષ્ટ કાર્યની સિદ્ધિ હો," એને લક્ષમાં ન લઈએ ? પણ મોહમૂઢતા આને દિલમાં જચવા જ ન દે. ઉપરથી મોઢે ઊંધા બોલ બોલાવે કે 'જો ધર્મ કરીને સંસારનું કાંઈ માંગશો તો તે ધર્મ તમારો અધર્મ કરતાં ય ભૂંડો બનશે ! ને દુર્ગતિઓમાં તમને રીબાવી રીબાવીને મારશે !' નાસ્તિકનો બાપ પણ આવા બોલ ન બોલે.

નાસ્તિક ધર્મ માનતો જ નથી, એટલે ધર્મથી કશું નીપજવાનું જ માનતો નથી; પછી ધર્મથી નુકસાન થવાનું ય શાનો માને ? એ તો એટલું જ કહે "ધર્મ હંબગ છે, ધર્મની મહેનત કરો એ નિષ્ફળ છે, ધર્મ કરો એટલા તમે સંસાર-સુખ ગુમાવો. તપ કરો તો સારું સારું ખાવાનું ટળે. દાન કરો તો એટલા પૈસાથી થતી સંસારની લહેર ગુમાવો..." નાસ્તિકનો બાપ પણ આટલું જ કહે. પણ એમ ન કહે, કે

"સંસારના કાર્ય માટે તમે તપ કરો તો એ તપધર્મ અધર્મથી ભૂંડો અને એ દુર્ગતિના પાપ બંધાવે !" ત્યારે આ તો એમ કહે છે. "સંસારના કાર્ય માટે ધર્મ કરો તો એ તપ વગેરે ધર્મ માલમેવાના ખાનપાન વગેરે અધર્મ કરતાં ય ભૂંડો, ને એ દુર્ગતિઓમાં રીબાવી-રીબાવીને મારે !" છે અક્કલ ? આવું કહેનારાઓને કોણ પૂછે કે,

**'જો સંસારના કાર્ય માટે ધર્મ ન કરાય, તો શું પાપ કરાય ?'**

સંસારના કાર્ય માટે અરિહંત ભગવાનને ન મનાય ન પૂજાય, તો શું મેલા દેવદેવીને મનાય, પૂજાય ? અને એથી શું સદ્ગતિનાં સુખ મળે ? વાત આ છે કે,

**'અરિહંતનો સેવક કેવો હોય ? એને અરિહંતદેવ પર એટલું બધું ઊછળતું બહુમાન હોય કે એ વાતે વાતે અરિહંત પ્રભુને જ યાદ કરનારો અને અરિહંત પ્રભુને જ આગળ કરનારો હોય.** પરંતુ પ્રભુના સ્મરણ વિનાનો ન હોય; પ્રભુને આગળ કર્યા વિના રહેનારો ન હોય.' આ જો માન્ય નથી, તો શું એ મિથ્યા દેવદેવીનું સ્મરણ કરનારો હોય ? યા એમને આગળ કરનારો હોય ? દા.ત., સવારે જાગ્યો કે તરત દિવસ મંગળમય જાય એ માટે જો નવકાર ન ગણે, તો શું એ મિથ્યા દેવનાં નામ કે મંત્ર યાદ કરે ? કે નાસ્તિકની જેમ ભગવાનને યાદ જ ન કરે ? ધર્મ જો મોક્ષ માટે જ થાય, ને મંગળમય ને સુખમય દિવસ માટે ધર્મ ન જ થઈ શકતો હોય, તો એ માટે શું પાપાચરણ જ કરવા પડે ? વેપારમાં ભીડ આવીને આબરૂ જાય એવી છે, તો ભીડ ટાળવા જરૂરી પૈસા માટે અરિહંત ભગવાન પાસે ન જવાય ? તો શું ઘંટાકર્ણ પાસે જવાય ? ત્યાં જો ભગવાન પાસે જઈ પૂજા કરી ભીડ ટાળવાનું માગે, ભીડ ટાળવા પૈસા માગે, તો શું એ જિનપૂજા અને પ્રાર્થનાધર્મ સંસાર-વિલાસના અધર્મ કરતાં ભૂંડો ? ને શું એ જિનપૂજાદિ ધર્મ દુર્ગતિઓમાં રીબાવી-રીબાવીને મારે ?

આ બધી ભ્રમણા છે, 'ધર્મ મોક્ષના હેતુ સિવાય થઈ જ ન શકે' એવા પોતાના મનમાન્યા ઘડી કાઢેલા મિથ્યા સિદ્ધાન્તને પકડી રાખવા આવા ધર્મને અધર્મ કરતાં ભૂંડો કહેવાની ને ધર્મને દુર્ગતિદાયી કહેવાની મિથ્યા પ્રરૂપણા કરાય છે.

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

એમાં તો એવું થાય કે માત્ર લોકલાજે શીલ પાળનારી બાઈઓના શીલને વેશ્યા-કુલટાઓના કુશીલ-અધર્મ કરતાંય ભૂંડું કહેવાની આપત્તિ આવે, ધારો કે બાર વ્રતધારી શ્રાવક કોઈ અનાડી પાડોશી સાથેના સંબંધમાં કોરટના લફરામાં ફસાઈ ગયો, તો શું કરે ? કોરટમાં જીત મેળવી પોતાની આબરૂ જાળવવા જિનેન્દ્ર-

ભક્તિ-પૂજા વધારે તો શું એ એના પૂજાધર્મના રંગવિલાસ અને હિંસાદિ પાપો કરતાં ભૂંડો ગણવો ?

ખરી વાત એ છે કે શાસ્ત્રો ગૃહસ્થને ધર્મપ્રધાન જીવન જીવવાનું કહે છે. એનો અર્થ જ એ છે કે પોતાના સાંસારિક જીવનમાં એ ઠામ ઠામ ધર્મને સ્થાન આપનારો હોય એટલે. દા.ત., શરીરને તાવ વગેરે કોઈ બિમારી આવી તો એ વૈદ્ય-ડૉક્ટરને કે દવાને પછી પકડે, પણ ધર્મને પહેલો પકડે. શાના માટે ? આરોગ્યના સાંસારિક કાર્ય માટે. પૈસા માટે દુકાન પછી ખોલે ને વેપાર પછી શરૂ કરે.પરંતુ નવકાર સ્મરણ, ગૌતમનામ સ્મરણ વગેરે ધર્મ પહેલો કરે. શા માટે ? વેપારમાં સફળતા યાને ધન કમાઈ માટે. અહીં આ બધે સાંસારિક કાર્ય માટે નવકાર-સ્મરણાદિ ધર્મ કર્યો છે, તો શું એ ધર્મ અનીતિ-અસત્યાદિ અધર્મથી ભૂંડો ? શું એ દુર્ગતિમાં રીબાઈ રીબાઈને મારે ? **ધર્મસંગ્રહ શ્રાદ્ધવિધિ વગેરે શાસ્ત્ર આ ફરમાવે છે કે, "સમુદિત ક્રયવિક્રય કરવો હોય ત્યાં શ્રાવક સફળતા માટે પરમેષ્ઠિમંત્ર ગણે, ગૌતમનામ સ્મરે અને દેવગુરુને ભેટણું કરે. કેમકે સર્વત્ર સફળતા ધર્મને પ્રધાન કરવાથી જ મળે"** અહીં શાસ્ત્રે શું કહ્યું ? વેપારમાં સફળતા એટલે કે સાંસારિક કાર્ય માટે ધર્મ કરવાનું કહ્યું.

વાત આ છે કે **ભગવાનને પ્રાર્થના કરવાથી કાર્યસિદ્ધિ થાય છે.** (૧) નાસ્તિકને આ માન્ય નથી એટલે એ પ્રભુને પ્રાર્થના કરતો નથી. (૨) અભિમાનીને પ્રાર્થનાના મહત્ત્વ કરતાં પોતાના પુરુષાર્થનું મહત્ત્વ દેખાય છે તેથી એ પ્રભુને પ્રાર્થના કરતો નથી અને (૩) અસત્ પ્રરૂપણાથી ભ્રમિત થયેલાને સાંસારિક કાર્ય માટે કરાતી પ્રભુ પ્રાર્થનાનો ધર્મ અધર્મથી ભૂંડો અને દુર્ગતિદાયી દેખાય છે તેથી એ પ્રભુને આવી પ્રાર્થના કરતો નથી. આ ત્રણેય જણ અજ્ઞાની છે, ત્યારે મહાન જ્ઞાની **ઉપાધ્યાય યશોવિજયજી** મહારાજ અહીં **ચંદ્રપ્રભ સ્વામીને** પ્રાર્થના કરે છે, **'આપે ફળ જે અણ કહ્યો રે, ગિરુઓ સાહિબ તેહ.'** અર્થાત્ મોટો સ્વામી તે છે કે જે વગર માગ્યે સેવાફળ આપે છે. આપ મારા મોટા સ્વામી છો, તેથી મને વિશ્વાસ છે કે આપ મારું ઈષ્ટ સિદ્ધ કરી આપશો જ.'

આપણને આપણો કેસ ભગવાનને સોંપતાં પૂરો વિશ્વાસ જોઈએ.

**રાજસ્થાનીની પ્રભુને પ્રાર્થના :**

મહારાષ્ટ્રમાં એક મારવાડના, રાજસ્થાનના શ્રાવક મને મળ્યા. એ કહે, 'સાહેબ ! મારે બે દીકરીઓ; તે એમને ચારિત્રમાર્ગે ચડાવવા માટે સાધ્વીજીના સંપર્કમાં મૂકી. એમાં એકને તો વૈરાગ્ય-ભાવના સારી પુષ્ટ થઈ, એટલે ચારિત્ર લેવા તૈયાર થઈ, તો એને ચારિત્ર અપાવ્યું. પરંતુ બીજી અલબત સાધ્વીજીના સંપર્કથી

ધર્મના સારા સંસ્કાર પામી, પરંતુ એનો ચારિત્ર લેવાનો વીર્યોલ્લાસ જાગ્યો નહિ, તેથી પરણાવી દેવાની ચિંતા મને રહી. હું કાંઈ મોટો લખપતી નહિ અને અમારે મારવાડમાં મોટું કરિયાવર દેખાડીએ તો કન્યાનો ઉમેદવાર મળે, એટલે મને મુંઝવણ હતી કે શું કરવું ? મારે કોઈ શ્રીમંતની દાઢીએ લોન માટે હાથ ઘાલવાનો મોખ નહોતો કે હું એની ચાપલુસી કરું; તેથી મેં તો પ્રભુને પ્રાર્થના કરવાનું કર્યું કે,'

**દીકરીને વરાવી દેવા પ્રભુને પ્રાર્થના :**

"પ્રભુ ! હું તમારો ભક્ત છું, તમારી નિત્ય ભક્તિ કરું છું, ને આમંત્રણ મળે ત્યાં શુદ્ધ સેવાભાવથી પૂજાઓ ભણાવવા પણ જાઉં છું. મારે હવે દીકરીને ઠેકાણે પાડવાની ચિંતા ઊભી થઈ છે. હું કાંઈ શ્રીમંત નથી કે એ માટે મોટો ખર્ચ કરી શકું. તો એ માટે પ્રભુ ! હું કોઈ શ્રીમંતની ચાપલુસી કરવા ક્યાં જાઉં ? હું તો તમારા જ આશરે બેઠો છું. મારી દીકરીની ચિંતા તમારે જ કરવાની છે."

આમ મેં પ્રભુને રોજ ને રોજ પ્રાર્થના કરવા માંડી. એનો પ્રભાવ એવો પડ્યો કે આશ્ચર્ય થયું કે સામાન્ય રીતે તો દીકરીવાળાએ સામેથી કોઈ ઉમેદવાર કે એના વડીલ આગળ માગું મૂકવું પડે, એના બદલે મારે તો ઉમેદવારનું સામેથી મારી કન્યા માટે માગું આવ્યું ! ઉમેદવાર સારો ગુણિયલ અને ધર્મી જીવ હતો એણે કોઈ કરિયાવરની અપેક્ષા રાખી નહિ. એટલે મેં સ્વીકારી લીધું અને મારા ગજા પ્રમાણે ખર્ચ કરી દીકરીના લગ્ન પતાવ્યા.

આ પ્રસંગ પરથી હવે ભડકશો નહિ કે, 'હેં, ભગવાન પાસે દીકરીનો ઉમેદવાર મંગાય ?' જો ભગવાન પાસે ન માંગે તો શું દેવી-દેવતા પાસે માગે ? યા શું પ્રભુ પાસે માગવાથી મળે ? આ પ્રસંગમાં ભક્ત શ્રાવકે માગ્યો ને મળ્યો એ હકીકત છે, તો શું એની પૂજા-ભક્તિનો ધર્મ હિંસાદિ અધર્મ કરતાં ભૂંડો ? બિલકુલ ભૂંડો નહિ. તો શું એ માગનારો હવે દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરશે ? જરાય નહિ. જૈન ધર્મનો મર્મ સમજો.

**જૈન ધર્મનો મર્મ આ છે,** 'જીવનમાં જિનેશ્વર ભગવાન અને એમની ભક્તિ વગેરે ધર્મને મુખ્ય કરો.' પૂછો,

**પ્રશ્ન :** તો શું મોક્ષ મુખ્ય નહિ ?

**ઉત્તર :** ધર્મ વિના મોક્ષ મળે ? ના, ધર્મથી જ મોક્ષ મળે તો જીવનભર આચરવાનું શું ? મોક્ષ આચરવાનો કે ધર્મ ? જીવન એટલે જીવવું. જીવવું એટલે કાંઈ ને કાંઈ કરવાનું. શું કરવાનું ? ધર્મ કરવાનો ? કે મોક્ષ કરવાનો ? મોક્ષ તો સાધ્ય છે સાધવાનું આચરવાનું સાધન નથી. ધર્મ એ સાધવાની આચરવાની વસ્તુ છે, તે પણ જીવનભર આચરવાની વસ્તુ છે માટે મુખ્ય તો ધર્મ છે તેથી શાસ્ત્રકારો

કહે છે, **"ધર્માર્થકામ મોક્ષાણાં ધર્મ એવ પ્રધાનમ્"** વળી અર્થ કામ અને મોક્ષ ત્રણેયનું સાધન ધર્મ છે તેથી પણ ધર્મ મુખ્ય છે. પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** ધર્મ મુખ્ય ખરો, પરંતુ અર્થ અને કામની ખાતર ધર્મ કરાય ?

**ઉત્તર : અર્થ અને કામની ખાતર જો ધર્મ ન કરાય તો અર્થ અને કામની ખાતર શું હિંસાદિ અને વિષય વિલાસાદિ પાપો કરાય ?** આ કયા શાસ્ત્રમાં લખ્યું છે કે અર્થ કામ ખાતર હિંસાદિ પાપો કરવા ? એથી ઊલટું ધર્મ કરવાનું લખ્યું છે. જુઓ **ધર્મબિંદુ શાસ્ત્ર** શું કહે છે ?

**'ધનદો ધનાર્થિનાં પ્રોક્તઃ'**

અર્થાત્ ધનના અર્થીઓ માટે (જ્ઞાની તીર્થંકર ભગવંતોએ) ધર્મ કરવાનું કહ્યું છે. જ્ઞાનીઓ કહે છે તમે ધન ઈચ્છો છો ? તો એ માટે હિંસાદિ ક્રોધાદિ અને વિષયવિલાસાદિ પાપો છોડો અને ધર્મ કરો. ધુરંધર આચાર્ય ભગવાન શ્રી હરિભદ્રસૂરિજી મહારાજ જેવા જ્યારે ધર્મબિંદુ શાસ્ત્રમાં આ પ્રમાણે કહે છે કે, 'તમે ધનના અર્થી હો;' તમને ધનની ઈચ્છા હોય તો ધન માટે ધર્મ કરો (પાપ નહિ) ત્યારે આપણે એમના કરતાં વધારે ડાહ્યા કે આપણે એમ કહીએ કે "મોક્ષ સિવાય બીજા કોઈ હેતુથી ધર્મ ન થાય ! સંસારના કાર્ય માટે ધર્મ ન થાય." આવું-આવું બોલતાં વિચાર નથી કે શાસ્ત્રે ધર્મનાં ફળમાં એકલો મોક્ષ નહિ, પણ સંસારના અનેક ફળ પણ કહ્યાં છે. તો તમે કહેશો,

**પ્રશ્ન :** શાસ્ત્રમાં મોક્ષ સિવાય બીજા ફળ કહ્યા છે તે ધર્મનો મહિમા બતાવવા કહ્યા છે. પરંતુ એ ફળો કાંઈ મંગાય નહિ. કેમકે માગીએ તો પછી દુર્ગતિઓમાં ભટકવું પડે એવું નહિ ?

**ઉત્તર :** ના, જો એવું હોત તો ધર્મબિંદુમાં ધનાર્થિઓને ધર્મ કરવાનું કહ્યું છે તે ન કહેત, 'ધનાર્થિનાં ધનદો ધર્મ' કહ્યું એનો અર્થ જ આ છે કે તમે ધનના અર્થી છો ? તો તમે ધર્મ કરો, ધર્મ ધન આપશે. -"જો એમ કહીએ કે ધન આદિ સાંસારિક વસ્તુ માટે ધર્મ કરાય જ નહિ, કરીએ તો દુર્ગતિમાં રખડી જવાનું થાય" જો આમ કહીએ તો, તો પછી **શ્રીપાળકુમારે** આફત ટાળવા નવપદ યાદ કર્યા, એ નવપદ સ્મરણરૂપ ધર્મ કરવાથી પછીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મર્યા હોત,

**દમયંતીએ** બીજીવારના સ્વયંવરમાં સામે નળના પાંચ રૂપ દેખ્યા. મુંઝવણ થઈ કે પાંચમાંથી કોના ગળામાં વરમાળા આરોપવી ? ત્યાં એણે નવકાર અને અરિહંત સ્મરણરૂપ ધર્મ કર્યો. શા માટે કર્યો ? સાચા નળરૂપ વરને માળા આરોપી પરણવા માટે ! તો શું એથી એ પછીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરી ?

મહાવીર પ્રભુની મહાન **સુલસા** શ્રાવિકાએ પુત્ર પ્રાપ્તિ માટે ધર્મ વધાર્યો, તો શું

એથી એ પછીથી દુર્ગતિઓમાં રખડી પડી ? કે એ તો હવે પછી તીર્થંકર થનાર છે ?

આચાર્ય ભગવાન **માનતુંગસૂરિજીએ** બેડીઓ તોડવા 'ભક્તામર-સ્તોત્ર' - રચના રૂપી અરિહંત-ભક્તિનો ધર્મ કર્યો, તો શું એ દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાના ?

ગામ-પરગામ જતી વખતે ત્યાં કુશળ-મંગળ થાય, એ માટે નવકાર ગણો, ગૌતમસ્વામીને યાદ કરો, તો શું એથી દુર્ગતિઓમાં ભટકવું પડશે ?

**'અજિત શાંતિ' સ્તવનમાં**

**"પુરિસા ! જઈ દુક્ખવારણં, જઈય વિમગ્ગહ સુક્ખકારણં;"**

**અજિઅં સંતિ ચ ભાવઓ, અભયકરે સરણં પવજ્જહા...."**

ગાથામાં કહ્યું, "હે મનુષ્યો ! જો દુઃખનું વારણ અને સુખનું સંપાદન ઈચ્છતા હો, તો અજિતનાથ અને શાંતિનાથ પ્રભુનું શરણ સ્વીકારો" આમાં 'દુઃખવારણ' એટલે કે કોઈપણ દુઃખનું વારણ અને 'સુખસંપાદન' એટલે માત્ર મોક્ષસુખ જ નહિ, કિન્તુ સંસારસુખ પણ લીધું, તો શું એ માટે અજિતશાંતિનું શરણ લેવાય તો દુર્ગતિઓમાં ભટકવું પડે !

**વળી છેલ્લી ગાથામાં કહ્યું,**

**"જઈ ઈચ્છહ પરમપયં, અહવા કિત્તિં સુવિત્થડં ભુવણે;**

**તા તેલુક્કુદ્ધરણે, જિણવયણે આયરં કુણહ."**

અર્થાત્ જો પરમપદ મોક્ષ ઈચ્છતા હો અથવા જગતમાં સુવિસ્તૃત કીર્તિ ઈચ્છતા હો, તો જિનવચન (જિનોક્તધર્મ)ને વિષે પ્રયત્ન કરો. આમ સંસારની વસ્તુ કીર્તિ માટે ધર્મ કરવાનું કહ્યું ! તે શું જીવોને દુર્ગતિઓમાં રીબાવી મારવા કહ્યું ? અને એમ જિનોક્ત ધર્મ કરીને જીવો કીર્તિ તો મેળવશે પણ શું એથી એ દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરશે ?

આનંદઘનજી મહારાજે 'શ્રી ચંદ્રપ્રભસ્વામિ'ના સ્તવનમાં ગાયું,

**"કામિત પૂરણ સૂરતરુ, આનંદઘનપ્રભુ પાય;**

**સખી મુને દેખણ દે, ચંદ્રપ્રભ મુખચંદ...."**

'આનંદઘન એવા શ્રી ચંદ્રપ્રભસ્વામીના ચરણકમળ (સકલ) કામિતને ઈચ્છિતને પૂરનારા સુરતરુ કલ્પવૃક્ષ છે,' એમ કહ્યું. આમાં એમ નથી કહ્યું કે, 'કામિત' એટલે 'માત્ર મોક્ષ' સામાન્યથી 'કામિત' કહ્યું એટલે કે કોઈપણ ઈચ્છિત અર્થાત્ સંસારનાં કાર્ય સંસારની વસ્તુ ઈચ્છિત હોય, તો એને પણ પૂરનારા પ્રભુ છે. આમ 'કામિત' શબ્દથી એ સૂચવ્યું કે 'તમારે સાંસારિક વસ્તુની પણ કામના હોય, તો ય સમજી રાખો કે એને પૂરનાર અરિહંત પ્રભુ છે. માટે પ્રભુને ભજો.' શું આમાં કવિએ

લૌકિક કામનાથી પણ પ્રભુસેવા કરવાનું ન કહ્યું ? ત્યારે અહીં ખોટા ખોટા પ્રશ્ન કરવામાં આવે છે કે,

**પ્રશ્ન :** પણ આમ સાંસારિક વસ્તુ માટે ભગવાન ભજી શકાતા હોય તો, તો ભગવાન પાસે જીવ સાંસારિક લૌકિક વસ્તુ માગ-માગ કરતો રહેવાનો, ને એમ માગ-માગ કરે તો લાલચુ ન થઈ જાય ?

**ઉત્તર :** આ પ્રશ્ન જ ખોટો છે. ખોટો એટલા માટે છે કે અહીં એ કોઈ વિચારણા જ નથી કે, ''ધર્મ કરીને ધર્મ પાસે કે ભગવાન પાસે શું માગવું ? મોક્ષ માગવો ? કે સંસાર સુખ ?'' આવું કાંઈ જો ભગવાન પાસે માગવાની જ વિચારણા નથી, તો ભગવાન પાસે માગ-માગ કરવાની વાત જ ક્યાં રહી ?

અહીં વિચારણા તો આ છે કે, 'સાંસારિક કાર્ય માટે આશરો ધર્મનો લે ? કે પાપનો ? આશરો અરિહંત પ્રભુનો લે ? કે મિથ્યા દેવી-દેવતાનો ?' જો કહીએ કે 'ધર્મનો જ આશરો લે, અરિહંત ભગવાનનો જ લે,' તો એનો અર્થ તો એ જ થયો ને ? કે 'સંસારના કાર્ય માટે પણ ધર્મ થાય. સાંસારિક વસ્તુ ભગવાન પાસે માગે' પછી 'ભગવાન પાસે મોક્ષ જ મંગાય, સંસારની વસ્તુ ન જ મંગાય' એ ક્યાં રહ્યું ? ધર્મ મોક્ષ માટે જ થાય એ ક્યાં રહ્યું ? પહેલાં જે શાસ્ત્ર-દાખલા આપ્યા. એમાં આ સ્પષ્ટ છે કે દા.ત., 'જો સુખના સાધન ઇચ્છતા હો, તો અજિત-શાંતિ જિનને ભજો.' અર્થાત્ તાત્પર્ય અહીં 'પુરિસા ! જઈ દુક્ખવારણં' ગાથામાં સ્પષ્ટ કહે છે 'હે મનુષ્યો ! જો તમે દુઃખનું વારણ અને સુખોનું સાધન ઇચ્છતા હો, તો તમે અરિહંત ભગવાનનું શરણ સ્વીકારો; અર્થાત્ 'ભગવાનને તમારો કેસ સોંપી દઈ તમે ભગવાનની તન-મન-ધનથી ભક્તિમાં લાગી જાઓ.'

અહીં ૮મા ભગવાનના સ્તવનમાં કવિ કહે છે :

''આ વિશ્વાસ રાખવાનો કે 'ફળ દીએ અણકહ્યે રે ગિરુઓ સાહિબ તેહ''

એ એવા મોટા ઉદાર દિલના સાહિબ છે કે જે આપણા વગર કહ્યે આપણી સેવાનું ફળ આપનારા છે. પૂછો,

**પ્રશ્ન :** 'વગર કહ્યે' એટલે શું સેવકે પ્રાર્થના નહિ કરવાની ?

**ઉત્તર :** 'સેવક પ્રાર્થના કરે' એ સેવકનો ધર્મ છે; અને 'ગિરુઆ યાને મોટા દિલના સ્વામી પ્રાર્થકની કલ્પના બહારનું ફળ આપે' એ સ્વામીનો ધર્મ છે. પૂછો,

**પ્રશ્ન :** કલ્પના બહારનું ફળ શી રીતે કહો છો ? સ્વર્ગ કે મોક્ષ ફળ આપે એની આપણે કલ્પના તો કરી શકીએ છીએ ને ? તો સ્વર્ગ-મોક્ષ પણ આપણી કલ્પનાનાં ફળ થાય ને ?

**ઉત્તર :** સ્વર્ગ અને મોક્ષની આપણી કલ્પના અતિસ્થૂલ છે, ઉપરછલકી છે;

કેમકે મોક્ષમાં જે અનંત સુખ છે એની અને સ્વર્ગમાં મનુષ્યલોક કરતાં જે અસંખ્ય-અસંખ્ય ગુણા સુખ છે એની, આપણને કલ્પના જ નથી. કૂવાનાં દેડકાને મોટા સરોવરના માપની કલ્પના ન આવે, એમ.

**મનુષ્ય-લોકના ગોબરા ગંધાતા સુખમાં ટેવાયેલા આપણને એવા ગંદવાડ વિનાના દેવતાઈ સુખની કલ્પના જ ન આવે.**

સુખ બે જાતના; કંચન અને કામિનીના. એમાં મનુષ્ય-લોકના કંચનનાં સુખમાં શો માલ છે ? આખા જંબૂદ્વીપના હીરા-માણેકની જે કિંમત થાય, એના કરતાં પણ ઇંદ્રની એક મોજડીના હીરાની કિંમત કંઈ ગુણી ચડી જાય ! ત્યારે મનુષ્યના કામિનીનાં સુખમાં ય શો માલ છે ? માનવી સ્ત્રીના આખા શરીરમાં ગંદવાડ સિવાય કાંઈ નહિ. શરીરનો એક ભાગ એવો નથી કે જ્યાં ગંદા મળ-મૂત્ર-કફ-રસી-રુધિર, બિભત્સ માંસ-ચરબી-વીર્ય વગેરે સિવાય કશુંય પવિત્ર રળિયામણું હોય. માનવી સ્ત્રીનું રૂપાળું દેખાતું શરીર એટલે નાયલોન મઢેલી જાણે વિષ્ટાની કોથળી ! એકલા નાયલોનના અસ્તરથી શું મોહવાનું ? નાકમાં લીંટ, મોંમાં થૂંક, આંખમાં પિઆ, કાનમાં મેલ, ને નીચેના અંગોમાં મળમૂત્ર વગેરે છે. ક્યાંય કશું પવિત્ર કે જે બહાર નીકળી આવે તો મોંમાં મૂકવાનું મન થાય છે ખરું ? અતિ કામી માણસ પણ પ્રિય લાગતી નારીના મૂત્રને નહિ પીએ.

મનુષ્ય લોકની સ્ત્રીના શરીરમાં આવા ગંદા ગોબરા પદાર્થ ભર્યા છે ! ત્યારે દેવતાઈ સ્ત્રી એટલે દેવાંગનાના શરીરમાં આવું કશું જ ગંદુ ગોબરું નહિ; જાણે સકરટેટી કેવી આરપાર ચોક્ખી રળિયામણી ? એવી અપ્સરાના મૂળ શરીરનાં રૂપ લાવણ્ય તો એવા કે મનુષ્ય જો દેવાંગનાના એ મૂળ શરીરના રૂપને જુએ તો પાગલ જ થઈ જાય ! દેવલોક વિમાન,-વગેરેનાં સૌંદર્ય મનુષ્યની કલ્પનામાં ન આવે !

માટે તો ઉત્તરાધ્યયન સૂત્ર કહે છે કે, ''જેમ મોટા સ્વયંભૂ રમણ સમુદ્રની આગળ એક ટીપું, તેમ દેવલોકના સુખ આગળ મનુષ્ય લોકમાં સુખ એક નાનકડા સૂક્ષ્મબિંદુ જેટલા છે ! તે દિવ્યસુખ પણ અસંખ્ય વરસોના ! ને અહીંના ગંધાતા સુખ તો અતિ અલ્પ કાળના ! માટે હે માનવ ! જો તું ભોગસુખનો પણ અર્થી હોય, તો ય તારે અહીંના ગંધાતા ગોબરાં ભોગસુખ છોડી ચારિત્ર જ લેવા જેવું છે, જેથી તને એ અસંખ્ય કાળના દેવતાઈ ખરા ભોગસુખ મળે.

બાકી અહીંના અતિ ગંદા ભોગસુખમાં શું રાચે છે ? એને તું શું સુખ માને છે ?'' કહેશો.

**પ્રશ્ન :** પણ સાહેબ ! અમને અહીંના પદાર્થમાં સુખનો અનુભવ થાય છે ને ?

**ઉત્તર :** એમ તો ભૂંડને કે વિષ્ટાના કીડાને ય વિષ્ટા ચાટવામાં સુખનો

અનુભવ થાય છે, તો શું તમે એ વિષ્ટાને સુખરૂપ કે સુખનું સાધન કહેવા તૈયાર છો ? ના; બસ, તો સમજી રાખો કે શિખંડ કે શીરા આગળ જેમ વિષ્ટા એ સુખ-સાધન નથી એમ દેવતાઈ સુખ આગળ મનુષ્ય લોકના સુખ કોઈ સુખ જ નથી.

એટલે જ **ઉત્તરાધ્યયન** મૂળ આગમમાં આ સૂચવ્યું કે, 'તારે દીર્ઘાતિદીર્ઘ કાળના ખરા ભોગ-સુખ જોઈતા હોય, તો ય અહીંના ગંદા અને અલ્પકાલીન ભોગ-સુખ છોડ અને નિષ્પાપ ચારિત્ર લે.'

અહીં શાના માટે ચારિત્ર-ધર્મ લેવાનો કહ્યો ? શું મોક્ષ માટે ? કે દેવતાઈ સુખ માટે ? તો શું આગમ આવું બતાવે ? પણ બતાવ્યું છે એ હકીકત છે. કારણ એક જ, કે આ ઉત્તમ મનુષ્ય અવતારને પામી વિષયભોગનાં પાપ છોડવા જેવા છે; હિંસા-જૂઠ-ચોરી-અબ્રહ્મ-પરિગ્રહનાં પાપ છોડવા જેવા છે; કષાયોનાં પાપ છોડવા જેવા છે અને સર્વ પાપ-ત્યાગ રૂપ ચારિત્ર-ધર્મ જ સેવવા-આદરવા જેવો છે. મતલબ, જ્ઞાની કહે છે, **"પાપ છોડ અને ધર્મ કર."** પૂછો,

**પ્રશ્ન :** પણ તે શું દેવતાઈ સુખ માટે ?

**ઉત્તર :** હા, જેને હજી ભોગસુખ જ ગમે છે એને પાપમાંથી અહીં છોડાવવા એમ કહ્યું. આ જ વસ્તુ ઉત્તરાધ્યયન સૂત્રની ગાથાની પાઈય ટીકામાં વાદિવેતાલ **શાંતિસૂરિજી** આચાર્ય ભગવંતે કહી છે. એમણે કહ્યું છે,

**'विषयाभिलाषिणापि धर्मे एव यतितव्यम्'**

અર્થાત્ 'વિષયસુખના અભિલાષીએ પણ ધર્મમાં જ પ્રયત્ન કરવા જેવો છે.' બોલો, અહીં ધર્મ મોક્ષ સિવાય બીજા કોઈ આશયથી ન જ થાય એવી મનાઈ કરી ? કેમ મનાઈ ના કરી ? એટલા જ માટે કે શાસ્ત્રકારોનો એક જ અભિપ્રાય છે કે, તમે હિંસાદિ દુષ્કૃત્યો અને વિષયભોગના પાપ છોડો, ધર્મ કરો...

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૦,તા.૧૧-૪-૧૯૮૭

ધર્મ કરતાં કરતાં જો તમને હાલ ભલે મોક્ષનો રાગ નથી, પરંતુ જો મોક્ષ પ્રત્યે દ્વેષ નથી, તો આગળ પર જ્ઞાનીઓની સમજૂતીથી વિષયસુખનો મલિન આશય છૂટી જશે અને મોક્ષસુખનો પવિત્ર આશય આવી જશે એમાં અત્યારે વિષયસુખની જે અપેક્ષા છે, એ 'બાધ્ય ફલાપેક્ષા' કહેવાય.

**'બાધ્ય અપેક્ષા.' એટલે આગળ પર સમજૂતીથી યાને પ્રજ્ઞાપનાથી બાધિત થવાને યોગ્ય અપેક્ષા.**

એ અટકી જવાને યોગ્ય અપેક્ષા છે અને તે સત્ અનુષ્ઠાનનો રાગ કરાવનારી

છે. શરત માત્ર એટલી કે તમને મોક્ષ પ્રત્યે દ્વેષ-અભાવ-અરુચિ-તિરસ્કાર ન જોઈએ. આ જ વાત ન્યાયાચાર્ય મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહારાજે 'બત્રીશ બત્રીશી' શાસ્ત્રમાં આ શ્લોકથી કહી,

**अपि बाध्यफलापेक्षा, सदनुष्ठान-रागकृत् ।**

**सा च प्रज्ञापनाधीना, मुक्त्यद्वेषमपेक्षते ॥**

અર્થાત્ ધર્મ કરવામાં કદાચ સાંસારિક વિષય મેળવવાની અપેક્ષા-અભિલાષા હોય, તો પણ તે અપેક્ષા, જો મુક્તિનો અદ્વેષ છે તો, બાધ્ય કોટિની અપેક્ષા છે, ને સદ્ અનુષ્ઠાનનો રાગ કરાવનારી છે; તેમજ પ્રજ્ઞાપન(સમજૂતી)થી સુધારી શકાય એવી છે.

ઉત્તમ મોક્ષના આશય સુધી પહોંચેલા જીવોને પ્રારંભે તો આ રીતના વિષયાભિલાષથી જ ધર્મ-પ્રવૃત્તિ હોય છે; ને એ ધર્મ-પ્રવૃત્તિ કરતાં કરતાં જ પછીથી મલિન આશય સુધારી પવિત્ર મોક્ષના આશયવાળા બન્યા છે. 'મોક્ષના આશય સિવાય ધર્મપ્રવૃત્તિ કરાય જ નહિ' - જો એવો સિદ્ધાન્ત હોત, તો તો એ જીવો ધર્મ-પ્રવૃત્તિ કરત જ નહિ; ને એના બદલે પાપ-પ્રવૃત્તિમાં જ રાચ્યા માચ્યા રહ્યા હોત. એવા જીવોને જો કહ્યું હોત કે, 'જાઓ તમને મોક્ષનો આશય નથી ? તો તમારાથી દહેરે ન અવાય, ઉપાશ્રયે ન અવાય, તપ ન કરાય, જપ ન કરાય, દાન ન દેવાય, શીલ-સદાચાર ન પળાય...' એમ એને જો ધર્મ કરવાનો ઈન્કાર જ કર્યો હોત, તો એ જીવો ધર્મના બદલે શું કરતે ? હિંસા-જૂઠ-ચોરી-દુરાચાર, સ્ત્રીસંગ, પરિગ્રહસંગ, ૧૮ પાપસ્થાનકના વેપલા...વગેરે નરદમ પાપ જ પાપ કરત ને ? અને શું એમ કરતાં કરતાં એ મોક્ષના આશયવાળા બનત ? ના, એ તો ભલે લૌકિક સાંસારિક ફળની લાલચથી પણ દેવદર્શન-પૂજા, વ્રત-નિયમ, જિનવાણી-શ્રવણ, ત્યાગ-તપસ્યા, સાધુસેવા... વગેરે ધર્મ કરતાં કરતાં જ પાછળથી પ્રારંભિક મલિન આશયને સુધારી પવિત્ર મોક્ષના આશયવાળા બને છે. એટલે જૈન શાસનની મૂળ વાત આ છે કે પહેલાં આચરણ સુધારો, હિંસાદિ પાપનાં આચરણ પડતા મૂકી દાનાદિ ધર્મનાં આચરણમાં આવો; ને પછી એમાં આશય સુધારવા પ્રયત્ન કરો તો જ પવિત્ર મોક્ષાશય આવશે, પણ ના, આપમતિથી 'અમે તો પહેલા આશય સુધારવા મથીશું, પછી ભલે અમારે પાપાચરણ ઠમઠોક ચાલે.' આવો જો શિરસ્તો રાખો તો ત્રણ કાળમાં આશય નહિ સુધરે.

હિંસામય મહાઆરંભ-સમારંભો, જૂઠ-ડફાણ, ચોરી-અનીતિ-વિશ્વાસઘાત, સ્વસ્ત્રી-પરસ્ત્રીના વિષયભોગ, અઢળક પરિગ્રહ-પ્રવૃત્તિ, કંદમૂળ-મદિરા-માંસભક્ષણ વગેરે વગેરે ધૂમ પાપો ચાલુ રાખવા છે; તો શું એથી પાપના આશય પોષાશે ?

કે મોક્ષના ? અગર કહો, ના મહાઆરંભ-સમારંભમાં પણ જીવ જયણા; મોટા જૂઠના ત્યાગ; પરસ્ત્રી-વેશ્યાગમન ત્યાગ વગેરે રાખીશું, તો એટલો ય એ ધર્મ જ કર્યો ને ? હવે એમાં કદાચ આશય એ રાખ્યો કે, 'અહીં સારી પ્રતિષ્ઠા આબરૂ વધે ને સારા માણસમાં ખપીએ; તો વેપાર-વ્યવહાર સારા ચાલે,' તો આમાં મોક્ષનો આશય નથી માટે આ જયણા અને મહાપાપના ત્યાગનો ધર્મ નહિ કરવો ? અને મોક્ષના આશય વિના એવો જીવ જયણા વગેરે ધર્મ કરે તો શું એ ભયંકર ખૂનરેજી વગેરે અધર્મથી ભૂંડો ? અને દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારનારો ? તો તો એનો અર્થ એ થયો કે લોકમાં સારી સતી-સ્ત્રી તરીકેની પ્રતિષ્ઠા જાળવવાના અને પતિનો પ્રેમ બન્યો રાખવાના જ એકમાત્ર આશયથી કોઈ સ્ત્રી જો શીલધર્મ પાળે, જો પરપુરુષ ત્યાગનો ધર્મ ચુસ્તપણે પાળે, તો એને મોક્ષનો આશય નથી માટે એના શીલધર્મને અધર્મથી અર્થાત્ વેશ્યાગીરીના વ્યભિચાર-અધર્મથી ભૂંડો કહેવો પડશે ! અને એ એના શીલધર્મને દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારનારો માનવો પડશે ! આ કેવી આપત્તિ ? વ્યભિચાર-દુરાચાર-વેશ્યાગીરીથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાનું નહિ, પરંતુ મોક્ષના આશય વિના લોક-પ્રતિષ્ઠા અને પતિપ્રેમના આશયથી શીલ-સદાચાર ધર્મ પાળે એનાથી દુર્ગતિઓમાં રીબાઈ રીબાઈને મરવાનું !

'મોક્ષના આશય સિવાય ધર્મ ન જ થાય અને એવો ધર્મ અધર્મથી ભૂંડો, એ દુર્ગતિઓમાં રીબાવી રીબાવીને મારે'. આ કઈ જાતની ધર્મ-દેશના ? આ જૈન ધર્મની તો નહિ, પણ ઈતર આર્ય ધર્મની ય દેશના ન ગણાય.

અસ્તુ, અહીં કવિ કહે છે સેવક તો પ્રભુનો આસંગાયત છે યાને ઓશિયાળો છે, ગરજુ છે, તેવી એની ખાસિયત એ છે કે એ પોતાના ઇચ્છા અને પોતાની માગણીમાં ઓછું-અધિકું ય કહે; પરંતુ પ્રભુ ! તમે સ્વામી છો, ને સ્વામીની ખાસિયત એ છે કે એ સેવકના વગર કહ્યે સેવકને સેવાફળ આપે છે. માટે જ એ મોટા સ્વામી છે, ગિરુઆ સાહિબા છે. અહીં સવાલ ઊઠે છે,

**વગર-માગ્યે આપે છે તો માગવું શા માટે ?**

**પ્રશ્ન :** જો પ્રભુ વગર-માગ્યે ફળ આપે છે, તો પ્રભુને આપણે કશું દિલ દઈ કહેવું જ નહિ ? પ્રભુ પાસે કાંઈ જ માગવું નહિ ?

**ઉત્તર:** ના. ન માગવું એવું કશું નથી. જરૂર માગવું, માગતા રહેવું.

**પ્રશ્ન :** તો શું જ્યારે મોટા પ્રભુ માગ્યા વિના પણ આપે જ છે, તો પ્રભુ પાસે માગવાનો અને માગ-માગ કરવાનો કોઈ અર્થ સરે છે ?

**ઉત્તર :** હા, પ્રભુ પાસે વારંવાર માગવામાં આપણા દિલમાં પ્રાર્થિત વસ્તુની તીવ્ર આશંસા-અભિલાષા પોષાય છે; ને એ તીવ્ર આશંસા આપણને વિરોધી ભાવથી

બચાવી લે છે. દા.ત., પ્રભુ પાસે આપણે ક્ષમા ધર્મની પ્રાર્થના કરતા રહીએ એમાં આપણી ક્ષમા-ધર્મની તીવ્ર તાલાવેલી પોષાય અને તેથી ક્રોધકષાય ઉપરનો આપણો અનાદિનો પક્ષપાત મંદ પડતો જાય; ને આમ ક્ષમાદિની પ્રાર્થનાથી એની આશંસા વધીને ક્રોધાદિક કષાયો દબાતા આવે એ કાંઈ નાનોસૂનો લાભ નથી.

હવે પ્રભુને પ્રાર્થના કરવા છતાં પ્રભુ બોલતા નથી, તો શું કરવું ? એટલું ધ્યાનમાં રાખો કે પ્રભુને પ્રાર્થના-આગણી કરવામાં મુખ્યપણે તો આશંસા વ્યક્ત કરવાની હોય, તો 'તિત્થયરા મે પસીયંતુ' અર્થાત્ 'તીર્થંકર ભગવંતો મારા પર પ્રસન્ન થાઓ, મારા પર પ્રસાદ કરો, મહેરબાની કરો.'- એ પ્રાર્થનામાં શી આશંસા રાખવાની ? જો પ્રભુની મહેરબાનીની આશંસા રાખવાની હોય તો શું વીતરાગ પ્રભુ પ્રસન્ન થાય ? મહેરબાની કરે ? અને જો પ્રાર્થક પર પ્રસન્ન થતા હોય, મહેરબાની કરતા હોય, તો પ્રભુ પછી વીતરાગ નહિ પણ રાગી ઠરશે ! શું વીતરાગ પ્રાર્થકપર પ્રસન્ન થાય ? રાગ કરે ? ત્યારે જો આપણે જાણીએ જ છીએ કે વીતરાગ પ્રભુ કોઈના પર રીઝતા નથી, રુષતા નથી, તો પછી 'પ્રભુ મારા પર પ્રસન્ન થાઓ, મારા પર રીઝો, મારા પર રાગ પ્રેમ કરો.' એમ બોલવા આપણી જીભ કેમ ઊપડે ?

**ઉત્તર :** 'તિત્થયરા મે પસીયંતુ' એ ગણધરવાણી છે. એ ગણધર ભગવાન દ્વાદશાંગી અને તદન્તર્ગત ૧૪ 'પૂર્વ' શાસ્ત્રોના રચયિતા છે. એ અસત્ય કે અ-વાસ્તવિક બોલે નહિ. તો અહીં જે 'વીતરાગ તીર્થંકર દેવો મારા પર પ્રસન્ન થાઓ' લખ્યું એની પાછળ કોઈ રહસ્ય છે એમ સમજવું જોઈએ.

**'તીર્થંકરો પ્રસન્ન થાઓ'નું રહસ્ય : ચોથી ભાષા :**

શાસ્ત્રકારો 'વીતરાગ તીર્થંકરો મારા પર પ્રસન્ન થાઓ' એ ભાષાને ચોથી ભાષા કહે છે. આપણે ભાષા બોલીએ છીએ એ ચાર પ્રકારની ભાષા છે.

**ચાર પ્રકારની ભાષા, :-** (૧) સત્યભાષા, (૨) અસત્યભાષા, (૩) મિશ્રભાષા અને (૪) વ્યવહારભાષા.

(૧) સત્યભાષા એટલે, જેવી વસ્તુ-સ્થિતિ હોય તેવું બોલવું એ સત્યભાષા. (૨) વસ્તુ સ્થિતિ કરતાં જુદું કહેવું એ અસત્યભાષા અથવા મૃષાભાષા. (૩) થોડી સાચી થોડી અસત્ય બોલાય તે મિશ્રભાષા. ત્યારે (૪) જેમાં સાચું કે જૂઠ જેવું કાંઈ નથી, એ વ્યવહારભાષા. દા.ત., કોઈએ બીજાને કહ્યું 'ભાઈ જરા અહીં આવજો' આમાં સાચું-જૂઠું કશું નથી, માત્ર સામાને આજ્ઞા છે. સામાને બોલાવવા શબ્દ-વ્યવહાર કર્યો એટલું જ; તેથી આને 'વ્યવહારભાષા' કહેવાય.

એમ પ્રસ્તુતમાં તીર્થંકર ભગવંતોને વિનંતિ કરી કે, 'પ્રભુ ! મારા પર પ્રસન્ન

થાઓ.' આમાં સાચા ખોટા જેવું કશું નથી. એમાં આપણે પ્રભુને માત્ર વિનંતિ કરી એટલું જ. એમાં કાંઈ વસ્તુનું પ્રતિપાદન નથી કે જેથી સવાલ રહે કે વસ્તુ છે તેવીનું પ્રતિપાદન છે ? કે નથી તેવીનું પ્રતિપાદન ? આવું કાંઈક પ્રતિપાદન હોય તો તે સાચું છે કે ખોટું છે એમ જોવાનું રહ્યું, પરંતુ જ્યાં માત્ર આજ્ઞા છે, વિનંતિ છે; એમાં સાચા-ખોટાનો સત્ય-અસત્યનો સવાલ જ નથી ઊભો થતો. એટલે 'પ્રભુ ! મારા પર પ્રસન્ન થાઓ, એવી પ્રભુને વિનંતિ કરીએ, એમાં કશું ખોટું-સાચું વિચારવાનું રહેતું નથી.

**પ્રશ્ન :** વીતરાગ પ્રભુ જો પ્રસન્ન થતા નથી, તો શા માટે કહેવું કે પ્રભુ પ્રસન્ન થાઓ ?

**ઉત્તર :** 'ભગવાન પ્રસન્ન થાઓ' આ જે કહેવાનું છે ત્યાં મનમાં આ ભાવ લાવવાનો છે કે- 'અરિહંત તીર્થંકર ભગવાનનો અચિંત્ય પ્રભાવ મને પ્રાપ્ત હો.' આ પણ પ્રભુ પાસે માગવાની વસ્તુ નથી, કિન્તુ આપણા દિલની ઉત્કટ આશંસા-અભિલાષા વ્યક્ત કરવાની છે કે, 'જગતમાં જીવને જે બધું સારું પ્રાપ્ત થાય છે એમાં મુખ્યપણે અરિહંત ભગવાનનો અચિંત્ય પ્રભાવ જ કામ કરી રહ્યો છે. એ પ્રભાવની મારી શ્રદ્ધા દિનપ્રતિદિન વધતી રહો, જેથી હું હંમેશા અરિહંત પ્રભુના અનંત ઉપકારનો ભાર મારા માથે રાખું, એ પ્રભુ પ્રત્યેની ભારોભાર કૃતજ્ઞતા કદી ન ભૂલું...'

અરિહંત પ્રભુનો આ અચિંત્ય પ્રભાવ આપણા વગર માગ્યે, વગર ધાર્યે, આપણને અદ્ભુત ફળ આપે છે. એ ફળ આપનાર પ્રભુનો પ્રભાવ છે એટલે કે ખરેખર પ્રભુ પોતે જ છે. તેથી કવિએ એવા ફળદાતા પ્રભુને 'ગિરુઆ સાહેબ' તરીકે સંબોધ્યા. પછી કવિ બાળકની જેમ પ્રભુને લાડથી હવે કહે છે કે, 'હે ચંદ્રપ્રભસ્વામિ !

**દીન કહ્યા વિણ દાનથી રે, દાતાની વધે મામ;**
**જલ દીએ ચાતક ખીજવીરે, મેઘ હુઓ તિણે શ્યામ...૩**

**ભાવાર્થ :** દીન સેવકના માગ્યા વિના દાતા જો દાન આપે છે, તો એમાં દાનની મમતા વધે છે, મહત્તા વધે છે, દાતા પ્રત્યે (દીન સેવકની) મમતા વધે છે. (એના બદલે દાતા જો આપવામાં સેવકને ટીંગળાવે છે તો એ શોભા વિનાના ઝાંખા પડી જાય છે.) દા.ત., મેઘ તરસ્યા ચાતક પક્ષીને ખીજવી-ટિંગળાવીને પાણી આપે છે, તો એ શ્યામ બનેલો છે.

**વિવેચન :** કવિ પ્રભુને વિનંતિ કરે છે કે, હે પ્રભુ ! હું આપનો દીન-રાંક સેવક છું. સેવક દીન બનીને માગે અને આપ ટળવળાવીને આપો, તેની કાંઈ

કિંમત નથી. દાસની કાકલુદી વગર, આજીજીની અપેક્ષા વગર અને ટળવળાવ્યા વગર, દાસને સુખસાધન આપવામાં દાતાની મહત્તા વધે છે. જેમકે પૂર્વકાળમાં શેઠિયાઓ આવું દાન કરતા હતા. તપાસ રાખતા કે ગામમાં કોણ સીદાય છે. પછી સીદાતાને આપવાની છાશમાં કે લાડુમાં ખાનગી સોનાનો સિક્કો નાખી દેતા ! આ રીતે ગરીબોની વ્હારે ધાતા.

**પેલા શેઠનો દાખલો આવે છે ને ?**

પ્રતિક્રમણમાં હાર ન પહેરાય તેથી હાર બાજુ પર મૂકીને શેઠ પ્રતિક્રમણ કરવા બેઠા તો સીદાતા સાધર્મિકે શેઠની પહેલા સામાયિક પારી હારની ચોરી કરી. પછીથી શેઠને ખ્યાલ આવી ગયો કે એ શ્રાવક વહેલો ઊઠ્યો તે લઈ ગયો હશે. ત્યાં શેઠ કશી હોહા કરતા નથી, કશું બોલતા નથી, ઊલટું એમ માને છે કે, "છતી શક્તિએ મેં સાધર્મિકનો ઉદ્ધાર ન કર્યો તે ભૂલ થઈ. તેથી તો એ બિચારા સીદાતા શ્રાવકને આ કામ કરવું પડ્યું હશે; ચાલો સારું થયું કે મેં જાતે સાધર્મિક-ઉદ્ધાર ન કર્યો તે એણે મારી પાસે સાધર્મિક ઉદ્ધારનો ધર્મ કરાવ્યો એનો ઉપકાર માનું. હવેથી એ હાર એનો, મારો નહિ !"

બીજે દિવસે પેલો શ્રાવક આ શેઠને ત્યાં જ જઈ હાર રજુ કરી એના પર લોન માગે છે.

શેઠ કહે, 'તમારો હાર લઈ જાઓ પાછો અને જોઈએ તેટલી રકમની લોન એમ ને એમ લઈ જાઓ.'

પેલો કહે : 'ના શેઠ ! એમ ને એમ નહિ. આ હાર રાખો ને એના પર લોન આપો.'

શેઠ કહે, 'તો એના પર તમારા નામની ચિઢ્ઢિ બાંધીને મૂકો. લોન પાછી વાળો અગર તમારે જરૂર હોય ત્યારે આ તમારો હાર પાછો લઈ જજો.'

પેલો શ્રાવક આ સાંભળીને પીગળી ગયો શેઠને હાથ જોડીને રોતો રોતો કહે છે, 'શેઠ સાહેબ ! માફ કરજો, આ હાર તમારો જ છે. માફ કરજો. મેં પડિક્ક-મણામાંથી વહેલો ઊઠીને ચોરી લીધેલો હતો.' એમ બોલતાં બોલતાં એની આંખમાંથી આંસુ પડે છે.

શેઠ કહે, "અરે ! આ તમે શું બોલ્યા ! મારો હાર ચોરાયો જ નથી ને આ હાર મારો છે જ નહિ તેથી મારાથી આ રખાય જ નહિ. એટલે આ તો તમે તમારો હાર લઈ જ જાઓ અને લોન પણ લઈ જાઓ."

મોટા માણસની ખરી મહત્તા એ, કે વગર માગ્યે આપે ! ગૌતમસ્વામીજી પાસે ૧૫૦૩ તાપસોએ એટલું જ માગ્યું હતું પણ ગૌતમસ્વામીને પોતાનો કેસ સોંપી

દીધો હતો તેથી જ 'અમને અષ્ટાપદ પર કૈલાસનાથનાં દર્શન કરાવો' એમ માગેલું, પરંતુ ગૌતમસ્વામીજીએ એમને જીવંત કૈલાસનાથના દર્શન કરાવ્યા ! યાવત્ એ ગુરુ પહેલાં કેવલી બન્યા ! માત્ર આ તાપસો જ નહિ, પરંતુ કુલ એમના ૫૦ હજાર શિષ્યો કેવળજ્ઞાની બન્યા હતા ! ગુરુ ગૌતમની કેટલી બધી મહત્તા વધી ?

અહીં કવિ પ્રભુને કહે છે, 'પ્રભુ ! રાંક સેવકને વણમાગ્યે દેવાથી દાતાની મહત્તા વધે છે અથવા દાતા પર સેવકની મમતા વધે છે માટે મને દો.'

**જળ દીએ ચાતક ખીજવી રે, મેઘ હુઓ તેણે શ્યામ-**

આઠ મહિના સુધી ચાતકને રાહ જોવડાવી ખીજવીને-સંતાપ કરાવીને ટળવળાવ્યા પછી મેઘ એને પાણી આપે છે, તો જુઓ એથી એ મેઘ શ્યામ બની ગયો. માટે પ્રભુ ! તમે મહાન દાતા, મને ટળવળાવો નહિ. એમાં તમારી શોભા-મહત્તા વધે નહિ, ઊલટી ઘટી જાય !

આ તો ભગવાનને માત્ર મીઠો ઉપાલંભ છે. બાકી તો,

**અરિહંતને આપણે આપણા દિલમાં જેટલું ઊંચું મહત્ત્વ આપીએ. હું પદ છોડી આપણા દિલમાં એમને સર્વ શુભમાં સર્વેસર્વા કર્તા-સ્રષ્ટા તરીકે સ્થાન આપી એ, તેટલા અરિહંત આપણને ફળે જ છે.**

માત્ર જેટલી ઊંચી આપણી શ્રદ્ધા, એટલા ઊંચા અને વહેલા ફળે છે; અષ્ટ પ્રાતિહાર્યયુક્ત અરિહંતને આપણા દિલમાં બેસાડીએ, ઉચ્ચ શ્રદ્ધા-બહુમાન-આદર સાથે ચિંતવીએ, તો આપણી ઊંચી ઉન્નતિ થાય છે. લીલાછમ પાંદડાની ઘટાવાળા અશોક વૃક્ષની નીચે પ્રભુને જોતાં એ લીલાશ કલ્પનામાં લાવવાથી આંખની રોશની વધે છે. સમવસરણમાં અરિહંત બેઠા છે, ને ઝરમર-ઝરમર પુષ્પવૃષ્ટિ થઈ રહી છે તે ચિંતવતાં ખરેખર ફૂલની સુગંધી આપણી આસપાસ ફેલાય છે, તેવો અનુભવ થાય છે. આ રીતે આઠેય પ્રાતિહાર્ય સહિત અરિહંતનું ચિંતન કરતાં આપણા આત્મામાં સ્ફૂર્તિ આવે છે. આવા પ્રભાવવંતા પ્રભુને ટોણો શાનો મારવાનો હોય કે, 'પ્રભુ મને જો ટિંગળાવીને ફળ દેશો, તો મેઘની જેમ શ્યામ ઝાંખા પડી જશો ?' પરંતુ કવિ અહીં કહી રહ્યા છે એ લાડમાં મીઠો ઠપકો બોલી રહ્યા છે. એનું કારણ એ છે કે કવિએ પ્રભુ સાથે પોતાનો માત્ર કહેવાનો બાળભાવ નહિ પણ ખરેખરો બાળભાવ કેળવ્યો છે. પ્રભુ ! તમે મારી માતા છો, હું તમારો બાળ છું. હું તમને ન કહું તો બીજા કોને કહું ? હું તો તમારો કેવો પાલવ પકડી બેઠો છું કે જેમ બાળક માતાની સાથે ઠપકાથી વાત કરે એમ, પ્રભુ ! તમારી સાથે વાત કરી રહ્યો છું. એની પાછળ કવિએ પ્રભુને ખરેખર માતા માની પોતે પ્રભુ સાથે ખરેખર બાળભાવ કેળવ્યો છે, એમ સમજાય છે.

એટલે જ પહેલાં તો આપણે પ્રભુ સાથે આ ઠપકાની ભાષા શીખવા કરતાં પ્રભુ સાથે આપણો બાળભાવ કેળવવાનું શીખવા જેવું છે. જો આપણે વિનયી હોઈએ તો હજી આપણી પચાસ સાઠ વરસની ઉંમરે પણ મા-બાપ આગળ આપણા દિલમાં બાળભાવ રાખતાં આવડે અને મા-બાપ આપણને આપણા નામના દા.ત., રતિલાલ, લાલભાઈ વગેરે માનવંતા શબ્દથી આપણને બોલાવે, એ આપણને ન ગમે, પરંતુ 'રતુ', 'લાલુ' વગેરે તુંકાર શબ્દથી બોલાવે તે ગમે. તેમજ ખાનગીમાં આપણને અવસરે 'બેવકૂફ ! આવી આવી રીતે બોલતાં શરમ નથી આવતી ?' એ શબ્દોમાં ઠપકારે તો તે આપણે પ્રેમથી વધાવી લઈએ; તેમજ અવસરે માબાપના પગે પડીને આપણે એમને કહીએ, 'બા ! બાપુજી ! મારી ભૂલ થઈ મને ક્ષમા કરો. હું તમારો બાળ છું, નાદાન છું. ફરીથી ભૂલ ન કરવા ધ્યાન રાખીશ...' આવું બધું આપણે હજી માબાપ સાથે દિલના સંવેદનથી કહી શકીએ છીએ, પરંતુ પ્રભુ સાથે આ રીતનું સંવેદનથી કરીએ છીએ ? ના-ના, શબ્દોમાં ભલે કવિતા શબ્દો પ્રભુ આગળ રટી આવીએ એટલું જ, પણ માતાની જેમ પ્રભુ સાથે દિલના એવા મેળ બેસતા નથી.

**પ્રશ્ન :** સગી માતાની જેમ પ્રભુ સાથે કેમ મેળ નહિ કે પ્રભુ આપણા દિલને ખરેખર માતા કે પિતા લાગે ?

**ઉત્તર :** આનાં કારણો છે,

(૧) કાં તો પહેલા નંબરમાં પ્રભુની મૂર્તિ એટલે ખરેખર જીવંત પ્રભુ દેખાતા નથી.

(૨) અથવા તો મનમાં જીવંત પ્રભુને લાવતાં આવડતું નથી કે એમની સાથે વાતચીત કરી શકીએ.

(૩) અથવા કદાચ આમ આવડે, તો ય એ ભગવાન ખરેખર આપણી માતા યા પિતા છે એ તરીકે લેખતાં આવડતું નથી.

(૪) બીજા કારણોમાં, વૈરાગ્યના અભાવે બહારમાં આપણે એટલા બધા ઓતપ્રોત રહીએ છીએ, ને એમાં રાચીએ માચીએ છીએ, કે પછી પ્રભુ સાથે હૈયું એવું જામતું નથી.

પ્રભુ સાથે ન ભળવામાં મોટું કારણ આ છે કે-જડ પુદ્ગલ અને ચેતન સગાવહાલામાં ઓતપ્રોતતા અને એમાં રાચવા માચવાનું રાખી રહ્યા છીએ. તેથી હવે જો પ્રભુ સાથે ભળવું હોય તો પહેલું આ કરવું જોઈએ કે આપણમાં વૈરાગ્યની આગ સળગે, દુન્યવી સગાવહાલા શું, કે જડ પદાર્થો ધન-માલ વગેરે શું, બધા દિલથી અકારા લાગે, ખાવા ધાય ! **તત્ત્વથી તત્ત્વદૃષ્ટિએ પાડોશી નહિ, પણ**

**સગાવહાલા જ આપણી પાસે અઢળક મોહ અને અઢળક પાપો કરાવી અને આપણું પુણ્ય ધન ખરચાવી દઈ આપણને દુર્ગતિઓમાં ભટકતા કરી દે છે.** માટે આપણને ખાવા ધાતા હોય એમ લાગે,ત્યારે આપણને પ્રભુ આપણા સાચા હિતૈષી લાગે. પ્રભુ જ ખરેખરા જીવંત માતા પિતા લાગે અને એમની આગળ આપણે બાળક છીએ એમ લાગી એમની સાથે આપણે હકથી વાતચીત કરી શકીએ.

હવે કવિ પ્રભુને વિનવે છે,

**પીયુ પીયુ કરી તુમને જપું રે, હું ચાતક તુમે મેહ રે;**
**એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ...આવો...૪**

**ભાવાર્થ :** 'પીયુ પીયુ' એ શબ્દો વડે હું ચાતક બનીને આપને વિનવું છું આપ મેઘ બની (સમકિતરૂપી વર્ષાની કૃપા કરો. આપ મારી વિનંતિ સત્ત્વર સ્વીકાર કરો ને મારા દુષ્કૃતો દ્વારા ઊભા થયેલા) સમસ્ત દુઃખોનો ક્ષણમાં નાશ કરો. જેથી મારો આપના ઉપરનો સ્નેહ બમણો થઈ જાય.

**વિવેચન :** હે પ્રભુ ! આપ મેઘ સમાન છો, સમ્યક્ત્વરૂપી પાણી વરસી-વરસીને વિશ્વનું દારિદ્ર દૂર કરનારા છો. આ જ કવિ બીજા એક સ્તવનમાં કહે છે

**"દૂર કરે દુઃખ વિશ્વના, વરસંતી જલધારા,**
**તિમ હમકું પ્રભુ ! તુમ ભયે, સમકિત દાતારા...**
**મેરે સાહિબ તુમ હી હો"**

અર્થાત્ મેઘ જલધારા વરસાવીને વિશ્વનાં દુઃખ દૂર કરે છે; તેમ હમારે માટે તમે પ્રભુ મેઘ સમાન છો, ને અમને સમકિતરૂપી જળ આપનારા છો, તો હે પ્રભુ ! તમે મેઘ અને હું ચાતક છું. આપનું રાત દિવસ પીઉ ! પીઉ ! એનો જાપ જપું છું માટે આપ પલવારમાં મારા દુઃખ હરો. જેથી મારો આપના પરનો સ્નેહ વધુ પ્રબળ બને.

ભગવાન પલવારમાં દુઃખ હરનારા છે. પલવાર પણ પ્રભુનું ધ્યાન કરતા જાઓ, ધારેલી સિદ્ધિ મળે છે. જેમ ગુણસાગર ચોરીમાં કેવળજ્ઞાની થયા ! ચોરીમાં બેઠા છે ને હાથમાં અપ્સરાસમી આઠ-આઠ રૂપસુંદરી કન્યાના હાથ છે, પણ વીતરાગની લેહ લગાડી, તો આઠ કન્યાના હાથ હજી હાથમાં રહ્યા ને પોતે કેવળજ્ઞાની બની ગયા ! પ્રભુએ ક્ષણવારમાં તેમનાં દુઃખ હર્યા.

**પ્રશ્ન :** એક ક્ષણમાં અર્થાત્ એક લહેરમાં પ્રભુ પાસે દુઃખ હરવાનું માગ્યું, તે શું સુખ-દુઃખ મનની કલ્પના છે તે પ્રભુ સ્મરણથી ક્ષણમાં દુઃખ મટી જાય ?

**ઉત્તર :** ના, સુખ-દુઃખ માત્ર કલ્પના નહિ, પણ શાતા-અશાતા કર્મના ઉદયે

આત્માના પ્રત્યક્ષ પરિણામ છે. નરકમાં જે જીવો ભયંકર દુઃખ વેઠી રહ્યા છે તે માત્ર એકલી કલ્પનાથી થોડા વેઠી રહ્યા છે ? વાસ્તવિક વેઠી રહ્યા છે માટે તો ક્ષાયિક સમકિતના ધણી શ્રેણિક અત્યારે નરકમાં સતત ચીસો પાડી રહ્યા છે.

**પ્રશ્ન :** તો પછી પ્રભુને ક્ષણમાં 'દુઃખહર' દુઃખ હરનારા શી રીતે કહ્યા ?

**ઉત્તર :** દુઃખહર કહ્યું તે સંસારરૂપી દુઃખના હરનારા, ઘનઘાતી કર્મયોગરૂપી દુઃખના હરનારા, માનસિક દુઃખ, ભાવ દુઃખના હરનારા પ્રભુ છે. જીવ વીતરાગ પ્રભુની વીતરાગતા સાથે એકાકાર થઈ જાય, અભેદ પ્રણિધાન કરનારો થઈ જાય, એટલે અનાસક્ત યોગ, સમત્વયોગ અને વૃત્તિ-સંક્ષેપ યોગ આવીને વીતરાગ બની તરત જ બાકીના જ્ઞાનાવરણાદિ સમસ્ત ઘાતી કર્મોનો ક્ષય કરી કેવળજ્ઞાન પામી જાય છે. ત્યાં 'સદેહ મુક્તિ મળવાથી ભવદુઃખનો ક્ષય થયો કહેવાય. આ કરવાની તાકાત અભેદ ધ્યાનના વિષયભૂત શ્રી વીતરાગ પ્રભુની ગણાય માટે પ્રભુ ક્ષણમાં દુઃખહર છે એમ કહેવાય...

### શીતલાચાર્ય અને ૪ ભાણેજ મુનિ

ભગવાન એક લહેરમાં દુઃખ હરે છે, જેમકે શીતલાચાર્ય અને તેમના ચાર ભાણેજના એક લહેરમાં દુઃખ હરાઈ ગયા. શીતલાચાર્ય જંઘાબળ ક્ષીણ થઈ જવાથી સ્થિરવાસ કરીને રહેતા હતા. તેમના ચાર ભાણેજ મુનિ દૂરથી વિહાર કરી વંદન કરવા આવી રહ્યા હતા. ઠેઠ નગરની નજીક આવી ગયા. સાંજ પડી ગઈ હોવાથી નગરના નાકે ધર્મશાળામાં રાત રોકાઈ ગયા. કાલ સવારે મામા મહારાજના દર્શન કરશું, એમ વિચારી રહ્યા હતા ત્યારે અહીં મામા મહારાજને સમાચાર મળ્યા કે ભાણેજ મુનિઓ આવી રહ્યા છે તો 'એ ભાણેજો કેમ અહીં ઠેઠ ન આવ્યા ? ગામની બહાર કેમ રહ્યા ?' એમ મામા વિચારે છે.

અહીં ચારેય ભાણેજ મુનિઓ વિચાર કરે છે, "ક્યારે મામા મહારાજ પાસે જઈશું ! મામા મહારાજની સેવા કરીશું ! દર્શન-વંદન કરી પાવન થઈશું !" પણ આ સાંજ પડી ગઈ તેથી મામા મહારાજને વંદન કરવાનો ને તેમની પાસે પહોંચવાનો અંતરાય ઊભો થયો !

"અહો ! મામા મહારાજ કેવાક મહાજ્ઞાની ! કેવાક દીર્ઘકાળના વિશુદ્ધ સંયમના પાલનહાર ! કેવાક એ સમતાના સાગર ! અરે ! આવા મહાન ગુણનિધિ મહામુનિને વંદન કરવાનો રાતભરનો આપણને અંતરાય પડ્યો ? ક્યારે સવાર પડે ને નગરમાં જઈ મહર્ષિના ચરણમાં ઝુકીએ ! ધન્ય મહર્ષિ ! ધન્ય આપની ગુણ સંપત્તિ !..." એમ આખી રાત મામા મહારાજના ગુણોની અનુમોદનાનો અને પોતાને નડતી કર્મોની વિટંબણાની નિંદાનો વિચાર કરતાં કરતાં ચારેયને કેવળજ્ઞાન થયું !

એટલામાં કેવળજ્ઞાન ? ઉચ્ચ આત્માઓને વાત વાતમાં કેવળજ્ઞાન !

**પ્રશ્ન :** એમ તો ચાર મુનિઓ મામા મહારાજના ગુણોની વિહારમાં અનુમોદના તો કરતા હશે અને વંદનાની ઝંખનાય કરતા હશે, તો કેમ રસ્તામાં કેવળજ્ઞાન નહિ ? ને અહીં કેવળજ્ઞાન થયું ? શું એનું કારણ ?

**ઉત્તર :** કારણ આ: (૧) એક તો કર્મ ખપાવવા બાકી હોય એ ખપ્યા વિના શી રીતે કેવળજ્ઞાન થાય ?

(૨) બીજું એ, કે વિહારના રસ્તામાં ગુરુને ભેટવાની અને વંદનાની આતુરતા ખરી, પરંતુ એટલી જોરદાર નહિ; કેમકે ત્યાં સમજ એવી છે કે 'હજી તો રસ્તો સારો કાપવાનો બાકી છે, તેથી એમ ક્યાં કાલ સવારે જ દર્શન વંદન મળવાના છે ?' જ્યારે અહીં તો સમજે છે કે 'કાલે સવારે જ દર્શન-વંદન મળવાના છે' તેથી આતુરતા જોરદાર એટલે શુભ ભાવના જોરદાર થઈ ગઈ.

(૩) વળી પોતે ગામ બહાર છે અને મામા મહારાજ ગામની અંદર છે. એટલે જાણે એમ જ લાગે છે કે, 'મામા મહારાજ આ સામે જ છે !' તેથી માનસિક દર્શન થઈ રહ્યા છે એટલે પણ શુભ ભાવના વધી ગઈ.

(૪) અર્ધો-એક કલાક વહેલા હોત તો તો ગામમાં પહોંચી જઈ દર્શન વંદન તરત મળત, એના બદલે એટલા જરાકશા મોડા પડ્યા એમાં રાતભરનો અંતરાય થયો; એ વસ્તુ પોતાના પૂર્વ કર્મને લીધે થઈ, પોતે પૂર્વે કરેલ દુષ્કૃતના લીધે થઈ. એટલે દુષ્કૃતની નિંદા કરવાનો અવસર અહીં મળ્યો. તેથી જોરદાર દુષ્કૃતગર્હા થતાં ભાવના જોરદાર વધી ગઈ. આવી વસ્તુ વિહારના રસ્તામાં નહિ બનેલી.

એમ તો જુઓને મૃગાવતીશ્રી સાધ્વીજીને ભગવાનના સમવસરણમાં હતા ત્યાં કેવળજ્ઞાન ન થયું, કેમકે એવો કાંઈ ત્યાં દુષ્કૃતગર્હાનો મોકો નહિ મળ્યો; અને પછી મુકામે આવ્યા ને ગુરુણી ચંદનબાળા તરફથી ઠપકો મળ્યો કે, 'કુલીનને મોડું આવવું શોભે નહિ.' એના પર એ પ્રમાદની દુષ્કૃતગર્હાનો મોકો મળ્યો; એમાં ચાર ઘનઘાતી ક્ષય કરી કેવળજ્ઞાન પામી ગયા !

આ હિસાબે આવા મહાન આત્માઓની આ જન્મનાં અને પૂર્વ જન્મનાં દુષ્કૃતોની નિંદા-ગર્હા-સંતાપ કેટલા બધા જોરદાર હશે કે સહેજ વારમાં શુક્લધ્યાન અને કેવળજ્ઞાન પામી જાય છે ? પૂછો,

**પ્રશ્ન :** જોરદાર દુષ્કૃતનિંદા-સંતાપમાં એટલી બધી શી તાકાત હશે કે તરત કેવળજ્ઞાન અપાવે ?

**ઉત્તર : અતિ જોરદાર દુષ્કૃત નિંદા-સંતાપથી દુષ્કૃતના મૂળ કારણભૂત પરપદાર્થો પ્રત્યેની આસક્તિ ઓછી થતી થતી અનાસક્ત ભાવ સુધી પહોંચી જાય છે.**

અને વીતરાગ બનવા માટે આ જ કરવાનું છે કે જગતના પદાર્થો પ્રત્યેની ...યાવત્ પોતાની કાયા અને અહંત્વ પ્રત્યેની આસક્તિ પણ મરવા પડે અને સમૂળગી નષ્ટ થઈ જાય.

**ઝાંઝરિયા ઋષિના** ઘાતક રાજાને આ પ્રબળ દુષ્કૃત-નિંદા-સંતાપનો મોકો મળી ગયો, તેથી એના દ્વારા અનાસક્ત ભાવ જળહળી ઊઠ્યો, તો તરત વીતરાગતા અને કેવળજ્ઞાન પામી ગયા ! પૂછો :

**પ્રશ્ન :** તો આપણને દુષ્કૃત-નિંદાથી એવી ભાવના કેમ વધતી નથી ?

**ઉત્તર :** પૂર્વ પુરુષોના પ્રસંગ પરથી આ જોવાનું છે કે અલબત આપણે આપણાથી થતા પાપ દુષ્કૃતની નિંદા અને સંતાપ તો કરીએ છીએ, પરંતુ બીજી બાજુ પરપદાર્થની આસક્તિ કેટલી ઓછી કરીએ છીએ ? દા.ત., કોઈ કામે જવા ઊંચું જોઈ સફર-સફર ચાલ્યા અને પગ નીચે કીડીઓ કચરાઈ ગઈ દેખી, તો ત્યાં હિંસા-દુષ્કૃતનો સંતાપ થાય છે, પરંતુ જે દુન્યવી સ્વાર્થ પર ઘૃણા ક્યાં થઈ ? પરપદાર્થ ઉપર અને એની આસક્તિ પર ઘૃણા ક્યાં થઈ ? કે જેના નિમિત્તે જીવહિંસા થઈ ? ત્યારે જીવનમાં તો આ જોતા રહેવાનું છે કે અલબત હજી હિંસા-જૂઠ વગેરે પાપ થઈ જાય એ ખટકે છે, એનો સંતાપ પણ થાય છે. પરંતુ જે દુન્યવી પદાર્થની યાવત્ પોતાનાં માન-સન્માનની ખાતર આ પાપો થાય છે, તે પદાર્થોની અને માન-સન્માનની રહેતી આસક્તિ ક્યાં ખટકે છે ? એનો સંતાપ ક્યાં છે ?

અલબત્ પાપ પ્રત્યે ઘૃણા હજી થાય, પરંતુ એ પાપનાં નિમિત્તભૂત દુન્યવી મોહમાયાના પદાર્થ પ્રત્યે ઘૃણા ક્યાં થાય છે ? સૂગ-અભાવ ક્યાં થાય છે ?...યાવત્

**પોતાની પાપી જાત પર ઘૃણા-સૂગ-અભાવ ક્યાં છે કે**

'ધિક્કાર પડો મારા મનખાને ! ધિક્કાર હો મારા જીવને, કે હું આ એવી મોહમાયા અને દુન્યવી પદાર્થોની મમતા-અસક્તિ-તૃષ્ણા લઈને બેઠો છું, કે જેના નિમિત્તે અઢળક હિંસાદિના અને ક્રોધ-અભિમાનાદિ કષાયોનાં પાપ મારે કરવા પડે છે !'

પૂર્વના મહાપુરુષોનાં જીવનમાં આ પોતાને પોતાની દોષભરી જાત પ્રત્યે ઘૃણા વરસતી હતી અને મોહમાયા તથા એની આસક્તિ પર ઘૃણા ચાલતી હતી; તેથી મોકો આવ્યે એ ઘૃણા વધી જતાં આસક્તિ સાવ છૂટી ગઈ ! અને અનાસક્ત યોગમાં ચડી વીતરાગ સર્વજ્ઞ કેવળજ્ઞાની બની ગયા !

**ભરત ચક્રવર્તીને** હંમેશા આ આંતર વિખવાદ ચાલતો હતો, તેથી અવસર આવ્યે અરીસા ભવનમાં એક વીંટી ઊતરી જતાં જાતના મોહની ઘૃણા વધી ગઈ, અનાસક્ત બની ગયા ! કેવળજ્ઞાન પામી ગયા !

**મરુદેવા માતાએ શું કર્યું ?** પુત્ર ઋષભદેવને મોહ છોડી ઘર છોડ્યું, પણ

માતા પોતે મોહ રાખી હજાર વરસ રોતા બેઠા ! કેટલો ફરક ? એથી ઋષભદેવ તો તીર્થંકર થયા, પણ એમણે સામે આવેલ માતાને બોલાવ્યા નહિ એથી માતાને પહેલાં તો ખોટું લાગ્યું. પરંતુ પછી જાત પર ઘૃણા થઈ, કે 'હું કેવી મૂરખી કે રોઈ ? કોણ કોનું છે ?..., એમ કરી અન્યત્વ ભાવનામાં ચડી આસક્તિ ફગાવી દીધી ! અનાસક્ત યોગમાં ચડ્યા ! વીતરાગ સર્વજ્ઞ થયા અને આયુષ્ય ત્યાં જ પૂર્ણ થતાં મોક્ષ પામી ગયા !

**ઝાંઝરિયા મુનિના અને ખંધક મુનિના ઘાતક** બે રાજાને પોતે કરેલા ઋષિ-હત્યાના ઘોર પાપ પર પછીથી 'એ પાપ કોણે કરાવ્યું ?' -એ વિચાર આવ્યો અને એ પાપ કરાવનાર રાજાપણાની સત્તા અને અભિમાન પર ઘૃણા થઈ, તો રાજ્યપાટ ખજાના પરિવાર પ્રત્યેની... યાવત્ ઠેઠ જાત પ્રત્યેની આસક્તિ મૂકી ! એ અનાસક્ત ભાવમાં ચડ્યા, ને વીતરાગ થઈ સર્વજ્ઞ થયા !

**મહત્ત્વની વાત આ છે, કે એકલા હિંસાદિ પાપોને જ ન રુઓ, કિન્તુ વિશેષ તો (૧) એમાં નિમિત્તભૂત દુન્યવી પદાર્થોને રુઓ, (૨) પદાર્થોની આસક્તિને રુઓ, (૩) આસક્તિ મોળી પાડો અને (૪) આસક્તિને ફગાવી દો.**

**'વિસલ્લી-કરણેણં' શા માટે ?**

એટલે તો જુઓ, 'તસ્સ ઉત્તરી કરણેણં' સૂત્રમાં 'વિસોહિ કરણેણં' પછી 'વિસલ્લી કરણેણં' પદ મૂક્યું, કેમ મૂક્યું ? 'વિસોહિ-કરણેણં' એટલે પાપની વિશુદ્ધિ કરવા વડે,' એમ બોલ્યા એમાં પાપ તો સાફ થઈ ગયા, હવે 'વિસલ્લી કરણેણં'માં નવું શું કરવાનું ? તો કે, 'એ પાપના મૂળભૂત પરપદાર્થની આસક્તિના શલ્યને હટાવવાનું બાકી છે. તેને હટાવવા પડે' એવો 'વિસલ્લીકરણેણં'નો ભાવ છે.

વાત આ છે, હિંસાદિ ને ક્રોધાદિ પાપની ઘૃણા કરવા પર એ પાપોના મૂળમાં પડેલ અર્થાત્ એ પાપોનાં મૂળભૂત કારણ જે દુન્યવી પદાર્થ, એના પર નફરત ઊભી કરો અને એ પદાર્થોની આસક્તિની ઘૃણા કરો.

પેલા શીતલાચાર્યના ચાર ભાણેજ મુનિઓને મામા મહારાજના દર્શન-વંદન કરવામાં વિહારમાં અર્ધો-એક કલાક મોડા પડવાથી રાતભરનો જે અંતરાય નડ્યો, એ અંતરાય-કર્મની પાછળના (૧) દુષ્કૃતની એમને નિંદા-સંતાપ-ઘૃણા થઈ, (૨) એ દુષ્કૃત ઊભા કરનાર પરપદાર્થોની, ને (૩) એની આસક્તિની ઘૃણા થઈ પછી, (૪) એ આસક્તિ છોડતાં છોડતાં એમને અનાસક્ત યોગ લાધ્યો ! એમાં એ વીતરાગ બની કેવળજ્ઞાન પામ્યા !

અલબત આ અનાસક્ત યોગ પામવામાં સ્વદુષ્કૃત નિંદા-સંતાપ-ઘૃણા ઉપરાંત મામા-મહારાજના દીર્ઘ સંયમાદિ સુકૃતો-સદ્ગુણોની અતિશય અનુમોદના પણ

કારણભૂત બની. તેમજ એમનાં દર્શન-વંદનનું મૂલ્યાંકન અને એની ઉત્કટ આશંસા-અભિલાષા પણ કારણભૂત બની; કેમકે એ સુકૃત-સદ્‌ગુણો અને એમનાં દર્શન-વંદન આગળ જગત બેકાર લાગ્યું. પરપદાર્થો યાવત્ પોતાની કાયા અને માન-સન્માન ને અહંત્વ સુદ્ધા બેકાર લાગ્યા અને એની આસક્તિ ઊડી.

**(૧) જેમ દુષ્કૃત ગર્હા-સંતાપમાં દુષ્કૃતનાં મૂળભૂત પરપદાર્થ પર ઘૃણા થવાથી એની આસક્તિ ઊડે; એમ સુકૃતની અનુમોદનામાં એ સુકૃતો આગળ મોહમાયાના પરપદાર્થ બેકાર લાગવાથી આસક્તિ ઊડે; (૨) એમ અનાસક્ત યોગ લાધવાથી વીતરાગતા આવે.**

આ બન્નેથી ચારે ભાણેજ મુનિઓ તો કેવળજ્ઞાન પામ્યા, ત્યારે બીજી બાજુ મામા મુનિ શીતલાચાર્ય ઊલટી દિશામાં ચાલ્યા છે. તે જુઓ,

**મામા મહારાજની ઊલટી વિચારણા :**

મામા મહારાજને જાણવા મળ્યું કે, 'આજે ભાણેજ મુનિઓ આવવાના હતા', 'તો કેમ આવ્યા નહિ ?' એની ચિંતામાં પડ્યા. એમાં પછી જાણવા મળ્યું કે 'ધર્મશાળામાં રોકાઈ ગયા છે,' તેથી એમના મનને વિખવાદ થયો. વિચારે છે કે 'ભાણેજ મુનિઓ દૂરથી આવે છે એટલે એમને મારું સ્વાગત જોઈતું હશે, તેથી રોકાઈ ગયા લાગે છે. આ કેવુંક અભિમાન કે હું વડીલ, તે મારા તરફથી પણ એમને સ્વાગત જોઈએ છે ?'

નાનડિયાની આ કેવીક અવિનીતતા !... 'વધુ ભણ્યા હશે પણ મૂળ પાયાનો વિનયભાવ ન ભણ્યા ! ખેર ! સવારે જોઈશું... !'

આમ દુર્ધ્યાનમાં રાત ગાળી, સવારે જુએ છે તો ભાણેજ મુનિઓ આવ્યા નહિ; એટલે મનને થયું કે 'ખેર ! લાવ મને જ એમની સામે જવા દે;' તે આવ્યા ધર્મશાળાએ; પણ જુએ છે તો ચારે મુનિ ઊભા થતા નથી, વંદન કરતા નથી. એટલે એમને લાગ્યું કે' 'આમને ભારે અભિમાન ચડ્યું લાગે છે, એમને વંદન લેવું છે ? તો કાંઈ નહિ. એ નાદાન થાય તો ભલે થાય. મારે એમને બોધ પાઠ ભણાવવો જોઈએ, તેથી લાવ હું જ વંદન કરું.'

એમ વિચારી એમણે ચારે મુનિઓને વંદન કર્યું અને પછી કહે છે, 'લો હવે તો સંતોષ ને ? તમે વંદન ન કર્યું તો મેં કર્યું.'

એ વખતે ભાણેજ મુનિઓ કહે છે, 'આ તો તમે દ્રવ્ય-વંદન કર્યું; હવે ભાવ-વંદન કરો.'

મામા મુનિ આ સાંભળી ચોંક્યા-'અરે ! આ શું મારા મનની સ્થિતિ જાણે છે ?' પૂછે છે, 'કયા જ્ઞાનથી જાણ્યું કે મારું વંદન ભાવવંદન નથી પણ દ્રવ્યવંદન છે ?'

મુનિઓ કહે છે, 'અપ્રતિપાતી જ્ઞાનથી (અર્થાત્ કેવળજ્ઞાનથી)' .

મામા મહારાજ શ્રી શીતલાચાર્ય સમજી ગયા કે, 'આમને કેવળજ્ઞાન થયું છે,' એટલે પોતે ભારે વિષાદમાં પડ્યા. વિચારે છે કે,

**મામા મુનિનો પસ્તાવો :**

"અરે ! અરે ! આ મેં શું કર્યું ? શું મેં કેવળજ્ઞાનીની આશાતના કરી ? રાતભર અને અત્યાર સુધી કેવળજ્ઞાની અનંતજ્ઞાની માટે આ મેં કેવું કેવું હલકું વિચાર્યું ? ક્યાં હું દરિયામાં ખસખસ જેટલા અતિઅલ્પ જ્ઞાનવાળો ? અને ક્યાં આ દરિયા જેટલા અનંતજ્ઞાનવાળા ? અનંતાનંત સર્વ જીવો અને અનંતાનંત અણુપરમાણુ સુધીના સર્વ જડ પદાર્થોના સર્વકાળના અનંત અનંત પર્યાયોને આ પ્રત્યક્ષ દેખનારા ! ત્યારે મને મારા માથા પાછળનું ય પ્રત્યક્ષ દેખાતું નથી ! કેટલો બધો હું અબૂઝ અજ્ઞાની ! એવા મેં આ અનંતજ્ઞાની માટે જેમ તેમ હલકું વિચાર્યું ?...."

ધિક્કાર પડો મારા અભિમાનને ! પ્રભુ ! પ્રભુ ! આ મેં શું કર્યું ? વર્ષોની મારી સંયમ સાધના છતાં મારું મિથ્યા અભિમાન ટળ્યું નહિ ? તે હું આવા મહાજ્ઞાનીની આશાતના કરનારો બન્યો ? શેના પર બન્યો ? આ દુનિયાની ખોટી મોટાઈના ખ્યાલ પર ? ખરેખર આ સંસારના મોટાઈ વગેરે ભાવો અને જડ પદાર્થો અસાર છે, ખતરનાક છે; કેમકે અભિમાન-આસક્તિ... વગેરે સંસારના મૂળભૂત કષાયોને પોષનારા છે...

'હાય ! હાય ! એ તદ્દન અસાર ભાવોને મેં મહત્ત્વ આપી સંયમ લીધા પછી પણ પોષ્યા ? ધિક્કાર પડો રે મારા મહાઅજ્ઞાન આત્માને !...' એમ વિચારતાં વિચારતાં એ જગતના પદાર્થો પ્રત્યે અને જાત પ્રત્યે ઘૃણાવાળા બન્યા અને મૂળમાંથી આસક્તિ તોડનારા બન્યા, અનાસક્ત ભાવમાં ચડ્યા, વીતરાગ બન્યા અને તરત કેવળજ્ઞાન પામ્યા !

શું આમ લહેરમાં કેવળજ્ઞાન ? હા,

**આસક્તિમાત્ર તોડો, તમને લહેરમાં કેવળજ્ઞાન ! શી રીતે આસક્તિ તૂટે ?**

વીતરાગ પરમાત્માને આખા જગત કરતાં અત્યંત શ્રેષ્ઠ અને કરુણાકર માની, સર્વ કરતાં અત્યંત અધિક પ્રિય કરો. જેમ ચાતક પક્ષી આઠ-આઠ મહિના જળ વિના રહી મેઘને જ અત્યંત પ્રિય કરે છે, તેમ. માટે જ કવિ અહીં પ્રભુને કહે છે, "પીઉ પીઉ કરી તમને જપું રે હું ચાતક તુમે મેહ" પ્રભુ મારે તો તમે જ પ્રિય છો, તમે જ અતિ પ્રિય છો એમ કહી તમારું રાત દિવસ, ચાતકપક્ષી મેઘનું રટણ કરે એમ, તમારું રટણ કરું છું.

હવે સમજાશે, કે એવું રટણ કરવાથી શું થાય ? કહો, વીતરાગને અતિ-અતિ પ્રિય કરીને રટણ કરતાં કરતાં જગત અકારું લાગે અને જગત પરથી આસક્તિ ઊઠી જાય. એ તો સ્પષ્ટ છે કે સુંદર ફૂલોથી ખીલી ઊઠેલા બાગને અતિપ્રિય કર્યાથી અસાર ઊકરડો બેકાર લાગે. એના પર જરાય પ્રેમ ન થાય, એના પર તો ઘૃણા થાય. એમ પ્રભુને 'હે પ્રિય ! હે પ્રિય !' એમ સંબોધ્યા કરવાથી ઊકરડા જેવા સંસાર પરથી આસક્તિ ઊઠી જાય, તો અનાસક્ત ભાવમાં જવાના પગરણ મંડાય, અરે ! એક લહેરમાં પૂર્ણ અનાસક્ત ભાવ આવી આસક્તિના જાલિમ દુ:ખ મીટે; પરંતુ એ અનાસક્ત વીતરાગ પ્રભુના પ્રભાવે બને. તેથી કવિ પ્રભુને કહે છે, **"એક લહેરમાં દુ:ખ હરો રે."**

પ્રભુ તમને કશો શ્રમ નથી. એક લહેરમાં સેવકના દુ:ખ હરી શકો. પુંડરીક ગણધર સાથે પાંચ ક્રોડ મુનિઓ કાંઈ ગણધર જેવા વિદ્વાન નહોતા, આ બધાય એટલા મોટા ત્યાગી-તપસ્વી નહોતા છતાં પુંડરીક ગણધરની હારોહાર બધાય મોક્ષે શી રીતે ગયા ?

કહો, બધાએ દિલમાં માત્ર શ્રી ઋષભદેવને ધાર્યા હતા, તો પ્રભુએ એમના દિલમાં રહીને એક લહેરમાં, યાને બહુ મહેનત વિના, બધાના દુ:ખ હરી લીધા ! અને મોક્ષે પહોંચાડી દીધા !

કવિ કહે છે 'પ્રભુ ! આવું મારે કરો, તો મારો તમારા પર સ્નેહ બમણો વધી જાય.'

કવિ કહે છે 'પ્રભુ ! આપની તાકાત અદ્‌ભુત છે. 'એક લહેરમાં દુ:ખ હરો રે' વગર પરિશ્રમે અને વગર વિલંબે સહેજમાં સેવકના દુ:ખ હરનારા છો. એટલે એમ મારા દુ:ખ દૂર કરો તો આપના પર મારો પ્રેમ બમણો થઈ જાય એવો છે. અહીં પ્રભુને એક લહેરમાં દુ:ખ હરનારા કહ્યા, એ પૂર્વ પુરુષોના દૃષ્ટાન્તમાં જોવા મળે છે. અષ્ટાપદ પરના ૧૫૦૦ તાપસને ગૌતમ મહારાજે પ્રતિબોધ કર્યા પછી એ સહેજમાં કેવળજ્ઞાન પામી ગયા હતા ને ? પૂછો,

**૧૫૦૦ તાપસોને એક લહેરમાં કેવળજ્ઞાન :**

**પ્રશ્ન :** પરંતુ એ તો ગૌતમ મહારાજે કેવળજ્ઞાન પમાડ્યું કહેવાયને ?

**ઉત્તર :** ગૌતમ મહારાજે ક્યારે પમાડ્યું ? જ્યારે તાપસો દિલમાં જીવંત કૈલાસનાથને દિલમાં લાવ્યા ત્યારે ને ? જો દિલમાં અરિહંત પ્રભુને ન લાવ્યા હોત, તો કેવળજ્ઞાન થવાનું ક્યાં સસ્તું હતું ? ક્યાં સુલભ હતું ? તાપસોએ દિલમાં પહેલાં મિથ્યાત્વ-અવસ્થામાં હૈયે જે મિથ્યાદેવને રાખ્યા હતા, એ જ રાખી મૂક્યા હોત તો કેવળજ્ઞાન થવાનું રીઢું નહોતું પડ્યું. એ તો મિથ્યાકલ્પિત ભગવાનને પડતા મૂકી

અરિહંતને દિલમાં લાવ્યા, તો જ કેવળજ્ઞાન થયું. માટે અરિહંત જ કેવળજ્ઞાનમાં મુખ્ય કારણ છે. કવિ અન્યત્ર કહે છે ને કે, **"મુખ્ય હેતુ તું મોક્ષનો, ભવિતવ્યતાદિ તુજ દાસો રે."**

અર્થાત્ ભવિતવ્યતાદિ એ કારણ તો ખરા, પરંતુ 'તુજ દાસો રે' અર્થાત્ તારે આધીન રહીને કારણ છે.

**આપણે અરિહંતને આધીન થઈ જઈએ, એટલે પાંચ કારણો અનુકૂળ થઈ જાય.**

પાંચ કારણો અરિહંતના દાસ છે, એટલે કે અરિહંતને અનુકૂળ થઈ જાય છે ! તમે અરિહંતને વળગો એટલે પાંચ કારણો તમારી સેવામાં હાજર સમજો. સવાલ થાય,

**પ્રશ્ન :** આપણે અરિહંતને વળગીએ એમાં ભવિતવ્યતા-સ્વભાવ-કાળ-કર્મ-પુરુષાર્થ શી રીતે આપણને અનુકૂળ થઈ જાય ?

**ઉત્તર :** દેખો, પહેલાં તો એક વાત સમજી રાખો કે આ પાંચ કારણ સ્વતંત્ર છે, અર્થાત્ એકનું કામ બીજું કારણ ન કરી શકે.

દા.ત., કર્મ જે કામ કરે તે પુરુષાર્થ ન કરી શકે. કર્મ સામગ્રી મેળવી આપે છે, જેમકે મનુષ્ય જન્મ, આર્યદેશ, આર્યકુળ, સુદેવ, ગુરુસંયોગ વગેરે એ પુણ્યકર્મ આપે છે, એ વસ્તુ પુરુષાર્થ ન આપી શકે. એ મેળવવામાં ઉપલક દૃષ્ટિએ પુરુષાર્થ કામ કરતો દેખાય, પરંતુ ખરી રીતે ત્યાં પુણ્ય-કર્મની અનુકૂળતા હોય તો જ એ મોક્ષ-સામગ્રી મળે.

એમ જે કામ પુરુષાર્થ કરે, તે કામ કર્મ ન કરી શકે. દા.ત., ધર્મસાધના પુરુષાર્થથી જ થાય, કર્મથી નહિ. કર્મ તો સામગ્રી આપીને ઊભું રહી જાય, પછી કર્મ કાંઈ સાધના ન કરાવી શકે. સાધના તો પુરુષાર્થથી જ થાય.

એવી રીતે જે કામ ભવિતવ્યતા કરી શકે, તે કામ કર્મ ન કરી શકે. એમ કર્મ જે કામ કરે, તે ભવિતવ્યતા ન કરી શકે. દા.ત., પાર્શ્વનાથ ભગવાનના જીવને જન્મે જન્મે કમઠના જીવ તરફથી પીડા આવી, એમાં મુખ્યત્વ પીડાનું કામ કોણે કર્યું ? ભગવાનના આત્માના કર્મે યાને અશાતાવેદનીય કર્મે કર્યું; કમઠે નહિ. કમઠ તો નિમિત્તમાત્ર હતો. પરંતુ પીડા બીજા તરફથી નહિ કિન્તુ કંમઠના જીવ તરફથી જ પીડા આવી, એ કામ કર્મનું નહિ પણ ભવિતવ્યતાનું. અશાતા વેદનીય કર્મના માથે એ નથી લખ્યું હોતું કે અમુક જ તરફથી પીડા આવવાની. અશાતા કર્મ પર તો માત્ર એટલું જ લખ્યું હોય કે એ જીવને અશાતા આપે એટલું જ; પછી એ પીડા ગમે તે 'X Y Z' તરફથી આવો, ત્યારે **ભવિતવ્યતાનું કામ પીડા આપવાનું નહિ કિન્તુ ચોક્કસ પ્રકારના સંયોગ મેળવી આપવાનું;** જેમકે પાર્શ્વનાથ

ભગવાનના જીવને ભવે ભવે કમઠના જ જીવનો સંયોગ બની આવ્યો ને પીડા એના જ તરફથી આવી તે ભવિતવ્યતાથી. હવે જુઓ, કાર્ય બનવામાં પાંચ કારણ કામ કરે છે. પરંતુ એ પાંચે કારણો પર અરિહંતનો પ્રભાવ અસર કરે છે.

**પ્રશ્ન : પાંચ કારણ પર અરિહંત-પ્રભાવની અસર કેવી રીતે ?**

**ઉત્તર : (૧) પાંચમાં પહેલું કારણ ભવિતવ્યતા,** એટલે હોનહાર બનાવ. જે કાળે જે બનવાનું નિયત હોય, નિશ્ચિત હોય તે. આને 'નિયતિ' પણ કહે છે. દા.ત., તીર્થંકર ભગવાન છેલ્લાં ભવમાં ક્યાંય ભૂલે નહિ. ભુલભાલ ન કરી નાખે; એટલા બધા એ ગુણિયલ અને જાગ્રત હોય છે; છતાં મહાવીર ભગવાને નાલાયક ગોશાળાને તેજોલેશ્યા શિખવી એ ભવિતવ્યતાનો ભાવ કહેવાય, જે હોનહાર બનવાનો હતો માટે બન્યો.

એમ સમરાદિત્યને કોઈ પૂર્વના પોતાના અશાતા કર્મથી પીડા આવવાની હતી, પરંતુ તે અગ્નિશર્માના જ સંબંધથી આવી, એ ભવિતવ્યતા.

આ ભવિતવ્યતા એટલે નિયતિ કહેવાય.

**ભવિતવ્યતા પર અરિહંત પ્રભાવ :**

આ નિયતિ નિયતાનિયત હોય છે. ચાલુ પરિસ્થિતિમાં અમુક રીતે જ બનાવ બને એટલા અંશમાં નિયત, પરંતુ પરિસ્થિતિ ફર્યા પછી એ રીતે ન બને એ અનિયત. દા.ત., સમરાદિત્યને ચાર ભવ સુધી અગ્નિશર્માના જીવના જ હાથે મૃત્યુ જ થયું એ નિયત નિયતિ; પરંતુ પાંચમાં ભવ પછી એ જ અગ્નિશર્માના જીવથી પીડા તો આવી, પણ મૃત્યુજનક પીડા ન આવી એટલા અંશમાં અનિયત.

**(૧) પહેલું કારણ ભવિતવ્યતા :**

હવે જુઓ કે ભવિતવ્યતા પર અરિહંતનો પ્રભાવ શી રીતે ? તો કે અરિહંતના પ્રભાવે એ ભવિતવ્યતાના બનાવ અનુકૂળ થઈ જાય છે અથવા કહો જેટલા અંશમાં એ નિયતિ અનિયત છે, એટલા અંશમાં એ અરિહંતના પ્રભાવથી અનુકૂળ બની.

**(૨) પાંચ કારણમાં બીજું કારણ 'સ્વભાવ' :**

સ્વભાવ એટલે વસ્તુની પ્રકૃતિ, વસ્તુનો સ્વભાવ, દા.ત., માટીનો જ સ્વભાવ કે એમાંથી ઘડો બની શકે. નદીની રેતીનો એ સ્વભાવ જ નહિ; તેથી ગમે તેટલી રેતી ચાકડે ચડાવો, પણ એમાંથી ઘડો બને જ નહિ. એમ ભવી જીવને મોક્ષ-સામગ્રી મળી, પછી સમકિત થાય.... યાવત્ મોક્ષ થાય, એ એનો ભવ્યત્વ સ્વભાવ કહેવાય. ત્યારે અભવી જીવને અભવ્યત્વ સ્વભાવ ગણાય.

આ ભવ્યત્વ સ્વભાવ પાકવા માંડે ત્યારે મોક્ષની નિકટતા થાય. અહીં અરિહંતનો પ્રભાવ આ, કે એ ભવ્યત્વ સ્વભાવને જલ્દી પકાવવા માંડે.

**(૩) ત્રીજું કારણ કાળ :**

વસ્તુ બનવામાં અમુક કાળ પસાર થાય જ. એ 'કાળ' કારણ કહેવાય. દા.ત., ગર્ભ નવ મહિને જ તૈયાર થાય, ખેતરમાં બી વાવ્યા પછી એ અમુક કાળે જ પાકે. સંસારી ભવી જીવને બધો જ અચરમાવર્તનો કાળ પસાર થયા પછી જ ચરમાવર્ત કાળ આવે અને એમાં જ ધર્મ મળે, એમાં કાળે કામ કર્યું. અચરમાવર્ત કાળને પકવીને ઓછો ન કરી શકાય, એટલો કાળ પસાર કરવો જ પડે એ કાળની વિશેષતા.

અહીં અરિહંતનો પ્રભાવ આ રીતે કામ કરે, કે ચરમાવર્તકાળમાં જીવ અરિહંતને વળગે તો એમના પ્રભાવે હવે કાળ મોક્ષને અનુકૂળ થઈ જાય. દા.ત., મહાવીર પ્રભુનો જીવ ત્રીજા મરીચિના ભવ પછી ગબડ્યો ખરો, પરંતુ સોળમા વિશ્વભૂતિના ભવે અરિહંતના પ્રભાવે એને કાળ અનુકૂળ બન્યો. પરંતુ ત્યાં અંતે પુરુષાર્થ બગાડ્યો, તો પાછા એ ગબડ્યા. એમાં અગણિત કાળ નકામો ગયો, પણ બાવીસમા ભવે અરિહંત-પ્રભાવે કાળને સારો બનાવ્યો, તે ચડતા જ ગયા ચડતા જ ગયા; કહે છે ને કે, **"બાવીસમે નરભવ લઈ, પુણ્ય દશા વર્યા."**

**(૪) ચોથું કારણ કર્મ :**

જીવને આ જગતમાં સારી-નરસી વસ્તુની પ્રાપ્તિ થાય છે, એ પોતાના પૂર્વના શુભ-અશુભ કર્મના પ્રતાપે થાય છે. ઠેઠ મોક્ષમાર્ગનો ઉચ્ચ પુરુષાર્થ પણ જે મનુષ્ય જન્મમાં જ અને તે ય સંઘયણની અનુકૂળતાએ જ થાય છે, એ મનુષ્ય જન્માદિ બધું કર્મથી જ મળે છે. જીવ ઊંચા પુરુષાર્થથી ઉચ્ચ શુભ ભાવમાં ચડ્યો હોય, પરંતુ જો આયુષ્યનું પુણ્ય-કર્મ થોડું ખૂટતું હોય તો આયુષ્ય પૂર્ણ થવા સુધીમાં અમુક ભાવે પહોંચી અટકી જાય; ઉપરના ગુણસ્થાનકે ન ચડી શકે.

અહીં કર્મ પર અરિહંતનો પ્રભાવ એ પડે, કે તમે અરિહંતને વળગો એટલે નવાં કર્મ એવા સારા ઊભા થાય કે જેના સહારે તમે સારો ધર્મપુરુષાર્થ કરી શકો.

**(૫) પાંચમું કારણ પુરુષાર્થ :**

પુરુષાર્થ એટલે ઉદ્યમ. તમે જેવો પાપ કે ધર્મનો પુરુષાર્થ કરો, તેવા અશુભ કે શુભ કર્મ ઊભા થાય; એટલું જ નહિ, પરંતુ ધર્મ-પુરુષાર્થથી પૂર્વના અશુભ કર્મનો નાશ પણ થાય. અહીં પુરુષાર્થ પર અરિહંતનો પ્રભાવ એ રીતે કામ કરે કે તમે અરિહંતનું આલંબન ધરો, શરણ પકડો, તો પુરુષાર્થ મોક્ષને અનુકૂળ પુરુષાર્થ થાય.

આમ અરિહંતનો પ્રભાવ પાંચે કારણ પર પડે છે. તેથી અરિહંતનો પ્રભાવ અને અરિહંત એ મોક્ષનો મુખ્ય હેતુ છે અને ભવિતવ્યતાદિ પાંચ કારણ એના દાસ

છે, એની પાછળ મોક્ષને અનુકૂળ થઈ જાય છે.

તેથી કવિ અહીં ચંદ્રપ્રભસ્વામિને કહે છે, **'એક લહેરમાં દુઃખ હરો રે, વાધે બમણો નેહ.'**

પ્રભુ ! તમારે કોઈ કષ્ટ નહિ, મહેનત નહિ, ને સહેજમાં તમે દાસનાં ભવદુઃખ દૂર કરો છો. બસ, તમારી આ દાસ પર મહેર ઊતરે, ને સહેજમાં મારે પાંચે કારણ અનુકૂળ થઈ, મારા ભવસ્થિતિક કર્મ નાશ પામી નિકટમાં હું ભવનાં દુઃખથી મુકાઈ મોક્ષ પામું. માટે પ્રભુ ! મારી પ્રાર્થના છે કે મારા ભવદુઃખ સહેજમાં નિવારો, તો તેથી મારો આપના પર સ્નેહ બમણો વધી જશે. અહીં સવાલ થાય,

**પ્રશ્ન :** તો શું પ્રભુ ભવદુઃખ ન નિવારે ત્યાંસુધી પ્રભુ પર સ્નેહ નથી વધારવો ?

**ઉત્તર :** સ્નેહ તો ઘણો ય વધારવો હોય, પરંતુ ભવદુઃખ એટલે કે લાંબી ભવ-સ્થિતિનું દુઃખ, એ ન મિટે ત્યાં સુધી અરિહંત પર એટલી સ્નેહ વૃદ્ધિ જ થતી નથી. એટલા માટે તો પંચસૂત્રકારે

(૧) ચાર શરણસ્વીકાર, (૨) દુષ્કૃતગર્હા અને (૩) સુકૃત-આસેવન.

એ ત્રણ ઉપાય ભવસ્થિતિ પકવવા માટે બતાવ્યા, એમાં શું છે ? આ જ, કે અરિહંત-શરણ આદિથી ભવસ્થિતિ પાકવા માંડે એટલે ભવદુઃખ ટૂંકું યાને ઓછું થતું જાય અને એથી અરિહંત પર ભાવ વધવાથી અધિક ધર્મ-પુરુષાર્થ થાય.

સારાંશ, 'પ્રભુ ! મારા ભવદુઃખ હરો, ઓછા કરો, તેથી આપના પર મારો સ્નેહ-ભાવ-સદ્‌ભાવ-બહુમાન વધી જાય; તો હું અધિક ઊંચા ધર્મ-પુરુષાર્થ કરી શકું.'

આમ, ચંદ્રપ્રભ સ્વામિને વિનંતિ કર્યા પછી હવે કવિ અંતે કહે છે કે,

**મોડું વહેલું આપવું રે, તો શી ઢીલ કરાય ?**
**વાચક યશ કહે જગધણી રે, તુમ તૂઠે સુખ થાય, ...આવો..૫**

**ભાવાર્થ :** (હે પ્રભુ ! મોક્ષપદ આપવાની તાકાત જગતમાં જ્યારે આપનામાં જ છે ત્યારે) મને મોડું કે વહેલું આપે જ મોક્ષપદ આપવાનું છે, પછી (એ જલદી આપો) આપવામાં ઢીલ કેમ કરો છો ? વાચકયશ કહે છે કે હે જગતના માલિક (આપ પ્રસન્ન થાઓ) વાસ્તવિક સુખની પ્રાપ્તિ આપની તુષ્ટિ-પ્રસન્નતા-કૃપાથી જ થવાની છે.

**વિવેચન :** અરિહંત પર સ્નેહ-સદ્‌ભાવ-બહુમાન વધ્યા પછી જિનેશ્વર ભગવાનની કૃપાથી જ ઠેઠ મોક્ષ સુધી પહોંચાય છે, મોક્ષસુખ પ્રાપ્ત થવાનું છે એટલે વહેલા કે મોડા મોક્ષસુખ આપનારા તો અરિહંત જ છે, માટે હે પ્રભુ ! આપ શા માટે ઢીલ કરો છો ? મારા પર 'તૂઠો' તુષ્ટમાન થાઓ...

**પ્રશ્ન :** વીતરાગ તૂઠે ખરા ? તુષ્ટમાન એટલે તો રાગવાળા બન્યા, વીતરાગ એવા બને ?

**ઉત્તર :** ના, છતાં અહીં 'તૂઠે'નો ભાવ સમજો,

**'તુમ તૂઠે સુખ થાય'**- પ્રભુ આપણા પર તુષ્ટમાન થાય અર્થાત્ પ્રભુ આપણને પોતાના જ્ઞાનમાં યોગ્ય લેખે એમ કવિ ઇચ્છે છે. કારણ કે પ્રભુ જેના પર તોષ પામે તેને પ્રભુ મોક્ષના સુખ આપે છે. જેમ શેઠની દુકાનમાં નોકર તો ઘણા હોય, પણ શેઠ જે નોકર પર તુષ્ટમાન થાય, તે નોકરને યોગ્ય જાણીને તેનું પુત્રીના લગ્ન આદિ કાર્ય કરી આપે છે. અહીં શેઠ 'પ્રસન્ન' એટલે કાંઈ એ નોકર સાથે હસી ખીલીને બોલતા ન હોય, પરંતુ પોતાની સમજમાં એને યોગ્ય લેખે એમ પ્રભુ આપણને રાગ ન દેખાડે. વીતરાગ આપણને લાયક સમજે, મોક્ષ માટે યોગ્ય માને, એ આપણી ભગવાનના જ્ઞાનમાં યોગ્યતા દેખાઈ અને તે જ આપણી મોટી લાયકાત ગણાય. તે આવે એટલે પ્રભુ તૂઠ્યા તે થયું, એટલે મોક્ષ આવે.

આપણે બધી વાતમાં વીતરાગને વળગવાનું છે. જે કારણોથી સંસાર છે તેના વિપરીત કારણોથી મોક્ષ છે. આ જ્ઞાન આપનાર અરિહંત છે, તો સંસાર કેમ કપાય ? **અરિહંત અને અરિહંતના શાસ્ત્રોને આગળ કરવાથી સંસાર કપાય.**

જિન-જિનવચનને આગળ કરવાથી કેમ સંસાર કપાય ? આનાં બે કારણ છે,

**(૧) સંસાર આપમતિથી અને અજ્ઞાનીઓના વચન પરની શ્રદ્ધાની મિથ્યામતિથી ચાલ્યો આવ્યો છે.** એટલે જો જિનને જિનવચનને આગળ કરીએ, તો આપમતિ અને મિથ્યામતિ કપાય; એટલે સહજ છે કે એથી સંસાર પણ કપાય. જિન અરિહંત-વીતરાગ-સર્વજ્ઞને આગળ કર્યા એટલે એમના પર બહુમાન ઊભું કરી નજર સામે એમને આદર્શ તરીકે ધર્યા. એમાં પોતાની અજ્ઞાની જાતને કિંમત વિનાની લેખી, અહંત્વ ઓગાળ્યું. 'જિનવચનને આગળ કર્યું' એટલે મિથ્યાધર્મની શ્રદ્ધા પડતી મૂકી. એમ કરવાથી મિથ્યા શાસ્ત્રોક્ત તત્ત્વો પદાર્થોની મમતા પડતી મૂકી આમ અહંત્વ અને મમત્વ જે સંસારના મૂળ સ્થંભ છે એને પડતા મૂકવાથી સહેજે સંસાર કપાતો આવે.

**સારાંશ :** જીવને મારનારી છે આપમતિ અને મિથ્યામતિ. મગજમાં એના સ્થાને જિન અને જિનવચનમતિ ગોઠવાઈ જાય તો સહેજે મરવાનું અટકી જીવતદાન મળી જાય.

જિન જિનવચનને આગળ કરવાથી સંસાર કપાવાનું બીજું કારણ બહુ ધ્યાનમાં લેવા જેવું છે, તે આ છે;

**(૨) સંસાર પાપાનુબંધોથી અસ્ખલિત ચાલે છે.** કારણ એ છે કે પાપાનુબંધો

જીવને એવી કુમતિ-પાપમતિ કરાવે છે, કે જેના પર પાપાચરણો ચાલે છે. એથી સંસાર પોષાયા કરે ને સંસાર વધે, એ સહજ છે. જીવને જે દુન્યવી ધનમાલ-પરિવાર મારે છે, એના કરતાં એના પરની મમતાની કુમતિ તથા કષાયોની કુમતિ વધુ મારે છે. એથી જીવ અઢળક પાપસ્થાનકો સેવીને ભવના ફેરા વધારે છે. હવે જો જીવ જિન જિનવચનને આગળ કર્યા કરે, તો એનો અર્થ એ કે,

(૧) એણે જિન-અરિહંતનું શરણું લીધું. પછી અરિહંત-શરણની આ તાકાત છે કે એ પાપાનુબંધોને તોડી નાખે, કેમકે જિનને એટલે કે અરિહંત-પ્રભાવને મુખ્યતા આપ્યાથી પાપ ઉપાયો પર ઘૃણા થાય કે, 'હાય ! આવા અચિંત્યપ્રભાવી અરિહંતના પ્રભાવથી બધું સિદ્ધ થાય છે, તો મેં એમને છોડી આ પાપ ઉપાયો ક્યાં કર્યા ?' એમ પાપ ઉપાયો પર ઘૃણા થાય, એથી પાપાનુબંધો તૂટે. એટલે જ ભવસ્થિતિ કપાય, ભવના ફેરા ઓછા થાય.

(૨) એમ જિનવચનને આગળ કરવાથી જિનવચને દુષ્કૃતોની ઓળખ કરાવી છે, એટલે એથી દુષ્કૃતોની નિંદા-ગર્હા-સંતાપ ઊભા થયા અને એથી પણ પૂર્વે કરેલા દુષ્કૃતના અશુભ અનુબંધ તૂટે. આમ અશુભ અનુબંધો પાપાનુબંધો તૂટવાથી સંસાર કપાય એ સહજ છે. વાત આ છે, - વાતવાતમાં જિન અને જિનવચનને આગળ કરો.

**જિનને આગળ કરવા એટલે શું કરવાનું ?**

જિનને આગળ કરવા એટલે વારંવાર પ્રાર્થના કરવાની કે, "હે જિન ! અરિહંત ! હે વીતરાગ સર્વજ્ઞ ! આપ અચિંત્ય શક્તિવાળા છો. હું મૂઢ પાપી છું, ભાવથી અનભિજ્ઞ-અબૂઝ છું; કેમકે અનાદિ મોહથી રંગાયેલો છું. હું ઇચ્છું છું પ્રાર્થું છું કે તમારા અચિંત્ય પ્રભાવથી હું અભિજ્ઞ થાઉં, સજ્ઞાન બનું. હું મહાપાપી છું, સારાસારના હિતાહિતના ને કાર્યાકાર્યના વિવેક વિનાનો છું. મારે તમારો જ આધાર છે, તમારી દયાથી જ મારે તરવાનું છે. તમને પૂર્વે ભજેલા, માટે અહીં સારું પામ્યો છું અને પૂર્વે તમને ભજવામાં જેટલી ખામી રાખેલી એટલી અહીં અનિષ્ટ પ્રાપ્તિ થાય છે. એટલે એ ખામીની એ અધુરાશની પૂર્તિ કરવા માટે અહીં હું તમને ખૂબ ભજું. અહીં સારું મળ્યું એ તમારી દયાથી મળ્યું, ને નરસું મળ્યું એ તમને ભૂલવાથી મળ્યું."

આમ સારામાં પ્રભુની મહેર દયા યાદ કરી અને દુઃખ આપત્તિ નરસામાં પૂર્વની આપણે કરેલી પ્રભુની વિસ્મૃતિ યાદ કરી હવે પ્રભુને ન ભુલાય, એ ઝંખના ઊભી કરી એ પ્રભુને આગળ કર્યા કહેવાય.

**એમ વાતવાતમાં જિનવચનને આગળ કરવાના તે આ રીતે કે,**

કાંઈપણ સારું કરીએ એમાં આ યાદ કરવાનું કે, 'મારા પ્રભુની આજ્ઞા છે' માટે હું આ કરું છું.' **'ઉપદેશપદ'** શાસ્ત્રે કહ્યું છે - **'આણત્તિ વેયાવડિયં કુજ્જા'** પ્રભુની આજ્ઞા છે માટે હું સંઘ-સાધુની સેવા વૈયાવચ્ચ કરું છું. એ જ પ્રમાણે 'પ્રભુની આજ્ઞા છે માટે હું દયા-દાન-શીલ-તપ કરું છું, પ્રભુની આજ્ઞા છે માટે જિનભક્તિ સાધુસેવા-ધર્મસાધના કરું છું.' જિન-જિનવચનને આગળ કરવાથી આપણા આત્મામાં યોગ્યતા વધે છે, એ જ આપણા પર ભગવાનની તુષ્ટિ-પ્રસન્નતા વધી ગણાય. નહિતર ભગવાન તો વીતરાગ છે, એ ન રીઝે કે ન રુષે, તેથી એમને વળી પ્રસન્નતા શી ? કે એમને અપ્રસન્નતા શી ? પરંતુ પહેલાં કહ્યું તેમ જેવી રીતે કોઈ શેઠ અમુક નોકર પર બહારથી કશી પ્રસન્નતા નથી દેખાડતો, પરંતુ મનમાં ધારી રાખે છે કે આ નોકર સુયોગ્ય છે, એ જ શેઠની એના પર તુષ્ટિ બની પ્રસન્નતા થઈ ગણાય. એવી રીતે ભગવાન પોતાના જ્ઞાનમાં આપણને જુએ કે આ સુયોગ્ય ભક્ત છે એ જ ભગવાનની આપણા પર તુષ્ટિ કહેવાય, પ્રસન્નતા કહેવાય.

કવિ પ્રભુને કહે છે, 'હે જગધણી ! તુમ તૂઠે સુખ થાય'. આપ જો મારા પર તુષ્ટ થાઓ, અર્થાત્ આપના જ્ઞાનમાં મને સુયોગ્ય સેવક લેખો, તો મારે સુખ થાય અહીં એક પ્રશ્ન થાય.

**પ્રશ્ન :** જો ભગવાનની તુષ્ટિ-પ્રસન્નતા કૃપા આપણી યોગ્યતા રૂપ હોય તો તે તો આપણી પાસે હોય, પછી ભગવાન પાસે માગવાનું શું રહ્યું ? અને જો વીતરાગ ભગવાન એ આપતા હોય તો પહેલાં થોડી કૃપા, પછી વધારે, પછી વધારે... એમ તરતમતાવાળી કૃપા કેમ આપે ?

**ઉત્તર :** અહીં જિનશાસનની આ એક મહાનતા ખૂબ સમજવા જેવી છે કે દેવાધિદેવ વીતરાગ અરિહંત ભગવાનની કૃપા અરિહંત પાસેથી નથી મળતી, પરંતુ આપણા દિલમાંથી એ ઊઠે છે. એમ ગુરુની કૃપા પણ આપણા દિલમાંથી ઊઠે છે. તે સારી રીતે, કે **આપણા દિલમાં દેવ-ગુરુને જેટલું ઊંચું સ્થાન એટલી એમની આપણા પર વધારે કૃપા ગણાય.** બીજા શબ્દોમાં કહીએ તો,-

**આપણે દેવગુરુનું જેટલું ઊંચું મૂલ્યાંકન કરીએ એટલી ઊંચી કૃપા આપણને મળી ગણાય.** ત્યારે પ્રશ્ન થાય,

**પ્રશ્ન :** જો કૃપા આપણા દિલમાંથી ઊભી કરવાની હોય તો એમાં ભગવાને શું આપ્યું ? એમાં ભગવાનનો ઉપકાર ક્યાં આવ્યો ?

**ઉત્તર :** ભગવાનનો ઉપકાર એ રીતે કે આપણા દિલમાં દેવગુરુને ઊંચું સ્થાન આપવામાં અર્થાત્ એમના પર ઊંચું બહુમાન કેળવવામાં આપણે એમનું આલંબન લેવું પડે છે. જો એમના બદલે બીજા કોઈ ભળતા દેવદેવી કે ભળતા

માણસનું આલંબન લઈએ, અર્થાત્ બીજા ભળતા પર બહુમાન રાખીએ તો એમાં કાંઈ વળે નહિ, એવું ઊંચું ફળ મળે નહિ. દા.ત.,

તમે હૈયામાં વીતરાગ અરિહંતને બદલે કોઈ મિથ્યાત્વી દેવદેવી પર ઓવારી જાઓ એના પર અહોભાવ ધરો અને એના નામની નવકારવાળી ગણો, તો એનું માલદાર ફળ આવે નહિ. શ્રેણિક સુલસા વગેરેએ દિલમાં વીતરાગ અરિહંત મહાવીર ભગવાન પર અથાગ અને સર્વોત્તમ બહુમાન ધરેલું, માટે જ એ તીર્થંકર નામકર્મની પુણ્યાઈ પામ્યા. એના બદલે એમણે કોઈ રાગ-દ્વેષભર્યા દેવી-દેવતા પર બહુમાન રાખ્યું હોત, તો એ ફળ એ પુણ્યાઈ ન પામત.

આમ મિથ્યાત્વી દેવી-દેવતા નહિ પણ વીતરાગ મહાવીર પરમાત્મા પર અનન્ય બહુમાન ધર્યું. અર્થાત્ બહુમાન ધરવામાં આલંબન મહાવીર પરમાત્માનું લીધું અને ઉચ્ચ ફળ પામ્યા, તો એમાં ઉપકાર મહાવીર પરમાત્માનો ગણાય એ જ પ્રભુની કૃપા થઈ કહેવાય.

દેવાધિદેવ પર બહુમાન ભલે આપણે ધરીએ, કિન્તુ એમાં વડાઈ આપણી નહિ પણ એ આલંબનભૂત દેવાધિદેવની છે. આ વાત ચાલુ વ્યવહારમાં સારી રીતે સમજાય છે. દા.ત., માંદો કે અશક્ત માણસ કોઈના હાથના ટેકે ગિરિરાજ ચડી જાય, તો એમાં એ વડાઈ પોતાની નહિ, કિન્તુ એ ટેકો-આલંબન આપનાર માણસની માને છે. સમજે છે કે જો આમનો ટેકો ન મળ્યો હોત, તો મારાથી કાંઈ ચડી શકાત નહિ.

માતાને જોઈ જોઈ બચ્ચું રાજી થાય છે. એમાં રાજીપો તો ભલે બચ્ચું પોતે ઊભો કરે છે, પરંતુ એ રાજીપામાં કારણભૂત માતા મનાય છે, બચ્ચું પોતે નહિ; કેમકે એ બચ્ચું પોતાના દિલમાં રાજીપો ઊભો કરવા તો ગમે તેટલું તૈયાર હોય, પરંતુ દર્શન જો માતાને બદલે કોઈ બીજી બાઈનું મળે, તો એવો રાજીપો ઊઠે જ નહિ. દર્શન માતાનું મળે તો જ બચ્ચાને પ્રેમ-બહુમાન-રાજીપો ઉચ્ચ કોટિનો થાય છે; માટે પ્રેમ-બહુમાનમાં ને રાજીપામાં મુખ્ય કારણ તરીકે બચ્ચું પોતે નહિ, કિન્તુ માતા જ ગણાય છે.

બસ, એ રીતે આપણને દેવ-ગુરુ પર ઊંચું બહુમાન થાય એમાં મહત્ત્વનું કારણ આપણે નહિ, પણ દેવ-ગુરુ છે. અર્થાત્ ઉચ્ચ પ્રેમ-બહુમાન ઊભું થવામાં વડાઈ આપણી નહિ, પરંતુ દેવાધિદેવ વીતરાગ ભગવાનની છે અને એટલે જ કહેવાય કે એટલી આપણા પર વીતરાગ ભગવાનની કૃપા થઈ. એટલે આ આવ્યું કે બહુમાન ભલે આપણે ધાર્યું, પરંતુ એમાં કૃપા-કરુણા અરિહંતની થઈ ગણાય, ઉપકાર અરિહંતનો થયો ગણાય.

જો કામી માણસ પોતાની પ્રાણપ્યારી પ્રિયાને જોઈ જોઈ રાજી થતો હોય છે અને જો કે દર્શન અને રાજીપો તો પોતે જ પોતાના દિલમાં ઊભો કરે છે, છતાં પણ એમાં ઉપકાર એ પ્રિયાનો માને છે; એને કહે છે કે, "મને તારા દર્શનથી બહુ આનંદ થાય છે. આમ આનંદ-આનંદ થવામાં તારો બહુ ઉપકાર છે. તું દર્શન આપવામાં મારા પર બહુ ઉપકાર કરે છે." ખૂબી જુઓ. પેલી સામે ચાલીને ભલે નહિ આવી હોય, પણ પોતે જ એની સામે ચાલીને ગયો હશે, છતાં ય કહેશે, 'તું મળે છે ને મને આનંદ આપી મારા પર કેટલો બધો ઉપકાર કરે છે !'

એમ વીતરાગ પ્રભુનાં દર્શન-વંદન-પૂજન-સ્મરણથી ભક્તને બહુ આનંદ-આનંદ થાય એમાં વડાઈ પોતાની નહિ, પણ દેવાધિદેવની માને, એમાં શું ખોટું છે ? અરિહંતની આ વડાઈ એ જ એમની કૃપા. એટલે હવે સમજાશે કે આપણા દિલમાં અરિહંતની જેટલી ઊંચી વડાઈ માનીએ, જેટલું ઊંચું મૂલ્યાંકન કરીએ, એમને જેટલું ઊંચું સ્થાન આપીએ એટલા પ્રમાણમાં એમની આપણા પર કૃપા થઈ ગણાય. આ જ હિસાબે કહેવાય કે **દેવ-ગુરુની કૃપા દેવગુરુમાંથી નહિ, કિન્તુ આપણા દિલમાંથી ઊઠે છે; કેમકે આપણા દિલમાં એમને આપણે જેટલું ઊંચું સ્થાન આપીએ એમનું જેટલું ઊંચું મૂલ્યાંકન આપણે કરીએ, એટલી એમની આપણા પર કૃપા થઈ અને ઉચ્ચ ફળ મળે છે.**

એટલે જ યુવાનને કોઈ રૂપાળી પ્રિય કન્યા સાથે સગાઈ થઈ હોય અને એ કન્યાને ઘેર જઈ વારે વારે મળ્યા કરતો હોય, તો અલબત દર્શન તો યુવાન પોતે જ આવીને કરે છે અને પોતે જ આનંદ ઊભો કરે છે પરંતુ છતાં પણ એમાં ઉપકાર કન્યાનો માને છે. આમ જો કન્યાનો પ્રેમી એના દર્શન અને આનંદમાં ઉપકાર કન્યાનો માને એટલું જ નહિ, પણ યુવાન પોતે કન્યાને કોઈ વિશિષ્ટ કિંમતની વસ્તુની ભેટ કરે અને કન્યા એ સ્વીકારે, તો ય જો એ ભેટ સ્વીકારવામાં યુવાન ઉપકાર કન્યાનો માને, તો પછી વીતરાગ અરિહંતનો પ્રેમી વીતરાગ અરિહંત પાસે જઈ એમના દર્શન મેળવે, ને એથી આનંદ આનંદ પામે, એમાં ઉપકાર અરિહંતનો માને એમાં ખોટું શું છે ? તેમજ પોતે વીતરાગની મહા કિંમતી વસ્તુથી પૂજા કરે, પોતે તૈયાર કરાવેલો પોતાના લાખ રૂપિયાનો મુગટ પ્રભુને ચડાવે, એમાં પણ એ ઉપકાર અરિહંત પ્રભુનો માને એમાં ખોટું શું છે ?

પેલો યુવાન કન્યાને આ કિંમતી વસ્તુની ભેટ કરી એમ નથી કહેતો કે, 'જો, મેં તને આ કિંમતી ભેટ આપી એમાં મારો ઉપકાર માન.' પરંતુ એમ કહે છે કે, 'તેં મારી આટલી ભેટ સ્વીકારી એથી તારો ઉપકાર માનું છું.' મોટા રાજાઓ અને અમલદાર સાહેબો કોઈની ભેટ સ્વીકારે ત્યાં ભેટ દેનારો એમનો ઉપકાર માને

છે કે આપે અમારી ભેટ સ્વીકારી અમારા પર ઉપકાર કર્યો છે. અલબત ભેટ પોતે દીધી છે પરંતુ પોતે એમના પર ભેટ દઈ ઉપકાર પોતે કર્યાનું નથી માનતો કે નથી મનાવતો. તો પછી વીતરાગની આપણે મહાપૂજા રચાવીએ, ને કિંમતી આભૂષણ પ્રભુને ચડાવીએ, અરે ! મોટું દેરાસરે ય બનાવી આપીએ, એમાં શું એમના પર આપણે ઉપકાર કર્યો એમ માનવાનું ?

"દિવ્ય-દર્શન"-"પ્રવચન મહોદધિ" વર્ષ-૩૫,અંક-૩૩,તા.૨-૫-૧૯૮૭

વાત આ છે કે 'આપણા હૃદયમાં પ્રભુને ભલે ઊંચું સ્થાન આપણે આપ્યું, પરંતુ એમાં અને એથી મળતા ઉચ્ચ લાભમાં ઉપકાર પ્રભુનો જ થયો, કૃપા પ્રભુની જ થઈ'. એમ જ માનવું જોઈએ. માટે કહો,

આપણા દિલમાં દેવ-ગુરુને જેટલું ઊંચું સ્થાન આપીએ એટલી આપણા પર દેવ-ગુરુની કૃપા થઈ ગણાય. પ્રભુ એટલા આપણા પર તૂઠ્યા, પ્રસન્ન થયા ગણાય.

એટલે હવે સમજાશે કે પ્રભુને આપણે વિનવીએ કે, 'પ્રભુ ! મારા પર તુષ્ટમાન થાઓ, મારા પર પ્રસન્ન થાઓ,' ત્યારે મનમાં એમ ભાવવાનું છે કે, 'પ્રભુ ! મારા દિલમાં આવીને આપ ઉચ્ચ સ્થાન પામો, હું પોતે આપને ઉચ્ચ સ્થાન આપું; આપનું હું ઉચ્ચ મૂલ્યાંકન કરું. મને આપની આગળ જગત બેકાર કિંમત વિનાનું લાગો, એટલે જગતના લાભો પ્રાપ્ત થાય ત્યાં પણ મનમાં માન્યા કરું કે આ બધી લીલામાં ખરેખર તો ઉપકાર મારા ભગવાનનો છે. એમના જ ઉપકારથી અહીં સારું બધું પામું છું; તેથી અહીં કિંમત લીલા-સંપત્તિની નથી, પરંતુ કિંમત મારા પ્રભુની છે.

**સારાંશ :** આપણા દિલમાં પ્રભુને અતિશય આદરથી સ્થાપવાના છે, એવો આદર કે બીજા કોઈ પ્રત્યે એવો આદર ન હોય, ત્યાં ગણધર ગૌતમ સ્વામીજીને યાદ કરવાના. ગુરુ ભગવાન મહાવીર સ્વામી પ્રત્યે એમનો કેટલો બધા આદર ! કેટલું બધું બહુમાન ! આ જ એમનામાં મહાન યોગ્યતા હતી, લાયકાત હતી, અને માનતા કે પોતાના દિલમાં પ્રભુને ઊંચું સ્થાન એ જ પોતાના પર પ્રભુની કૃપા હતી.

વળી દિન પ્રતિદિન આ યોગ્યતા, લાયકાત વધતી રહી છે; કેમકે મહાવીર પ્રભુથી જુદા જુદા જીવો પર થતા ઉપકાર, ને ગામેગામ ને શહેરે-શહેર થતી ધર્મ-પ્રભાવના અને શાસન-પ્રભાવના જોઈ જોઈ ગૌતમ મહારાજનું હૈયું વિશેષ વિશેષ ઊછળતું હતું, "અહાહાહા ! મારા તારણહાર નાથનો વિશ્વ પર આ કેટલો બધો અઢળક ઉપકાર !" પ્રભુ પર આ વધતો જતો આદર-સદ્ભાવ એમની લાયકાત

વધારી રહ્યો હતો. એ જ એમના પર પ્રભુની કૃપા વધી રહી હતી.

**હવે લાયકાત વધવાનું બીજું કારણ :** ગૌતમ મહારાજ વાતવાતમાં પ્રભુને આગળ કરી રહ્યા હતા. મજા જુઓ, પોતે મોટી દ્વાદશાંગીના રચયિતા હતા. એટલે જે સામાન્ય પ્રશ્નોના ઉત્તર તો પોતે સારી રીતે જાણતા જ હતા. એટલે શિષ્યોને અને બીજાઓને પોતે સારી રીતે સમજાવી શકતે, છતાં પોતે એવો પ્રયત્ન ન કરતાં ગુરુ પ્રભુના મુખે ઉત્તરો દેવાય, એ માટે પ્રભુને વારંવાર 'હે ભગવંત !' 'હે ભગવંત !' એમ કહી પ્રશ્નો પૂછતા. આમાં આશય એક જ કે મારા ગુરુનો લોકોમાં પ્રભાવ વધે. આમાં પોતાની જાતને બદલે ગુરુને આગળ કર્યા કરતા એ જ એમની લાયકાત વધતી ચાલી.

સારરૂપે આમાં બે વાત આવી,

(૧) પહેલી વાત આ, કે રોજ ને રોજ ગુરુથી થતી નવનવી ધર્મ-પ્રસારકતા અને ધર્મપ્રભાવકતા એ તથા ગુરુની વધતી કીર્તિ-પ્રતિષ્ઠાએ ગૌતમ મહારાજનો હરખ વધતો રહ્યો. એમાં એમની યોગ્યતા વધતી રહી.

(૨) બીજી વાત આ, કે "હું મારો પ્રભાવ શાને વધારું ? પ્રભાવ મારા ગુરુનો વધારું. રોજ ને રોજ સભામાં ગુરુ પાસેથી પ્રશ્નોના ઉત્તર કઢાવી લોકોમાં મારા ગુરુનો પ્રભાવ-પ્રતિષ્ઠા વધારું. આવી રીતે ગુરુના પ્રભાવ-પ્રતિષ્ઠા વધારવાના મારા અહોભાગ્ય ક્યાંથી ?" આમ ગૌતમ મહારાજ પોતાની લાયકાત વધારતા રહ્યા.

શેઠની સમજમાં પેલા નોકરની યોગ્યતા વર્તાતી એ જ શેઠની તુષ્ટમાનતા. એમ અહીં મહાવીર પ્રભુના જ્ઞાનમાં ગૌતમ મહારાજની યોગ્યતા વર્તાતી એ જ પ્રભુની તુષ્ટમાનતા. હવે એમ નહિ પૂછતા કે,

**પ્રશ્ન :** પણ એમાં તો યોગ્યતા સર્જવાની અને વધારવાની મહેનત તો ગૌતમ મહારાજે પોતે કરી ને ? એમાં ભગવાને શું કર્યું ? ભગવાનની આવી તુષ્ટમાનતામાં તો ગૌતમ કારણ બન્યા, ભગવાન ક્યાં કારણ બન્યા ?

**ઉત્તર :** ભગવાન કારણ એ રીતે બન્યા, કે પૂર્વે કહેલ બધામાં મૂળ તો ભગવાન જ કારણ છે; કેમકે ગૌતમ મહારાજને એવી ગુરુ-સેવામાં મૂળ આલંબન ભગવાન મળ્યા હતા તો જ એ બધી સેવા કરી શક્યા; મૂળમાં જ જો એવા અનંત ગુણસંપન્ન મહાવીર ભગવાન ન મળ્યા હોત તો ક્યાં આ બધું થવાનું હતું ? એટલે જ જેમ પ્રભુની સેવામાં, એમ પ્રભુની પૂર્વે કહેલી તુષ્ટમાનતામાં મૂળ કારણ પહેલા નંબરે કારણ ભગવાન જ છે. ગૌતમ મહારાજનો ઉદ્યમ તો બીજા નંબરે કારણ છે. આનું કારણ સ્પષ્ટ છે કે મૂળમાં જો આલંબન તરીકે આવા વીતરાગ સર્વજ્ઞ ભગવાન જ ન મળ્યા હોત, તો બીજા સરાગીના આલંબને એવો પુરુષાર્થ જ ક્યાં થવાનો

હતો ? કદાચ થયો હોત તોય ફળમાં હિંગોડા !

પુનરુક્તિનો દોષ વહોરીને આ વાત ફરી ફરી એટલા માટે જણાવવી પડે છે કે આપણી જાતના પુરુષાર્થના હુંપદમાં આપણે વીતરાગ અરિહંત પરમાત્માનો અનન્ય ઉપકાર ભૂલી જઈએ છીએ, અને કોઈક જરાક મોટું સુકૃત કર્યું તો જાતને માન ખટાવીએ છીએ ! 'મેં બે લાખનું દાન કર્યું, મેં સંઘ કાઢ્યો, મેં મંદિર બંધાવ્યું, મેં ઉપાશ્રય ઊભો કર્યો' **આ વાસ્તવમાં ભગવાનને જશ આપવાને બદલે જાતને જશ આપવાનું કરાય છે, એ સનેપાતનો ચાળો છે.** જો મૂળ પહેલા કારણ તરીકે ભગવાનનો જ ઉપકાર યાદ હોય, તો એમ કહીએ કે, 'જો ભગવાન જ ન મળ્યા હોત તો મારી શી ગુંજાયશ કે હું આવા સમ્યગ્દાન દઈ શકું ? કે આવા સંઘયાત્રા, મંદિર-નિર્માણ, ઉપાશ્રય-નિર્માણ.... વગેરે સુકૃત કરી શકત ?

બસ, રોજ સવારે ઊઠીને વારે વારે ને વાતે વાતે ભગવાનના પરમ ઉપકાર માન્યા કરો; અંતરમાં એની ભારે કૃતજ્ઞતા અનુભવો. વાતે વાતે ભગવાનને ધન્યવાદ આપ્યા કરો અને કૃતજ્ઞતા અદા કરવા શક્ય એટલા તન-મન-ધન અને વચનનો ભોગ આપો. ભોગ આપવામાં તૂટી મરો; તન-મન-ધન-વચનનો ભારે ભોગ આપતા ચાલો. એમ કરીને ય જાતને જશ ન આપતા, પણ ભગવાનને જશ આપજો, ને અપાવજો.

**સારાંશ:**

**બધે ભગવાનને આગળ કરો, બધેય જાતનું હુંપદ તોડી નાખો.** ભલે આપણે જાતે પુરુષાર્થ કરીને દાનાદિ ધર્મ કર્યો, પરંતુ ત્યાં 'આ કાંઈ મારી શક્તિથી નથી થયું, પરંતુ ભગવાનની કૃપાથી થયું છે. ભગવાને જ આ મારી પાસે કરાવ્યું છે. જેમકે સારો મુનીમ શેઠની વતી દાન કરતો હોય, ત્યાં એને કોઈ કહે, 'ઓહો ! ભાઈ તમે સારું દાન કરો છો,' તો એ ઝટ કહેશે, 'ના ભાઈ ! ના, આ દાન હું નથી કરતો, આ તો મારા શેઠ મારી પાસે દાન દેવડાવે છે.' એમ અહીં 'ધર્મ-પુરુષાર્થ હું નથી કરતો, આ તો દયાળુ પ્રભુ મારી પાસે આ પુરુષાર્થ કરાવે છે;' એ આપણે કહીએ.

હવે ત્યાં જો ભગવાનને ભૂલી મનને એમ થાય કે 'આ સુકૃતો હું કરું છું', તો એ દુર્બુદ્ધિ થઈ. આવી દુર્બુદ્ધિ કરાવનાર પાપાનુબંધો છે.

**દુર્બુદ્ધિ અનેક પ્રકારની હોય છે, જેમકે કામ-ક્રોધ-લોભાદિ કષાયોની, રૂપ-રસ આદિ વિષયોના રાગની, ધર્મ-અશ્રદ્ધાની.... વગેરે વગેરે બુદ્ધિ એ દુર્બુદ્ધિ છે.**

**એમ સુકૃતમાં ભગવાનને આગળ કરવાનું ભૂલી જાતને આગળ કરવાની હુંપદની બુદ્ધિ પણ એક દુર્બુદ્ધિ છે.**

**દુર્બુદ્ધિ કરાવનાર અશુભ અનુબંધ છે. વાતવાતમાં ભગવાનને આગળ કરવાથી ભગવાનને બધે જ મુખ્યતા આપવાથી હુંપદની દુર્બુદ્ધિ કરાવનાર અશુભ અનુબંધ કપાય છે.**

**હુંપદ મૂકી દેવાથી આપણી લાયકાત વધે છે.**

**પ્રશ્ન :** શું ભગવાન આપણી લાયકાત વધારી આપે છે ?

**ઉત્તર :** હા. ભગવાન શાસન આપે છે, આરાધનાના માર્ગો બતાવે છે અને વિશેષ તો ભગવાન આપણને આલંબન આપે છે. ત્યાં ભગવાન આપણને ઉપાદેયતાની બુદ્ધિ અને પુરુષાર્થની બુદ્ધિ કરાવી એ વધારવા દ્વારા આપણી લાયકાત વધારી આપે છે. તેમ આપણે વાતવાતમાં દેવ-ગુરુને આગળ કરીએ અને શ્રદ્ધા વધારીએ તો એમાં એમના પર અટલ વિશ્વાસ વધાર્યો, તે આપણી લાયકાત વિકસાવી ગણાય. જેમકે, ચંપા શ્રાવિકાને અકબરે પૂછ્યું કે, 'બાઈ ! આટલો મોટો તપ તારાથી શી રીતે થાય છે ?' તો ચંપાએ જવાબ આપ્યો, **'દેવ-ગુરુના પ્રભાવે.'** પણ એમ ન કહ્યું કે 'મારી શક્તિથી' આપણે અરિહંત પ્રત્યે આ વિશ્વાસ અને સમર્પણ કેળવવાનું છે. તેમાં કૃતજ્ઞતા છે, વાત વાતમાં ને વારે વારે તે કૃતજ્ઞતા આવે તો આપણી લાયકાત વધી કહેવાય...

આ બધી 'વીતરાગ ભગવાન તૂઠે તુષ્ટમાન થાય એના પર' વિચારણા કરી. અહીં કવિ કહે છે, 'હે જગધણી ! ચંદ્રપ્રભ જિનસાહેબા ! તુમ તૂઠે સુખ થાય.' અર્થાત્ 'પ્રભુ તમે તુષ્ટમાન થાઓ તો મારે સુખ થાય.' અર્થાત્ **પ્રભુનો પ્રસાદ મળે તો સુખનો આસ્વાદ થાય.**

**પ્રભુ તૂઠે શાનું સુખ ? અર્થાત્ પ્રભુના પ્રસાદે કયા સુખનો આસ્વાદ** ? તો કે

**(૧) પહેલું સુખ નિશ્ચિન્તતાનું** કેમકે અરિહંત સર્વસુખ-સર્વકલ્યાણદાતા છે. એવા અનન્ય અને અચિંત્ય પ્રભાવી અરિહંત પ્રભુ સર્વેસર્વા તુષ્ટમાન થયા પછી કશી વાત-વસ્તુનાં ઊણપની ચિંતા જ રહેતી નથી. દા.ત., વ્યવહારમાં કોઈના પર ચક્રવર્તી સમ્રાટ સર્વેસર્વા તુષ્ટમાન થયા પછી એને કશી વાતની ચિંતા રહેતી નથી, ધાર્યું ઈચ્છ્યું બધું પાર પડે છે. આમાં પછી નિશ્ચિન્તતાનું મોટું સુખ.

**(૨) બીજું સુખ નિર્ભયતાનું.** સમર્થ મહાસમર્થ અરિહંત પ્રભુ તુષ્ટમાન થયા એટલે પછી કશો ભય રાખવાનો રહે નહિ કે, 'હું નિર્ધન થઈ જઈશ તો ? હું બિમાર પડી જઈશ તો ? હું ક્યાંક ફસાઈ જઈશ તો ? આફત આવશે તો ?... ના, આવો કશો ભય રહે નહિ. અરે ! 'હું દુર્ગતિમાં પટકાઈ પડીશ તો ?' આ પણ ભય રાખવાનો રહે નહિ. આ નિર્ભયતાનું સુખ.

**(૩) ત્રીજું સુખ મહાતૃપ્તિનું.** અરિહંત ભગવાન તૂઠ્યા તુષ્ટમાન થયા, આપણા

પર સર્વેસર્વા પ્રસન્ન થઈ ગયા. એટલે તો જગતની સર્વશ્રેષ્ઠ વિભૂતિ આપણને અનુકૂળ થઈ ગઈ. પછી બીજી કઈ વસ્તુની અનુકૂળતા કરવાની ઊભી રહે છે ? આ જગતમાં વીતરાગ ભગવાનથી ચડિયાતી તો શું પણ એમની હરોળની કોઈ વસ્તુ જ નથી અને આપણને એવા તુષ્ટ પ્રસન્ન વીતરાગ મળી ગયા છે પછી બીજા કશાની ય ઝંખના જ શાની રહે ? જેને કોહીનૂર હીરો મળી ગયો હોય, એને હવે કાચના ટૂકડાની કે ચાર ફાટલા ચીંથરાની ઝંખના શાની રહે ? એ તો જનમ પૂરતો તૃપ્ત થઈ ગયો. એમ આપણને તુષ્ટ પ્રસન્ન વીતરાગ પ્રભુ મળી ગયા એટલે આપણે તો એવા તૃપ્ત થઈ ગયા કે જગતની કશી ચીજની ઝંખના જ ન રહે. આમ પ્રભુ તૂઠે નિત્ય-તૃપ્તતાનું સુખ થાય.

**(૪) ચોથું સુખ જિનવાણીના મસ્ત પાનનું :**

પ્રભુ તુષ્ટમાન થાય એટલે ભગવાનની અનંત કલ્યાણકર વાણીનું અમૃત પીવા મળે અને એના પાનનું સુખ અપરંપાર હોય. સમરાદિત્ય કેવળીનો જીવ પહેલા ભવમાં ગુણસેન રાજા; એમના પર વૈરી અગ્નિશર્માએ દેવ થઈને વૈરથી અગ્નિ જળતી રેતી વરસાવી ત્યારે એમણે આ યાદ કર્યું,

'અણોરપારંમિ સંસારે લદ્ધં મએ અઈદુલ્લહં અમિયમયં જિણવયણં'- અર્થાત્ 'અહો ! અપાર એવા સંસારમાં મને અતિદુર્લભ અમૃતમય જિનવચન મળ્યા !' પછી વિચાર્યું 'તો એ અતિદુર્લભ જિનવચન પામીને હું સફળ કરું !' શી રીતે સફળ થતા હશે ? કહો, એ વચનને અમલમાં ઉતારીને સફળ થાય. ગુણસેન રાજા એ કરી રહ્યા છે. એ જિનવચન શું છે ? તો કે

**"ખમિઅવ્વં ખમાવિઅવ્વં, ઉવસમિઅવ્વં, ઉવસમાવિઅવ્વં"**

અર્થાત્ 'આપણે બીજાને ક્ષમા આપવી અને બીજાની ક્ષમા માગવી. આપણે ઉપશાંત થવું અને બીજાને ઉપશાંત કરવા.' આમાં ક્યાંય ક્રોધ કરવાની કે ઉકળાટ કરવાની વાત નથી, એટલે ગુણસેન રાજા આ જિનવચનને અમલી કરવા નક્કી કરે છે કે મારે રેતી વરસાવનાર પર ક્રોધ, દ્વેષ, ધમધમાટ કશું નહિ કરવાનો. વળી આ જિનવચનના પાલનમાં અત્યંત આનંદ માનવાનો. આ આનંદ આ સુખ જિન તૂઠ્યા પર થાય. કેમકે જિનેશ્વર ભગવાને આ ક્ષમાનાં-ઉપશમનાં વચન આપ્યા, એ જ એમની તુષ્ટિ-પ્રસન્નતા.'જિન તૂઠે સુખ થાય', 'જિનેશ્વર ભગવંતે આ અણમોલ વચન આપ્યા એ એમની તુષ્ટિ થઈ ને મને એ મળી, તેથી સુખ થાય છે.

**(૫) પાંચમું સુખ ઉચ્ચ નિશ્રા મળ્યાનું છે.**

જીવન જીવતાં માથે જો સારાની નિશ્રા હોય, એટલે કે સારાને આશ્રિત હોઈએ, સારાને આધીનતા-આધીનપણું હોય, તો સામાન્ય સુખ નહિ પણ મહાસુખ

થાય છે. પત્નીને સારા પતિની નિશ્રા હોય, શિષ્યને સારા ગુરુની નિશ્રા હોય, પુત્રને સારા પિતાની નિશ્રા હોય, દિવાનને સારા રાજાની નિશ્રા હોય, નોકરને સારા શેઠની નિશ્રા હોય તો એ સુખરૂપ બને છે. આ નિશ્રા એટલે આધીનતા. નિશ્રાવાળો માણસ જેને નિશ્રિત-આશ્રિત હોય એને સર્વેસર્વા આધીન હોય છે. વાતવાતમાં એને પૂછે અને એ કહે તેમ જ કરે. જે વડીલની નિશ્રા માથે રાખી છે, એ વડીલની આજ્ઞા,માર્ગદર્શન, ઈચ્છા.. બધુ માથે ચડાવે.

હવે જો આપણે ભગવાનની નિશ્રા માથે રાખી, તો બધું ભગવાનની આજ્ઞા મુજબ જ કરવાનું અને એમાં ખુશ રહેવાનું. ભગવાન તૂઠે ક્યારે ? તો કે આપણે ભગવાનની નિશ્રા માથે ચડાવીએ, તો આપણે ભગવાનને સર્વેસર્વા આધીન થઈ ગયા. પછી આપણી ચિંતા બધી ભગવાનના માથે રાખી, ચિંતા આપણે નહિ કરવાની, આપણે તો એમની આજ્ઞા જ જોવાની; અને આજ્ઞામાં ચાલીએ એમાં કોઈ કષ્ટ-આપત્તિ જોવા મળી, તો આપણે તો ખુશી જ માનવાની કે મારે પ્રભુ-આજ્ઞા માથે છે, એટલે મારે કશું દુઃખ નથી. સુશીલ પત્ની પતિના કહ્યામાં રહેતી હોય, એમાં ક્યારેય કોઈ કષ્ટ આવે, તો એ મનને કશું દુઃખ માનતી નથી. સીતા રામને નિશ્રિત હતી અને રામની સાથે વનવાસમાં જવાનું આવ્યું. તો જરાય એના મનને કચવાટ ન થયો. એ આનંદથી વનમાં સાથે ગઈ ને પતિની નિશ્રામાં એ મહાઆનંદ માનતી. એમ આપણે પ્રભુની નિશ્રામાં કદાચ કષ્ટ આવે, આફત આવે, તો ય આપણને મહાઆનંદ થાય; કચવાટ ન થાય માટે પ્રભુને કહીએ છીએ, 'તુમ તૂઠે સુખ થાય.'

'તુમ તૂઠે સુખ થાય' એમાં 'સુખ' શબ્દના આવા તો બીજા કેટલાય ભાવ નીકળે; પણ એ બધા સુખના મૂળમાં, કવિ કહે છે, 'અરિહંત ભગવાન ચંદ્રપ્રભ સ્વામીની તુષ્ટમાનતા કારણભૂત છે.'

**સારું કલ્પિત પણ માનવામાં લાભ :**

'વીતરાગ ભગવાન તુષ્ટમાન થાય કે નહિ ?' એ સવાલ બાજુએ રાખી, આપણે જો આપણા મનમાં માનીએ કે ''અહો ! અહો ! પ્રભુની મારા પર કેટલી બધી મહેરબાની છે ! કેટલી બધી કૃપા છે ! પ્રભુ મારા પર કેટલા બધા તુષ્ટ થયા છે કે મને સારું સારું મળ્યા જ કરે છે ! નહિતર એ મેળવવાની મારી શી લાયકાત હતી ? કેમકે હું રાગ-દ્વેષ, કામ-ક્રોધ-લોભ, ઈર્ષ્યા-અભિમાન... વગેરે કેટકેટલા દોષોથી ભરેલો છું ! બિન-લાયકને કુદરત શાની બધી અનુકૂળતા કરી આપે ? પરંતુ હકીકતમાં મારે પાર વિનાની અનુકૂળતાઓ છે, એ મારા પ્રભુની દયાથી જ છે.

પ્રભુ ! તમારી તુષ્ટમાનતાથી જ મારે બધું સારું સારું બની આવ્યું છે, ને હજી પણ સારું સારું બનતું આવે છે. નાથ ! આપની કેટલી બધી અપાર કરુણા !" આમ જો આપણે ભગવાનમાં કરુણાનો આરોપ કરીએ તો નુકસાન શું ? અને નુકસાન નહિ, પણ આપણને મહાલાભ એ થાય કે- (૧) આપણે જડ જગતને આધીન થવાને બદલે, ને (૨) જગતના આશ્રિત ઓશિયાળા બનવાને બદલે પ્રભુને સર્વેસર્વા આધીન-આશ્રિત-ઓશિયાળા થઈ જઈએ.

**રામાયણ કલ્પિત હોય તો ય...**

કેટલાક લોકો આજે રામાયણને કલ્પિત કહે છે. એને આપણે કહીએ કે માનો કે, રામાયણ કલ્પિત હશે, પરંતુ લોકોએ એને સત્ય કહીકત માની લીધી, રામાયણના સત્ પાત્રોને ખરેખર વાસ્તવિક થયેલા માની લીધા અને એમના આચરણને એને ગુણોને ખરેખર બનેલી હકીકત માની લીધી, ને પોતાના જીવનમાં ઉતારવા પ્રયત્ન કર્યાં, તો લોકોને શું નુકસાન થયું ? કહો, નુકસાન કશું નહિ. ઊલટું જીવન સુધારવાના મહાન લાભો થયા ત્યારે તમે 'રામાયણ કલ્પિત કલ્પિત' એમ પોકાર્યા કરો એમાં તમને અને જનતાને લાભ શો કરો છો ? ઊલટું તમારા વચનથી જનતામાં કોઈક મુગ્ધ જીવોને બુદ્ધિભેદ અને શ્રદ્ધાભેદ થાય છે કે, 'હાય ! ત્યારે જો રામાયણનું આવું કશું બનેલું નહિ, તો મૂકો એને માનવાનું,' એ કરી એમાંથી પ્રેરણા લેતા અટકી જાય, એટલે લોક બોધા ને બોધા જેવા રહે.

માનો કે રામાયણ કલ્પિત હોવાની વાત સાચી પણ હોય, તો પણ સાચું બધું જ બોલવા લાયક નથી હોતું. દા.ત., પત્ની જાણતી હોય કે મારો પતિ સદાચારી નથી, છતાં શું પોતાના બાળકને એમ એ કહેશે ખરી કે 'લોકો ભલે તારા બાપને સદાચારી કહે, પરંતુ તારા બાપ ખરેખર સદાચારી નથી ?, અને પુત્રને જો એવું કહે, તો શું પોતાને લાભ થાય ખરો ? કે એથી ઊલટું, પુત્રને એમ કહે, 'જો તારા બાપા મહાન પુરુષ છે, સદાચારી છે, એમને તું દેવ જેવા માનીશ અને એમનો ખૂબ ખૂબ વિનય કરીશ. એમની બધી આજ્ઞા માનીશ, તો તું સુખી થઈ જઈશ' જો પુત્રને માતા આવું કહે એ વાજબી ? ને એનાથી પુત્રને લાભ થાય ? કે બાપની સાચી ઓળખ કરાવવાથી લાભ થાય ?

**વાસ્તવમાં સાચું તે છે કે જે બોલવું પોતાને અને પરને આત્મિક લાભમાં ઊતરે.**

એટલે જ 'અરિહંત ભગવાન મારા પર અપરંપાર મહેર કરે છે, કરુણા કરે

છે. એમની દયાથી જ ઠેઠ નિગોદમાંથી નીકળી હું આટલે ઊંચે સુધી આવ્યો છું,'- એમ માનવું-બોલવું એમાં કશું નુકસાન નથી; બલ્કે એથી પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા દાખવવા માટે મોટા ભોગ આપીને પ્રભુભક્તિ કરવાનો ઉત્સાહ બન્યો રહે છે. એથી તન-મન-ધનથી ભારે ભોગ આપીને અરિહંત ભગવાનની ભક્તિ કરતા રહેવાશે. એ જોઈને સંતાનોને અને બીજાને પણ સાચી અરિહંત-ભક્તિ કરવાની પ્રેરણા મળશે.

આમાં શું ખોટું છે કે આપણે માનીએ અને બોલીએ કે, 'વીતરાગ પ્રભુ તુષ્ટમાન થાય છે ?' અને માનવા-બોલવા ઉપરાંત પ્રભુ પ્રત્યે કૃતજ્ઞતા આદરીએ, બીજાઓને અરિહંત ભક્તિમાં જોડીએ...આમાં ખોટું શું થયું ? કશું જ નહિ. એટલે પ્રભુને કવિ કહે છે, 'તુમ તૂઠે સુખ થાય.'

પ્રભુ ! તમે મારા પર તુષ્ટમાન થાઓ છો મારા પર પ્રસન્ન થાઓ છો, મારા પર દયા કરો છો, એટલે મારે કેઈ પ્રકારના સુખ થાય છે,... યાવત્ ચરમ અનંત સુખ થાય છે.

આ કહેનાર ઉપાધ્યાય યશોવિજયજી મહારાજ મહાન નૈયાયિક તાર્કિક ભેજાવાળા હતા, એ ન ભૂલશો. પૂર્વાચાર્ય 'ઉપમિતિ' શાસ્ત્રકાર સિદ્ધર્ષિ ગણી મહારાજ અરિહંત પ્રભુની અપરંપાર કરુણા કહે છે.

ખુદ ગણધર ભગવાન કહે છે,

**'ચઉવીસંપિ જિણવરા તિત્થયરા મે પસીયંતુ'** તીર્થંકર ચોવીસ જિનવર પણ મારા પર પ્રસન્ન થાઓ. અલબત આ પ્રસન્નતા દુનિયાના રાગી દ્વેષી માણસના જેવી પ્રસન્નતા નથી, કિંતુ તાત્ત્વિક પ્રસન્નતા છે એટલે આપણે 'પ્રભુની પ્રસન્નતા-દયા તો કલ્પિત છે' એમ માનવાનું નથી, પરંતુ સાચી દયા માની પ્રભુને પ્રાર્થના કરતા જ રહેવાનું કે, 'પ્રભુ મારા પર દયા કરો, કૃપા કરો, જેથી મારો ઉદ્ધાર થાય.'

'પ્રભુ દયા કરે છે કે નહિ' એ ચર્ચા બાજુએ મૂકી, એ વિચારો કે જે એમ માને છે કે 'પ્રભુ દયા કરે જ છે,' અને એમ માની પ્રભુને વારંવાર યાચે છે કે,'પ્રભુ મારા પર દયા કરો,' એનું પોતાનું દિલ પ્રભુ પ્રત્યે કેવુંક થાય છે ? પ્રભુના સામે અભિમાનવાળું ? કે નમ્રતાવાળું અને સાચું શરણ સ્વીકારનારું ?

પ્રભુ પ્રત્યેની આ નમ્રતા અને પ્રભુનાં શરણનો સ્વીકાર પંચસૂત્રકારે કહ્યો છે. એ એમણે મૂકેલી પ્રાર્થનામાં જોઈ શકાય છે. એમણે કહ્યું છે,

**''મૂઢે અમ્હિ પાવે, અણાઈ મોહવાસિએ,**
**અણભિન્ને ભાવઓ; અભિન્નેસિઆ.**

અર્થાત્ પ્રભું હું પાપી છું. અનાદિ મોહથી વાસિત છું, મોહથી ભાવિત છું,

(વિચારો આવે છે તે મોહથી ખરડાયેલા આવે છે તેથી) ભાવથી યાને પરમાર્થથી વસ્તુ સ્થિતિએ અનભિજ્ઞ છું, અબુઝ છું, (પ્રભુ ! આપને પ્રાર્થના કરું છું કે આપની દયાથી) હું અભિજ્ઞ થાઉં સજ્ઞાન થાઉં" આમાં ભગવાનને પોતાની પાપિતા, અધમ મોહવાસિતતા અને અબુઝતા કહીને પોતની નમ્રતા દર્શાવી. ક્યાં પ્રભુ તમે પરમ પવિત્ર ? વીતરાગ ? અને અનંત જ્ઞાની ? અને ક્યાં હું પાપી મોહભર્યો ? અને સરાસર અજ્ઞાન અબુઝ ? ભોટ અને બુડથલ ? આપની આગળ ઊભવા લાયક નથી એટલો હું હલકો છું, નીચો છું. પ્રભુને આપણો આ ભાવ દેખાડીને શું કરી રહ્યા છીએ ?

(૧) સો ટચના અત્યંત શુદ્ધ સોના સામે સાવ અશુદ્ધને તદ્દન મલિન કથિર જેવું લોઢું શી રીતે રોફ મારી શકે ? એમ.

(૨) સાવ મોહઘેલી રમત કરનારો બાળક દા.ત., લોકના પેસાબવાળો રેતીનો ઢગલો વરસાદથી ભીનો થયો હોય એમાં ઘર બનાવી રમત રમનારો બાળક એ મોટા વિવેકી અને જિનમંદિર ધર્મશાળા આદિ સમ્યગ્જ્ઞાન પ્રેરિત સુંદર ધર્મસ્થાનો ઊભા કરનાર પ્રૌઢ પુરુષની સામે શો રોફ મારી શકે ? કે મેં તમારા કરતાં બહુ સારું બનાવ્યું ? એમ-

(૩) એકડે એક ઘુંટનાર બાળક મહાપંડિત કે પ્રોફેસર સામે શો રોફ મારી શકે ?

**સારાંશ:** આ ત્રણ જાતના દાખલામાં બાળક નમ્રતા જ રાખી શકે, એમ અહીં ત્રણ જાતની અધમ કક્ષાઓ, સરાસર પાપલિપ્તતા, મોહવાસિતતા અને અબુઝતાવાળો આપણો જીવ અત્યંત પાપવિનિર્મુક્ત શુદ્ધતા, જ્ઞાન યોગ પ્રવર્તકતા અને અનંતજ્ઞાન સંપન્નતાવાળા ભગવાનની અપેક્ષાએ અધમકક્ષામાં રહેનારા હોવાથી પ્રભુ આગળ નમ્રતા કેમ ન રાખી શકીએ ?

'પ્રભુની આપણા પર કરુણા વરસે જ છે,' એમ માનવામાં પ્રભુ કરુણા ખરેખર કરનાર હોય કે કલ્પિત કરુણા, પરંતુ આ કરુણાની માન્યતા આપણા દિલને પ્રભુ પ્રત્યે નમ્ર બનાવે છે, એમ પ્રભુનું શરણ પકડાવે છે. પૂછે,

**પ્રશ્ન :** પ્રભુની દયા માની એમાં પ્રભુનું શરણ પકડ્યું શી રીતે કહેવાય ?

**ઉત્તર :-** પ્રભુની દયા માનવામાં જે કાંઈ સારું પ્રાપ્ત થયું એ પ્રભુની દયાથી પ્રાપ્ત થયું એવું હૃદયથી માનવામાં હૃદયને એ નિર્ણય થાય છે કે, "મારે કાંઈક ઈષ્ટ જોઈતું હોય તો પ્રભુની દયાથી જ ઈષ્ટ મળવાનું, એમ કાંઈક અનિષ્ટ ટાળવું હોય તો પ્રભુની દયાથી જ અનિષ્ટ ટળવાનું; એ ચોક્કસ વાત છે. તેથી ઈષ્ટ-અનિષ્ટ બન્ને પ્રસંગમાં મારે તો પ્રભુનું શરણ છે."

આમ સારું મળવામાં કે નરસું ટળવામાં પ્રભુની દયા પ્રભુનો ઉપકાર

માનનારને શી ખોટ આવી ? શું નુકસાન થયું ? પૂછો,

**પ્રશ્ન :** પ્રભુની દયા પર જીવે, દયા પર આધાર રાખે, એ પછી પુરુષાર્થહીન એદી ન બની જાય ?

**ઉત્તર :** તો પછી એના પર તો આ પ્રશ્ન થાય છે કે જો પ્રભુની દયા ન માને, પ્રભુનો ઉપકાર ન માને તો શું એ નિમકહરામ ન થઈ જાય ? નગુણો ન થઈ જાય ? ઉપકારીનો ઉપકાર ન માને એ નગુણો કહેવાય. આજના કેટલાક છોકરા આવા થઈ ગયા છે ને ? માતા પિતાનો ઉપકાર માનવા તૈયાર નથી, એમ પ્રભુનો ઉપકાર ન માને એ પણ શું નગુણા ન કહેવાય ? બાકી પ્રભુનો ઉપકાર માનનારા પુરુષાર્થહીન નથી હોતા, પરંતુ પુરુષાર્થી જ હોય છે; અલબત ઘરાક સાથે જૂઠ-અનીતિ-વિશ્વાસઘાત વગેરે પાપોના પુરુષાર્થ નથી કરતા; કેમકે માને છે કે, 'આપણે સીધી લાઈન પર ચાલો, પ્રભુની દયાથી જોઈતું મળી જ રહેવાનું છે. એ પ્રભુની દયા માટે આપણે તો પ્રભુની ખૂબ ભક્તિ અને પ્રાર્થના કરો કે પ્રભુ તમારા અચિંત્ય પ્રભાવે મારે ઈષ્ટફળ સિદ્ધિ થાઓ.' આમ આમ પ્રભુની સારી ભક્તિપૂર્વક પ્રભુ પર પાકા વિશ્વાસથી પ્રભુ પાસે ઈષ્ટ કાર્ય સિદ્ધ થવાની પ્રાર્થના કરે છે, ને એને ઈષ્ટ કાર્ય સિદ્ધ થાય છે. આમાં પુરુષાર્થહીન થવાની વાત જ ક્યાં આવી ? એમ કહો, સફળતા ન દેખાઈ, તો પાપના પુરુષાર્થ નહિ વધારે, પરંતુ પ્રભુ-ભક્તિના પુરુષાર્થ જરૂર વધારશે.

**સુદર્શન શેઠના જીવ નોકરને** શેઠે સમજાવી દીધું કે, આ 'નમો અરિહંતાણં'માં તો જનમ-મરણની ઠંડી ઉડાડી દે; કેમકે આકાશમાં ઊડી જાય એવા મોટા મહારાજ જો મંત્ર આપે તો એ સામાન્ય મંત્ર, યાને હવાની ઠંડી રોકે એટલો જ મંત્ર થોડો જ આપે ? એવા લબ્ધિધર મહાત્મા આપવા બેસે ત્યારે કોઈ મહાન સિદ્ધિ કરનાર મંત્ર આપે. એટલે આ તો દુઃખભર્યા સંસારમાં વારે વારે જનમ મરણ ન કરવા પડે એવો મંતર તને આપ્યો છે, એમ સમજી રાખજે, અને એના પર ખૂબ શ્રદ્ધા રાખી એનું રટણ કરતો રહેજે.'

બસ, શેઠની વાત એના મનમાં ઊતરી ગઈ. એણે પોતાના દિલમાં એના પદ ઉપર ભારે શ્રદ્ધા વધારી દીધી એના મનને એમ થાય થે કે, 'હાં હા પ્રભુ ! તમે મારા ઉપર કેટલી બધી દયા કરી ! અહોહો ! આવો મંત્ર મને આપી દીધો ? ત્યારે આ કેટલો બધો ઊંચો મંત્ર !'

આ પોતાના હૈયામાં ઊછળતા ભાવમાં એ કેટલા અથાગ પુણ્ય ઉપાર્જી રહ્યો છે ! એ પછીના ભવ સાથે વિચારજો. સુદર્શન શેઠના ભવમાં ઉચ્ચ કુળ, ધર્મિષ્ઠ માતા પિતા, જનમથી મહાસંપત્તિ, દેવ-ગુરુનો યોગ... વગેરે તો ઉચ્ચ સામગ્રી

મળી જ; ઉપરાંતમાં મનનું સત્ત્વ કેટલું બધું જોરદાર મળ્યું છે ? આ બધું ઊંચી કોટિના પુણ્ય વિના થોડું જ મળે ? એમ 'નમો અરિહંતાણં' પદ ઉપરની અથાગ અપરંપાર શ્રદ્ધા અને રટણાએ અંતરાત્મામાં શુભ અનુબંધ શુભ સંસ્કાર કેટલા બધા નાખ્યા ! અને તે પણ કેવા જોરદાર નાખ્યા હશે ! કે સુદર્શન શેઠના ભવમાં એ કેટલીય ઊંચી સુંદર શ્રાવક ધર્મની સાધના કરે છે ! એમાં એ પર્વ-તિથિએ પૌષધ-ઉપવાસ કરી નગરની બહાર શૂન્ય ઘરમાં પ્રતિમા કાયોત્સર્ગ ધ્યાને રહે છે ! જેમાં અભયા રાણીનો ઉપદ્રવ આવે છે,... યાવત્ શૂળિએ ચડવાનું આવે છે ! છતાં લેશ પણ બ્રહ્મવ્રત, અહિંસાવ્રત અને પ્રતિમાવ્રતથી ચલાયમાન થતા નથી.

આ બધો કોનો પ્રતાપ ?

કહો, પૂર્વે પોતાના દિલમાં ધરેલી 'નમો અરિહંતાણં' પદ પરથી અથાગ શ્રદ્ધા અને રટણાનો તથા એ ભવમાં પાણીના પૂરમાં લાકડાના ખૂંટામાં પરોવાઈ જવાનું આવ્યું તો પણ સત્ત્વ અખંડ રાખી 'નમો અરિહંતાણં'ની રટણા ચાલુ રાખવાનો પ્રતાપ.

વાત આ છે, 'વીતરાગ પ્રભુ કરુણા કરે છે કે નહિ' એ ચર્ચા બાજુએ રાખી. આપણા દિલમાં પ્રભુની કરુણા પર ભારે ઈતબાર, ભારે શ્રદ્ધા અને ભારે બહુમાન રાખી ઈષ્ટ-પ્રાપ્તિમાં અને અનિષ્ટ-નિવારણમાં ભગવાનની દયા કારણભૂત માની ભગવાન પ્રત્યે આભાર માનવાનું, કૃતજ્ઞતા વ્યક્ત કરવાનું કરતા રહો, "પ્રભુ તમારી બહુ દયા ! તમારો કેટલો બધો ઉપકાર ! કે મારે આ મનગમતું બની આવ્યું; મારે અણગમતું અનિષ્ટ ટળ્યું. તમારો પ્રભુ ! ખૂબ ખૂબ આભાર માનું છું !" આમ હૈયે પ્રભુની દયા વસાવી પ્રભુનો આભાર માન્યા કરીએ એમાં આપણું જાય શું ? શું બગડે ? મહાન આત્માઓ જ્યારે એથી જ ઊંચે આવ્યા છે, તો આપણે અથાગ અપરંપાર પ્રભુ-દયા પર જોરદાર શ્રદ્ધા કરી પ્રભુનો વારંવાર કેમ આભાર ન માનીએ ? ને એમ આપણે પણ કેમ ન ઊંચા આવીએ ?

'વીતરાગ દયા નથી કરતા એવું તર્કથી સિદ્ધ થાય છે,' આવું દોઢ ડહાપણ કરવાથી અને દિલમાં પ્રભુની દયા પર શ્રદ્ધા ન ધરવાથી આપણે કયું મોટું કલ્યાણ પામી જવાના ?

**દેવપાલ એક ઢોર ચોરનારો નોકર** જેને જંગલમાં ઋષભદેવ ભગવાનની પ્રતિમા મળી. તે એની જોરદાર ઉપાસનામાં લાગી ગયો તો એ જ ભવમાં એ જ નગરનો રાજા થઈ ગયો ! અને એને રાજાની કન્યા પરણવા મળી ! ખુબી કેવી થઈ કે આ રાજા-રાણી એક વાર નગર બહાર વનમાં ગયા છે. ત્યાં એક ભીલ-ભરવાડ જેવા માણસને જોઈ રાણીને જાતિસ્મરણ (પૂર્વ ભવનું) જ્ઞાન થાય છે અને

એ માણસને પૂર્વ ભવમાં પોતાના પતિ તરીકે જુએ છે પછી એને કહે છે,

'મહાનુભાવ ! આ તું શું કરે છે ? તું વીતરાગ પ્રભુના ધર્મની આરાધના કર, એ પ્રભુની ખૂબ ખૂબ પૂજા ભક્તિ કર.'

ત્યારે પેલો કહે, 'હું એવું કશું માનતો નથી.' ત્યારે રાણી કહે 'ભલા આદમી ! એ તો જો કે હું તારી પૂર્વ ભવે પત્ની હતી. આપણને નદીના વહેણમાંથી ભગવાનની પ્રતિમા મળી. મારા દિલમાં ભગવાન પ્રત્યે ખૂબ ભક્તિ બહુમાન ઊછળ્યું. મેં તને પ્રભુ-ભક્તિ કરવા સૂચવ્યું; પણ તેં તો ઊંધા લવારા જ કર્યા કે, "હું આને કાંઈ ભગવાન માનતો નથી, આ તો પત્થર છે, આને પૂજવાથી શું થાય ?"

મેં તને ખૂબ સમજાવ્યો કે, "આવું ઊંધુ ન બોલાય, પાપ લાગે. આ તો મોટા ભગવાન છે એમની દયાથી આપણે જીવી શકીએ છીએ એમની ખૂબ ભક્તિ કરીએ તો આપણે આ પ્રભુની દયાથી સારી ગતિ અને ખૂબ સુખ પાણીએ."

આ તેં માન્યું નહિ એટલે હજી ભટકતો છે, ને મેં ભગવાનની ખૂબ ભક્તિ કરી, તો પ્રભુની દયાથી હું આ રાજાની પટ્ટરાણી થઈ છું, ને તું હજી આ દુર્દશામાં છે. માટે હવે ભગવાનની ભક્તિમાં લાગ."

રાણીએ ઘણુંય સમજાવ્યો પણ પેલો ભારે કર્મી હતો, ન માન્યો તે ન જ માન્યો. એ 'મૂર્તિ તો પત્થર છે એને ભગવાન માનવાથી અને પૂજવાથી શું વળે ?' એવું માનતો રહ્યો તો શું પામ્યો ? એના આત્માનો શો ઉદ્ધાર થયો ? મૂર્તિ હકીકતમાં ખરેખર ભગવાન નથી એવો સિદ્ધાન્ત બાંધી બેસે એ શું ખાટી જાય ? ત્યારે આની ભાંજગડમાં પડ્યા વિના એનો વિચાર કર્યા વિના મનમાં ખરેખર માની લીધું કે, 'મારે તો આ સાચેસાચ ભગવાન જ છે' અને પછી એમની પૂજાભક્તિ વંદન ગુણગાન વગેરે કર્યે જાય, તો એથી મોટો લાભ એક આ છે, કે ભગવાન હાજરાહજુર દેખવાથી ભગવાનનો વિનય કરવાનો મહાન લાભ મળે છે. એક સામાન્ય સાધુનો વિનય પણ જો મહાન લાભ આપે છે, તો પરમગુરુ પ્રત્યે આપણા દિલમાં વિનયભાવ આવે, એ કેટલો બધો મોટો લાભ આપે ? તો વિચારો લાભ શેમાં ? 'મૂર્તિને અરિહંત માની એ અરિહંતનો વિનય ધર્મ કમાવવામાં લાભ ? કે મૂર્તિ તો જડ પત્થર છે, એ કાંઈ અરિહંત નથી' એ સિદ્ધાન્ત સ્થાપવામાં લાભ ? આવો જ પ્રશ્ન અહીં ઊભો થાય છે કે, 'વીતરાગ ભગવાન કૃપા-દયા કરે નહિ એ સિદ્ધાન્ત સ્થાપવામાં લાભ ?' કે ભગવાન દયા કરે જ છે યાની આપણા દિલમાં ભગવાનની દયા પ્રત્યે કૃતજ્ઞભાવ અને નમ્રતા-નિરભિમાનિતા કેળવવામાં લાભ ? સ્પષ્ટ છે કે, **આપણા દિલમાં ઉત્તમ પ્રશસ્ત ભાવ પેદા થાય એમાં લાભ છે.** એટલે ભગવાન દયા કરે કે નહિ એ ચર્ચવાના લાભ કરતા ભગવાનની દયા પ્રસન્નતા

માની ચાલવામાં લાભ છે. લાભ કયા ? તો કે અનેક પ્રકારના સુખ મળે છે. પ્રભુની દયા થઈ તો ઠેઠ નિગોદમાંથી બહાર નીકળી અહીં સુધી ઊંચા આવ્યા, ઉપરાંત પ્રભુ મળ્યા જિનશાસન મળ્યું. આરાધનાઓ મળી અને હજી પણ આગળની આરાધનાઓ મળવાની છે. બધું પ્રભુની દયા તુષ્ટિ પ્રસન્નતા ઉપર મળ્યું તે મળવાનું એ જ માત્ર સુખ નહિ, મહાસુખ છે. એટલે કવિ કહે છે, 'તુમ તૂઠે સુખ થાય.'

**(ઇતિ શ્રી ચંદ્રપ્રભજિન સ્તવન વિવેચના)**